RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ મહા સુદ -૫    શુક્રવાર, તા.૨૩-૦૧-૨૦૨૬    અંક : ૨૧ વર્ષ : ૨૧    jamnagar@aaspassaindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# અમદાવાદની સાત જાણિતી શાળાઓને બોંબથી ઉડાવી દેવાની ધમકી

## ગુજરાતમાં શાળાઓમાં બોમ્બ મુકવાની ધમકીનો સિલસિલો યથાવત : શાળાઓને ધમકીભર્યો ઈમેઈલ મળતા પોલીસ તંત્ર દ્વારા શાળાઓ ખાલી કરાવી તપાસ હાથ ધરવામાં આવી

અમદાવાદ

અમદાવાદ શહેરની સાત જેટલી સ્કૂલને આજે વહેલી સવારે ઈમેલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. જેમાં સંત કબીર સ્કૂલની ૩ બ્રાન્ચ, બોપલમા આવેલી ડીપીએસ નવરંગપુરાની સેન્ટ ઝેવિયર્સ લોયોલા, ઘાટલોડિયાની કેલોરેક્ષ સ્કૂલ તથા વસ્ત્રાપુરની સ્કૂલને નિશાન બનાવીને આ ધમકીભર્યો ઈમેલ મોકલવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ તાત્કાલિક પોલીસ, બોમ્બ સ્ક્વોડ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમો કાર્યરત થઈ ગઈ છે.

આજે સવારે અમદાવાદની સંત કબીર સ્કૂલની ૩ બ્રાન્ચ, બોપલમા આવેલી ડીપીએસ નવરંગપુરાની સેન્ટ ઝેવિયર્સ લોયોલા,



ઘાટલોડિયાની કેલોરેક્ષ સ્કૂલ તથા વસ્ત્રાપુરની સ્કૂલ શરૂ થયાના ગણતરીના સમયમાં જ સ્કૂલ વહીવટી તંત્રને બોમ્બ અંગેનો ઈમેલ મળ્યો હતો. સ્કૂલ મેનેજમેન્ટે વિલંબ કર્યા વગર તુરંત જ પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરી હતી. ધમકી મળતા જ સાવચેતીના ભાગરૂપે બંને સ્કૂલ દ્વારા વાલીઓને મેસેજ અને ફોન દ્વારા તાત્કાલિક જાણ કરવામાં આવી હતી કે તેઓ પોતાના બાળકોને ઘરે લઈ જાય. અચાનક શાળાએથી તેડવા માટેનો મેસેજ મળતા જ વાલીઓ મોટી સંખ્યામાં સ્કૂલ પહોંચ્યા હતા.ધમકી મળ્યા બાદ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ સ્કૂલ પર પહોંચી હતી. બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની મદદથી સ્કૂલના ક્લાસરૂમ, મેદાન અને લોબીમાં તપાસ હાથ ધરવામાં આવી છે. ધમકી ભર્યા ઈમેઈલમાં પ્રજાસત્તાક પર્વમાં સ્કૂલને ઉડાવી દેવાની ધમકી આપી હોવાનું ખુલ્યું છે.

ઉલ્લેખનીય છે કે,છેલ્લા ત્રણ મહિનામાં અમદાવાદ સહિત રાજ્યના મોટા શહેરોમાં શાળાઓ ઉપરાંત કોર્ટ કચેરી,કલેક્ટર કચેરી સહિતની સરકારી બિલ્ડિંગોમાં બોમ્બ મુક્યો હોવાની ધમકી મળી છે.પોલીસ તપાસમાં ધમકી માત્ર અફવા બની રહી છે.

### નોઈડામાં પણ શાળાઓમાં બોમ્બ મુક્યા હોવાની ધમકી

નોઈડાની કેટલીક ખાનગી શાળાઓમાં ઈમેલ દ્વારા મળેલી ધમકીઓના અહેવાલોએ વ્યાપક ગભરાટ ફેલાવ્યો છે. આ ગંભીર ઘટના બાદ, સ્થાનિક પોલીસ વહીવટીતંત્રે ઉચ્ચ અધિકારીઓના નિર્દેશન હેઠળ તાત્કાલિક કાર્યવાહી કરી હતી. વિવિધ પોલીસ સ્ટેશનોના પોલીસ દળો, બોમ્બ સ્ક્વોડ, ફાયર બ્રિગેડ, ડોગ સ્ક્વોડ અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ તાત્કાલિક અસરગ્રસ્ત શાળાઓમાં મોકલવામાં આવ્યા હતા. આ ખાસ ટીમો કોઈપણ સંભવિત ધમકીઓને શોધવા અને તેને નિષ્ક્રિય કરવા માટે શાળા પરિસરની સઘન તપાસ કરી રહી છે. નોઈડાના સેક્ટર ૯૨ માં ફાધર એન્જલ સ્કૂલમાં બોમ્બ હોવાની માહિતી મળ્યા બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.ધમકાવનારા ઈમેલની ટેકનિકલ તપાસ કરવા માટે સાયબર સેલ ટીમને પણ સંપૂર્ણપણે સક્રિય કરવામાં આવી છે. ટીમ ઈમેલના સ્ત્રોતને શોધવા, મોકલનારને ઓળખવા અને તેની પાછળનો હેતુ સમજવાનો પ્રયાસ કરી રહી છે. આ ટેકનિકલ તપાસથી એ નક્કી કરવામાં મદદ મળશે કે આ ખરેખર ધમકી છે કે માત્ર અફવાઓ ફેલાવવાનો પ્રયાસ છે. પોલીસ તમામ સંભવિત ખૂણાઓની તપાસ કરી રહી છે.



નેપાળના ભક્તપુરમાં સ્વસ્થાની બ્રત કથા ઉત્સવ દરમિયાન હિન્દુ ભક્તો પ્રાર્થના કરી રહેલા જોવા મળે છે. ભગવાન માધવ નારાયણ અને દેવી સ્વસ્થાનીને સમર્પિત એક મહિના સુધી ચાલનારા આ ઉત્સવમાં ઘણા હિન્દુ ઘરોમાં તેમના દ્વારા કરવામાં આવેલા ચમત્કારિક પરાક્રમો વિશે લોકકથાઓનું પઠન કરવામાં આવે છે.

# ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં ભારે હિમવર્ષા મેદાની વિસ્તારોમાં વરસાદી માહોલ સર્જાયો

## હિમાચલ પ્રદેશના પ્રખ્યાત પર્યટન સ્થળ મનાલીમાં લાંબી રાહ જોયા બાદ સિઝનની પ્રથમ હિમવર્ષા

નવી દિલ્હી,

ઉત્તર ભારતના હવામાનમાં મોટો પલટો આવ્યો છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાને કારણે પહાડી રાજ્યોમાં ભારે હિમવર્ષા અને મેદાની વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો છે. ભારતીય હવામાન વિભાગએ આગામી ૨૪ કલાક માટે ઓરેન્જ અને યલો એલર્ટ જાહેર કર્યું છે.

હિમાચલ પ્રદેશના પ્રખ્યાત પર્યટન સ્થળ મનાલીમાં લાંબી રાહ જોયા બાદ સિઝનની પ્રથમ હિમવર્ષા થઈ છે. આજે વહેલી સવારથી જ મનાલી શહેર સફેદ ચાદરથી ઢંકાઈ ગયું હતું. શહેરમાં આશરે બે ઈંચ જેટલો બરફ નોંધાયો છે. જોકે, હાલમાં નેશનલ હાઈવે અને મુખ્ય રસ્તાઓ પર વાહનવ્યવહાર સામાન્ય છે. માત્ર મનાલી જ નહી, પણ શિમલા, કુફરી અને નારકંડામાં પણ હિમવર્ષાની પ્રબળ શક્યતા છે.

કાશ્મીર ખીણમાં સતત થઈ રહેલી ભારે હિમવર્ષાને કારણે જનજીવન પ્રભાવિત થયું છે. શ્રીનગર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઓછી વિઝિબિલિટી અને રનવે પર બરફ જામી જવાને કારણે અત્યાર સુધીમાં ૨૬ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. ઈન્ડિગો અને સ્પાઈસજેટ જેવી એરલાઈન્સે મુસાફરોને એરપોર્ટ પર આવતા પહેલા ફ્લાઈટ સ્ટેટસ ચેક કરવા વિનંતી કરી છે.

# ઝારખંડના જંગલમાં સુરક્ષાદળો સાથેની અથડામણમાં ૧૫ ઉગ્રવાદીઓ ઠાર મરાયા

## અથડામણમાં એક કરોડનો ઈનામી નકસલી અનલ દાનો પણ માર્યો ગયો

ચાઈબાસા

ઝારખંડના પશ્ચિમ સિંઘભૂમ જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ૧૫ નકસલીને ઠાર કરવામાં આવ્યા છે. જેમાં ટોચના નેતા અનલ દાનો પણ સમાવેશ થાય છે. જેના માથે એક કરોડ રૂપિયાનું ઈનામ હતું.

પોલીસના જણાવ્યા અનુસાર સીઆરપીએફની કોબ્રા યુનિટના લગભગ ૧,૫૦૦ સૈનિકો કિરીબુરુ પોલીસ સ્ટેશન વિસ્તારના સારંડા જંગલના કુમડીમાં ઓપરેશનમાં રોકાયેલા છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે અમને ૧૫ ઉગ્રવાદીઓના મૃતદેહો મળી આવ્યા છે. જેમાં તેના ટોચના નેતા પતિરામ માઝી ઉર્ફે અનલ દાનો પણ સમાવેશ થાય છે. આ દરમિયાન ભારે માત્રામાં હથિયાર અને દારૂગોળો પણ જપ્ત કરવામાં આવ્યો છે.

આજે સવારે ૬ વાગ્યે શરૂ થયેલુંબોપરેશન એન્કાઉન્ટર હજુ પણ ચાલુ છે. તેમણે જણાવ્યું કે સારંડા જંગલમાં ઉગ્રવાદીઓ વિરુદ્ધ ઓપરેશન મંગળવારથી ચાલી રહ્યું છે, પરંતુ ગોળીબાર ગુરૂવારે સવારે શરૂ થયો હતો. પોલીસ મહાનિરીક્ષક(ઓપરેશન્સ) માઈકલ રાજ એસએ જણાવ્યું કે પોલીસે સારંડા જંગલમાં અનલ દા અને તેના જૂથની હાજરીની બાતમી મળ્યા બાદ આ અભિયાન હાથ ધર્યું હતું. ગિરિડીહ જિલ્લાના પીરતાંડનો રહેવાસી અનલ દા ૧૯૮૭થી સક્રિય હતો. પોલીસ તેને વર્ષોથી શોધી રહી હતી. ઝારખંડમાં કોલ્હાન અને સારંડાને ઉગ્રવાદીઓનો છેલ્લો ગઢ માનવામાં આવે છે. સુરક્ષા દળોએ બુઢા પહાડ, ચતરા, લાતેહાર, ગુમલા, લોહરદગા, રાંચી અને પારસનાથમાં તેમની હિલચાલ પર અસરકારક રીતે કાબૂ મેળવ્યો છે.

# જામનગરમાં દિન દહાડે ઘરમાં ઘુસી વણિક યુવાનની હત્યાથી ચકચાર

## પ્રેમ પ્રકરણ કારણભૂતઃ સાળા સહિત ત્રણ વ્યક્તિઓએ છરીના ઘા ઝીંકી દીધાની લોકચર્ચા

જામનગર : જામનગરમાં પંચેશ્વર ટાવર વંડા ફળી વિસ્તારમાં વસંત પંચમી જેવા પવિત્ર તહેવારના દિવસે ધોળે દહાડે એક યુવાનની હત્યા નીપજાવાતાં ભારે ચકચાર જાગી છે. જે હત્યામાં પ્રેમ પ્રકરણ કારણભુત હોવાનું અને મૃતકના સાળા સહિત ત્રણ શખ્સોએ છરી ના ઘા જીકી દઈ હત્યા નીપજાવ્યાનો આક્ષેપ કરાયો છે. બનાવની જાણ થતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.





તસવીરઃ સુનિલ ચુડાસમા





મૃતકનો ફાઈલ ફોટો

આ બનાવની પ્રાપ્ત વિગત એવી છે કે જામનગરમાં પંચેશ્વર ટાવર નજીક વંડાફળી વિસ્તારમાં આવેલ આદિનાથ એપાર્ટમેન્ટના પાંચમા માળે રહેતા નિલય અશોકભાઈ કુંડલીયા નામના વાણિક યુવાન પર વસંત પંચમીના દિવસે સવારના અરસામાં ત્રણે જેટલા શખ્સોએ આવીને છરીના ઉપરા છાપરી ઘા ઝીકી દેતાં નિલય કુંડલીયા લોહી લુહાણ થઈને ઢળી પડ્યો હતો. આ વેળાએ ઘરમાં હાજર રહેલી તેની પત્નીએ ભારે ચિસાચીસ કરી મૂકી હતી, અને તેને બચાવવાના પ્રયત્નો કર્યા હતા. જેમાં પોતે પણ સંપૂર્ણપણે લોહીથી ખરડાઈ હતી. દેકરો થયા બાદ પાડોશીઓ એકત્ર થઈ ગયા હતા અને સૌપ્રથમ આ બનાવ અંગે ૧૦૮ ની ટીમને જાણ કરાતાં તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી, અને લોહી નીતરતી હાલતમાં વણિક યુવાનને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં લઈ જવાયો હતો, પરંતુ ત્યાં માત્ર તેનો મૃતદેહ જ પહોંચ્યો હતો, અને બનાવ હત્યામાં પલટાયો હતો. આ ઘટનાની જાણ થવાથી આસપાસના લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા, જ્યારે સીટી એ. ડિવિઝનના પી.આઈ. એન.એ. ચાવડા અને તેઓનો સમગ્ર સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો, અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો હતો. પ્રાથમિક તપાસમાં પ્રેમ પ્રકરણના કારણે આ હત્યા નીપજવાઈ હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યુંછે. મૃતક યુવાને થોડા સમય પહેલા પ્રેમ લગ્ન કરી લીધા હોવાથી પ્રેમિકાના પરિવારને પસંદ નહિ પડતાં પ્રેમિકાના ભાઈ સહિતના ૩ શખ્સો છરી લઈને ધસી આવ્યા હોવાનું અને આ હીચકારો હુમલો કરી દીધો હોવાનો આક્ષેપ કરાઈ રહ્યો છે. સમગ્ર મામલામાં પોલીસ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ ચલાવવામાં આવી રહી છે.

# વ્યક્તિગત નેતા તરીકે ટ્રમ્પ કરતા નરેન્દ મોદી અને શી જિનપિંગનું કદ વધ્યું

## વૈશ્વિક રાજકીય વિશ્લેષકોના મતે અમેરિકી પ્રમુખ કરતા ભારત અને ચીનના નેતા વૈશ્વિક મંચ પર વધુ પ્રભાવશાળી

નવી દિલ્હી

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સતત પોતાની જગત જમાદાર બનવાના પેંતરા કરી રહ્યા છે. વળી તેને 'નોબલ પુરસ્કાર'નું ભૂત વળગ્યું છે. સતત તેઓ તાકાત, ટેરિફ દ્વારા નફો મેળવવા અને યુદ્ધ અટકાવીને નોબેલ પુરસ્કાર જીતવાના દાવા કરી રહ્યા છે, પરંતુ વૈશ્વિક રાજકીય જાણકારોનું માનવું કંઈક અલગ જ છે. જાણીતા રાજકીય વિશ્લેષક ઈયન બ્રેમરના મતે, ભલે અમેરિકા દુનિયાનો સૌથી શક્તિશાળી દેશ હોય, પરંતુ વ્યક્તિગત નેતા તરીકે ડોનાલ્ડ ટ્રમ્પ કરતા ચીનના શી જિનપિંગ અને ભારતના પીએમ નરેન્દ્ર મોદી વધુ મજબૂત સ્થિતિમાં છે.

ઈયન બ્રેમરના જણાવ્યા અનુસાર, શી જિનપિંગની તાકાતનું મુખ્ય કારણ ત્યાંની વ્યવસ્થા છે. જિનપિંગે ટ્રમ્પની જેમ મિડટર્મ ઈલેક્શનનો સામનો કરવો પડતો નથી, કે ત્યાં કોઈ સ્વતંત્ર ન્યાયતંત્ર તેમને રોકી શકે તેમ નથી. વધુમાં, ટ્રમ્પ આગામી ત્રણ વર્ષમાં પદ પર નહી હોય, જ્યારે જિનપિંગ લાંબા સમય સુધી સત્તામાં રહેવાના છે. બીજી તરફ, વડાપ્રધાન મોદી વિશે વાત કરતા તેમણે કહ્યું કે, મોદીનો લાંબો





કાર્યકાળ અને તેમની નીતિઓમાં રહેલી સાતત્યતા તેમને યુરોપિયન નેતાઓ અને ટ્રમ્પ કરતા વધુ પ્રભાવી બનાવે છે. આ લાંબો કાર્યકાળ તેમને કોઈપણ દબાણનો સામનો કરવાની અને લાંબા ગાળાના પરિવર્તનો લાવવાની શક્તિ આપે છે. એક તરફ ટ્રમ્પ પોતાની તાકાત બતાવી રહ્યા છે, ત્યારે બીજી તરફ આંતરરાષ્ટ્રીય સ્તરે તેમને આંચકો લાગ્યો છે.

હમાસ અને ઈઝરાયેલ વચ્ચે યુદ્ધવિરામ જાળવી રાખવા માટે ટ્રમ્પે ગુરુવારે પોતાના 'શાંતિ બોર્ડ'ની જાહેરાત કરી હતી, પરંતુ અમેરિકાના અનેક ટોચના સાથી દેશોએ તેમાં જોડાવાનો ઈનકાર કરી દીધો છે. બ્રિટને આ યોજના પર હસ્તાક્ષર કરવાની ના પાડી દીધી છે, જ્યારે ફ્રાન્સ, નોર્વે અને સ્વીડને પણ આ બોર્ડથી અંતર જાળવ્યું છે.ફ્રાન્સ સહિતના અન્ય દેશોએ આ બોર્ડમાં ન જોડાવા પાછળનું મુખ્ય કારણ 'યુનાઈટેડ નેશન્સ'ની ગરિમા જાળવવાનું જણાવ્યું છે. ફ્રેન્ચ અધિકારીઓના મતે, ટ્રમ્પનું આ શાંતિ બોર્ડ સંયુક્ત રાષ્ટ્રની જગ્યા લેવાનો પ્રયાસ કરી રહ્યું હોય તેમ લાગે છે, જે ચિંતાનો વિષય છે. રશિયા હજુ પણ આ બાબતે વિચારણા કરી રહ્યું છે. આમ, વૈશ્વિક મંચ પર ટ્રમ્પની યોજનાઓને તેમના જ સાથી દેશોનો વિરોધ નડી રહ્યો છે, જે મોદી અને જિનપિંગની સ્થિર રાજકીય સ્થિતિ સામે ટ્રમ્પની નબળાઈ દર્શાવે છે.



# ઓલિમ્પિક ૨૦૩૬ની દિશામાં ગુજરાત-ઓસ્ટ્રેલિયાની ભાગીદારી

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ઓસ્ટ્રેલિયન હાઈ કમિશનરની મહત્વપૂર્ણ બેઠક



ગાંધીનગર

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ભારત ખાતેના ઓસ્ટ્રેલિયન હાઈ કમિશનર ફિલીપ ગ્રીન 'છસ્ની સૌજન્ય મુલાકાત દરમિયાન રમતગમત, ઓલિમ્પિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રે સહકારને લઈને વ્યાપક ચર્ચા થઈ. આ બેઠકમાં મુખ્યમંત્રીએ ઓલિમ્પિક ગેમ્સ માટે વિકસાવવામાં આવતી સુવિધાઓનો લાંબા ગાળે સસ્ટેનેબલ ઉપયોગ કરવા ઓસ્ટ્રેલિયાના અનુભવ અને જ્ઞાનનો લાભ લેવા ગુજરાતની તત્પરતા વ્યક્ત કરી.

૨૦૩૨માં બ્રિસ્બેનમાં યોજાનારી ઓલિમ્પિક ગેમ્સને ધ્યાનમાં રાખીને ઓસ્ટ્રેલિયામાં થઈ રહેલી તૈયારીઓ અંગે વિગતવાર વિચાર-વિમર્શ થયો. રમતો બાદ ખેલગામો, આવાસ અને અન્ય સુવિધાઓનો સામાન્ય નાગરિકો, વિદ્યાર્થીઓ અને વિવિધ ઈવેન્ટ્સ માટે ઉપયોગ કેવી રીતે થાય તે અંગે ઓસ્ટ્રેલિયાનો મોડેલ ગુજરાત માટે માર્ગદર્શક બની શકે તેમ ચર્ચાયું.

ઓસ્ટ્રેલિયન હાઈ કમિશનર ગ્રીને બ્રિસ્બેનમાં ચાલી રહેલી ઓલિમ્પિક તૈયારીઓના નિરીક્ષણ માટે ગુજરાતના ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળને ઓસ્ટ્રેલિયા આવવાનું આમંત્રણ આપ્યું. સ્વિમિંગ, પેરા એથલેટિક્સ અને હાઈ પરફોર્મન્સ સેન્ટર્સમાં ઉચ્ચ સ્તરીય તાલીમ માટે ઓસ્ટ્રેલિયા સહકાર આપવા ઈચ્છુક હોવાનું પણ તેમણે જણાવ્યું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઓસ્ટ્રેલિયન ખેલાડીઓની ક્ષમતા અને તાલીમ પદ્ધતિની પ્રશંસા કરી અને ૨૦૩૬ ઓલિમ્પિકમાં ગુજરાત તથા દેશના ખેલાડીઓ શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકે તે માટે સહિયારા પ્રયાસોની અપેક્ષા વ્યક્ત કરી.આ બેઠકમાં ગિફ્ટ સિટીમાં કાર્યરત ડિકન યુનિવર્સિટી દ્વારા સ્પોર્ટ્સ સાયન્સ, સ્પોર્ટ્સ રિસર્ચ અને સ્પોર્ટ્સ બિઝનેસ માટે સેન્ટર ઓફ એક્સેલન્સ ઉભું કરીને અલગ ઈકોસિસ્ટમ વિકસાવવાની યોજના અંગે પણ ચર્ચા થઈ. માર્ચ-૨૦૨૬માં યોજાનારા ડિકન યુનિવર્સિટીના પ્રથમ પદવીદાન સમારોહમાં હાજરી આપવા મુખ્યમંત્રીને આમંત્રણ આપવામાં આવ્યું. રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રે ગુજરાતે હાંસલ કરેલી આગવી પ્રગતિથી ઓસ્ટ્રેલિયન હાઈ કમિશનર પ્રભાવિત થયા હતા.

તેમણે રિન્યૂએબલ એનર્જી ટ્રાન્ઝિશનમાં ઓસ્ટ્રેલિયાની એક્સપર્ટિઝ ગુજરાતને ઉપલબ્ધ કરાવવા ઉત્સુકતા દર્શાવી.

# દેશવ્યાપી સાયબર ફ્રોડ ચાલતી ગેંગનો પર્દાફાશ માસ્ટરમાઈન્ડ સહિત કુલ ૮ આરોપીઓ ઝડપાયા

## ડિજિટલ અરેસ્ટથી લઈ પાર્ટ-ટાઈમ જોબ ફ્રોડ સુધી, ૯ નકલી પેઢી ઊભી કરી ૨૮ રાજ્યોમાં છેતરપીંડી કરી

ગાંધીનગર

ગુજરાત સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ દ્વારા સાયબર માફિયાઓ સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. આ ઓપરેશનમાં દેશવ્યાપી સાયબર ફ્રોડ ચાલતી એક મોટી ગેંગનો પર્દાફાશ કર્યો છે. જેમાં ગેંગના માસ્ટરમાઈન્ડ સહિત કુલ ૮ આરોપીઓને ઝડપી પાડ્યા છે. આ ગેંગ દ્વારા ભારતના ૨૮ રાજ્યોમાં કુલ ૧,૨૨૯થી વધુ સાયબર ફ્રોડ કરવામાં આવ્યા હતા. જેમાં ૮૨૬ કરોડથી વધુની છેતરપિંડી થયાનું સામે આવ્યું છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આરોપીઓએ ઠગાઈ માટે ૯ નકલી પેઢીઓ ઊભી કરી હતી અને તેના નામે કુલ ૮૨ બેંક ખાતાઓ ખોલાવ્યા હતા.





જેમાં ૨૮ કરંટ એકાઉન્ટ અને ૪૫ સેવિંગ એકાઉન્ટનો સમાવેશ થાય છે. આ ખાતાઓનો ઉપયોગ કરોડો રૂપિયાનું ગેરકાયદેસર ટ્રાન્જેક્શન કરવા માટે કરવામાં આવતું હતું.

ઝડપાયેલા તમામ આરોપીઓ સુરતના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. ગેંગની મોડસઓપરેન્ડી અત્યંત વ્યવસ્થિત હતી. આરોપીઓ લોકોને કમિશનની લાલચ આપી તેમના નામે ખાતાઓ મેળવતા હતા. ત્યાર બાદ જીસ્જી, વોટ્સએપ અને ટેલિગ્રામ જેવા માધ્યમથી ડિજિટલ અરેસ્ટ, ઈન્વેસ્ટમેન્ટ સ્કેમ, ફ્રોડ, ડિપોઝિટ, લોન તથા પાર્ટ-ટાઈમ જોબ ફ્રોડ જેવા ગુનાઓ આચરતા હતા.

આરોપીઓ ઠગાઈથી મેળવેલી રકમ હવાલા મારફતે સાયબર માફિયાઓ સુધી પહોંચાડવામાં આવતી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે, ગેંગ દ્વારા અંદાજે ૫૦૦ કરોડથી વધુના નાણાકીય હવાલા ટ્રાન્સફ કરવામાં આવ્યા છે. આ કેસમાં મુંબઈ અને રાજસ્થાન કનેક્શન પણ સામે આવ્યું છે. તેમજ વિદેશી કનેક્શન હોવાની શક્યતાઓ પણ સેવાઈ રહી છે.

# સુરતમાં વાહન ખસેડવા જેવી નજીવી બાબતે યુવકની હત્યા

## બે સગા ભાઈઓ સહિત ત્રણની ધરપકડ

સુરત,

રાંદેરના શ્રીજી નગરી વિસ્તારમાં વાહન ખસેડવા મુદ્દે સર્જાયેલી સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું, જેના પરિણામે રાજુ સોલંકી નામના યુવાનનું મોત નીપજ્યું છે. આ ઘટનામાં ત્રણ શખ્સોએ રાજુ પર લાકડીથી હુમલો કર્યો હતો, જેથી તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેનું સારવાર દરમિયાન મોત થયું.પ્રાપ્ત માહિતી મુજબ, રાજુ અને કેટલાક સ્થાનિક લોકો વચ્ચે વાહન ખસેડવા બાબતે બોલાચાલી થઈ હતી, જે થોડા જ સમયમાં ઉગ્ર બની ગઈ હતી. જે બાદ આસપાસના લોકો ઘટના સ્થળે એકઠા થયા હતા અને રાજુને નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ડોક્ટરોના પ્રયત્નો છતાં તે બચી શક્યો ન હતો.

# ગાંધીનગર : જે. એમ. ચૌધરી કોલેજના ક્લાસરૂમમાં વિદ્યાર્થિનીનો આપઘાત

## રાધનપુરની ૧૯ વર્ષીય યુવતી એકાએક હોસ્ટેલમાંથી સાંજે ગુમ થઈ હતી, કારણ અકબંધ

ગાંધીનગર,

ગાંધીનગરમાં અભ્યાસ કરતી એક આશાસ્પદ યુવતીએ અગમ્ય કારણોસર આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ છે. સેક્ટર-૭ માં આવેલી જે. એમ. ચૌધરી કોલેજની ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી અને હ્ર.રૂ. મ.છ.માં અભ્યાસ કરતી ૧૯ વર્ષીય શિવાની આહીરે ગળેફાંસો ખાઈ પોતાનું જીવન ટૂંકાવ્યું છે. આ ઘટનાને પગલે વિદ્યાર્થીઓ અને સ્ટાફમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

મળતી વિગતો અનુસાર, પાટણના રાધનપુરની વતની શિવાની ભોજાભાઈ આહીર ૨૧ જાન્યુઆરીની સાંજે કોલેજ કેમ્પસમાં આવેલી ગર્લ્સ હોસ્ટેલમાંથી અચાનક ગુમ થઈ હતી. હોસ્ટેલમાં તેની ભાળ ન મળતા કોલેજ પ્રશાસન અને સિક્યુરિટી દ્વારા કેમ્પસમાં શોધખોળ શરૂ કરવામાં આવી હતી. વિદ્યાર્થિની લાપતા થતા કોલેજ અને હોસ્ટેલ સત્તાધીશો દ્વારા તાત્કાલિક તેના પરિવારને જાણ કરવામાં આવી હતી.

દીકરીના ગુમ થવાના સમાચાર સાંભળી પરિવાર પણ ગાંધીનગર દોડી આવ્યો હતો. સેક્ટર-૭ પોલીસને જાણ કરાતા પોલીસે પણ રાત્રિ દરમિયાન શોધખોળ હાથ ધરી હતી. અંતે વિદ્યાર્થિનીનો મૃતદેહ કોલેજના જ એક ક્લાસરૂમમાંથી મળી આવતા સૌ સ્તબ્ધ થઈ ગયા હતા. કોલેજ કેમ્પસમાં જ બનેલી આ ઘટનાને પગલે અન્ય વિદ્યાર્થીઓમાં ભારે શોક અને ફફડાટ જોવા મળી રહ્યો છે. હાલ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે અને વધુ તપાસ શરૂ કરી છે.

ઉલ્લેખનીય છે કે, રાધનપુરના સાનિયાતર ગામના વતની એવા આહીર પરિવાર પર દીકરીના મોતથી આભ તૂટી પડ્યું હતું. ઉજ્જવળ ભવિષ્યની આશા સાથે દીકરીને ગાંધીનગર ભણવા મોકલી હતી, પરંતુ તેના મોતના સમાચાર મળતા જ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ અંગે પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, યુવતીની આજથી પરીક્ષા શરૂ થવાની હતી, જેના ટેન્શનમાં પણ હતી. ગઈકાલે તે ગુમ થઈ ગઈ હતી. જે બાદ તેના જ ક્લાસરૂમમાં દુપટ્ટા વડે ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી. હાલમાં વિદ્યાર્થિનીના મોત પાછળનું કારણ જાણવા સહિતની તપાસ ચાલુ છે.

# ઓનલાઈન ગ્રોસરી પ્લેટફોર્મ બિગ બાસ્કેટ સાથે છેતરપિંડી

ગાંધીનગર

ગાંધીનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ઓનલાઈન ગ્રોસરી પ્લેટફોર્મ ''બિગ બાસ્કેટ'' સાથે છેતરપિંડી આચરવા અને કંપનીના ઓપરેશનમાં ખલેલ પહોંચાડવા બદલ ફરિયાદ નોંધવામાં આવી છે. અમદાવાદના ત્રાગડ વિસ્તારમાં રહેતા અને બિગ બાસ્કેટ (ટાટા એન્ટરપ્રાઈઝ) માં છેલ્લા બે વર્ષથી રીજનલ મેનેજર તરીકે ફરજ બજાવતા પરેશભાઈ નારણભાઈ દેસાઈએ આ અંગે ફરિયાદ આપી છે. તેમણે પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે છેલ્લા એક મહિનાથી કંપનીને ગ્રાહકો તરફથી મળતી ફરિયાદોમાં અચાનક મોટો વધારો થયો હતો, જેના પગલે કંપનીની ઈન્વેસ્ટિગેશન ટીમ દ્વારા ઊંડાણપૂર્વક એનાલીસીસ કરવામાં આવ્યું હતું.આ તપાસ દરમિયાન અત્યંત ચોંકાવનારી વિગતો બહાર આવી છે કે કોઈ અજાણ્યા શખ્સો દ્વારા એક સુનિયોજિત નેટવર્ક ચલાવીને કંપની સાથે છેતરપિંડી કરવામાં આવી રહી છે. આ કૌભાંડમાં મુખ્યત્વે ''OTPBUY.ORG'' નામની વેબસાઈટનો ઉપયોગ કરવામાં આવતો હતો. આરોપીઓ આ વેબસાઈટ મારફતે ફેક મોબાઈલ નંબર મેળવતા અને લોગીન માટે જરૂરી વન ટાઈમ પાસવર્ડ (OTP) પણ તે જ સાઈટ પર જનરેટ કરી લેતા હતા. આ નકલી મોબાઈલ નંબર અને ઓટીપીનો ઉપયોગ કરી તેઓ બિગ બાસ્કેટ ગ્રોસરી એપમાં લોગીન કરતા અને ત્યારબાદ અલગ-અલગ પ્રોડક્ટ્સ સિલેક્ટ કરીને ખોટા ઓર્ડર સબમીટ કરી દેતા હતા.


# ગાંધીનગરના અડાલજમાં દારૂના ઝઘડામાં પથ્થરથી માથુ ફાડી નાખનાર પતિને આજીવન કેદની સજા

## માતાની હત્યા જોનાર સગીરાની જુબાની નિર્ણાયક બની, ગાંધીનગરની સેશન્સ કોર્ટે ચુકાદો આપ્યો, આરોપીને આજીવન કેદની સજા ફટકારી : પત્નીને મારી નાખી લાશને દંતાલી રેલ્વે પાટા પાછળ ઝાડીઓમાં છોડી દીધી

ગાંધીનગર

ગાંધીનગરના અડાલજ વિસ્તારમાં બે વર્ષ પૂર્વે બનેલી પત્નીની હત્યાની ચકચારી ઘટનામાં આજે કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. દારૂ પીવા જેવી નજીવી બાબતે થયેલા ઝઘડામાં પત્નીને પથ્થરના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારનાર આરોપી મથુરાપ્રસાદ ઉર્ફે સોનુ પ્રજાપતિને ગાંધીનગરની સેશન્સ કોર્ટે આજીવન કેદની સખત સજા ફટકારી છે. મહત્વનું છે કે, આ કેસમાં પિતાને જ માતાની હત્યા કરતા જોનાર સગીર પુત્રીની જુબાની આરોપીને સજા અપાવવામાં મહત્વની કડી સાબિત થઈ હતી.

અડાલજ વિસ્તારમાં દારૂ પીવા જેવી નજીવી બાબતે પત્નીની કરપીણ હત્યા



કરનાર પતિને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે. આ ઘટનાની વિગત મુજબ તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ અદાણી શાંતિગ્રામની જી કોલોની સામે દંતાલી રેલ્વે પાટા નજીક બાવળની ઝાડીઓમાં આ હત્યા કરાઈ હતી. આરોપી પતિ મથુરાપ્રસાદ ઉર્ફે સોનુ પ્રજાપતિએ તેની પત્ની દિપીકા સાથે દારૂ પીવા બાબતે ઝઘડો કર્યો હતો.

જેથી, ઉશ્કેરાયેલા મથુરાપ્રસાદે પત્નીને ગડદાપાટુંનો મારામારી કાળા પથ્થરથી માથાના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચાડી તેની હત્યા કરી નાખી હતી. બાદમાં મૃતકના ભાઈ ભરતકુમાર પ્રજાપતિ બહેનના ઘરે પહોંચ્યા હતા પરંતુ, દીપિકા જોવા નહીં મળતા બનેવીને પૂછતા તેણે પહેલા ગલ્લાતલ્લા કર્યા હતા. આ બનાવ અંગે અડાલજ પોલીસ મથકના તત્કાલીન પીઆઈ એસ.આર. મૂછાળ દ્વારા તપાસનો દોર હાથ ધરવામાં આવ્યો હતો ત્યારે જઈને મથુરાપ્રસાદે કબૂલાત કરી હતી કે, દારૂ પીવા બાબતે ઝઘડો થતા પત્નીને મારી નાખી લાશને દંતાલી રેલ્વે પાટા પાછળ ઝાડીઓમાં છોડી દીધી છે.

# મેડિકલ ઓફિસર પતિ વિરુદ્ધ પત્નિની ફરિયાદ

ગાંધીનગર

ગાંધીનગરના સેક્ટર-૨૭માં રહેતા પીડીતાએ તેમના પતિ, સાસુ-સસરા અને નણંદ વિરુદ્ધ શારીરિક અને માનસિક ત્રાસ તેમજ દહેજની માંગણી અંગે ગાંધીનગર મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. વર્ષ ૨૦૧૧માં અમદાવાદના નારણપુરા ખાતે રહેતા અને વ્યવસાયે મેડિકલ ઓફિસર એવા પંકજકુમાર ચૌધરી સાથે તેમના લગ્ન થયા હતા. ફરિયાદ મુજબ, વર્ષ ૨૦૧૪ પછી પતિનું વર્તન બદલાયું હતું અને તે અન્ય સ્ત્રી સાથે સંબંધ ધરાવતા હોવાની શંકા જતા પીડીતાએ તેમના પતિને પૂછપરછ કરી હતી, જેના બદલામાં તેમને માર મારવામાં આવ્યો હતો. સાસરી પક્ષના સભ્યો તેમને ઘરકામ બાબતે હેરાન કરતા અને પિયરમાંથી વધુ પૈસા લાવવા માટે દહેજના મેણાં મારી માનસિક ત્રાસ આપતા હતા.

વધુમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે પતિ અને સાસરી પક્ષે તેમના ૧૩ વર્ષના દીકરાને તેમની જાણ બહાર સુરત ખાતે નણંદના ઘરે મોકલી દીધો છે અને માતાને દીકરા સાથે વાત કરવા કે મળવા દેવામાં આવતી નથી. પીડીતાના પિયર પક્ષ તરફથી મળેલ અંદાજે ૩૦ તોલા સોનાના દાગીના અને લાખોની રોકડ રકમ પણ સાસરીવાળાએ પડાવી લીધી હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે. ગત સપ્ટેમ્બરમાં સાસરીયાઓએ તેમને ઘરમાંથી કાઢી મૂકતા તેઓ હાલ પિયરમાં રહે છે, જેના આધારે પોલીસે ૨૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ગુનો નોંધી કાયદેસરની તપાસ શરૂ કરી છે.

# સ્વતંત્રતા કા મંત્ર : વંદે માતરમ''ના કેન્દ્રવર્તી વિષયને અનુલક્ષીને નવી દિલ્હીના કર્તવ્યપથ પર પ્રજાસત્તાક દિને ગુજરાત રજૂ કરશે આકર્ષક ઝાંખી

અમદાવાદ ,

'વંદે માતરમ' ગીતની ૧૫૦-મી વર્ષગાંઠના ઉપલક્ષમાં આ વિષયના પ્રતિઘોષરૂપે 'વંદે માતરમ' શબ્દની પૃષ્ઠભૂમિથી જ શરુ થયેલી ભારતીય રાષ્ટ્રધ્વજની નિર્માણયાત્રા, તેની બદલાતી તાસીર અને તવારિખની રોચક પ્રસ્તુતિ ૭૭-મા પ્રજાસત્તાક પર્વમાં ગુજરાતના ટેબ્લોનું મુખ્ય આકર્ષણ છે.

આ સાથે ગુજરાતના નવસારીમાં જન્મેલા તથા ગુર્જરભૂમિના તેમના નામાંકિત ક્રાંતિવીર સાથીઓ : શ્યામજી કૃષ્ણવર્મા અને સરદારસિંહ રાણાની સાથે વિદેશની ભૂમિ પરથી ક્રાંતિજ્યોત જગાવનારા મેડમ ભિખાઈજી કામાએ તૈયાર કરેલા 'વંદે માતરમ' લિખિત ધ્વજની યશોગાથાનું વર્ણન, 'ચરખા'ના માધ્યમથી સ્વદેશીનો મંત્ર આપનારા મહાત્મા ગાંધીની સ્મૃતિ સાથે પ્રવર્તમાન 'આત્મનિર્ભર ભારત' અભિયાનનો સુભગ સમન્વય આ ટેબ્લોની અનોખી ભાત ઉભી કરે છે.

આ ટેબ્લોના અગ્રભાગમાં વીરાંગના મેડમ ભિખાઈજી કામાને સ્વરચિત 'વંદે માતરમ' લિખિત ધ્વજ સાથે દર્શાવવામાં આવ્યા છે. જે તેમણે સૌ પ્રથમ વખત વિદેશીભૂમિ પર વર્ષ ૧૯૦૭માં પેરિસમાં લહેરાવ્યો હતો. આ ધ્વજ જર્મનીના બર્લિનના સ્ટુટગાર્ટની 'ઈન્ડિયન સોશિયાલિસ્ટ કોન્ફરન્સ'મા પણ રજુ કરવામાં આવ્યો હતો. મેડમ કામાની આ ધ્વજ લહેરાવતી અર્ધ-પ્રતિમાની નીચે દેશના બંધારણમાં સ્વીકૃત વિવિધ ભારતીય ભાષામાં 'વંદે માતરમ'નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ટેબ્લોના હૃદયસમા પૃષ્ઠભાગમાં રાષ્ટ્રધ્વજની નિર્માણયાત્રા, તેની બદલાતી તાસીર અને તવારિખને

**'વંદે માતરમ' ગીતની ૧૫૦-મી વર્ષગાંઠના ઉપલક્ષમાં ભારતીય રાષ્ટ્રધ્વજની નિર્માણયાત્રા, તેની બદલાતી તાસીર અને તવારિખની રોચક પ્રસ્તુતિ ૭૭-મા પ્રજાસત્તાક પર્વમાં ગુજરાતના ટેબ્લોનું મુખ્ય આકર્ષણ બની રહેશે**









વર્ણવવામાં આવી છે, જેનો પ્રારંભ વર્ષ ૧૯૦૬થી થાય છે. કોલકાતાના પારસી બાગાનમાં વિદેશી ચીજવસ્તુઓની હોળી અને સ્વદેશીનો સ્વીકાર કરતી વખતે ક્રાંતિકારીઓએ 'વંદે માતરમ' લખેલો ધ્વજ સૌ પ્રથમ વખત ફરકાવ્યો હતો. ત્યારબાદના ક્રમે, ૧૯૦૭મા વિદેશીભૂમિ પરથી ભારતીય ક્રાંતિની જયોત જગાવનારા મેડમ ભિખાઈજી કામાએ તેમણે તૈયાર કરેલો ધ્વજ પેરિસમાં લહેરાવ્યો હતો. વર્ષ ૧૯૧૭મા હોમરુલ ચળવળના ભાગરૂપે એની બેસન્ટ અને બાળગંગાધર તિલક દ્વારા એક નવતર ધ્વજ ફરકાવવામાં આવ્યો, જયારે વર્ષ ૧૯૨૧મા વિજયવાડામાં યુવા ક્રાંતિવીર પીંગળી વેંકૈયાએ એક નવી ડિઝાઈનનો ધ્વજ બનાવ્યો અને ગાંધીજી સમક્ષ રજુ કર્યો. ૧૯૩૧મા પીંગળીએ તૈયાર કરેલા ચરખા અને ત્રણ રંગો સાથે કેટલાક સુધારા સાથેનો ધ્વજ લગભગ સ્વીકૃતિ પામ્યો. જો કે આખરે ૨૨ જુલાઈ, ૧૯૪૭ના રોજ મધ્યમાં ધર્મચક્ર સાથેના ત્રિરંગાને ભારતીય બંધારણ સભાએ સ્વીકૃતિ આપી. પ્રવર્તમાન રાષ્ટ્રધ્વજની આ નિર્માણયાત્રા સાથે ભારતીય સ્વતંત્રતાની મહત્વની ચળવળોનું પણ આ ટેબ્લોમાં નિદર્શન કરવામાં આવ્યું છે.

'ચરખા'ના માધ્યમથી સ્વદેશીના પ્રયોગ મારફતે સ્વતંત્રતાની હાકલ કરનારા મહાત્મા ગાંધીના શિલ્પને ટેબ્લોના અંતિમ ચરણમાં વિશાળ ધર્મચક્ર સાથે દર્શાવવામાં આવ્યું છે. સ્વદેશી-આત્મનિર્ભરતા અને સ્વતંત્રતાના આ સશક્ત મૂલ્યોનું વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી હાલ સતત સંવર્ધિત કરવાનું સ્તુત્ય કાર્ય કરી રહયા છે. સ્વાધીનતાની લડાઈ માટે ખપી જનારા વીર સપૂતોને યાદ કરીને રાષ્ટ્રીય ચેતના જગાવતા 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ પામેલા ગુજરાતી રચનાકાર ઝવેરચંદ મેઘાણી રચિત 'કસુંબીનો રંગ'ના તાલે જુસ્સો વધારતા કલાકારો ટેબ્લોને જોમવંતો બનાવી રહ્યા છે.

આ વર્ષે પ્રજાસત્તાક દિનની પરેડમાં ૧૭ રાજયો અને કેન્દ્રસાશિત પ્રદેશો તથા કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોની ૧૩ ઝાંખીઓ મળીને કુલ ૩૦ ટેબ્લોનું પ્રદર્શન થનારું છે.

ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા પ્રસ્તુત આ ઝાંખીના નિર્માણમાં માહિતી અને પ્રસારણ સચિવ ડૉ.વિક્રાંત પાંડે, માહિતી કમિશ્નર કિશોર બચાણી, અધિક નિયામક અરવિંદ પટેલના માર્ગદર્શનમાં સંયુક્ત માહિતી નિયામક ડૉ.સંજય કચોટ અને નાયબ માહિતી નિયામક સુશ્રી ભાવના વસાવા યોગદાન આપી રહ્યાં છે.

# જિલ્લા કક્ષાના સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં ૭ અરજીનો સ્થળ પર જ નિકાલ





જામનગર : જિલ્લા કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી જામનગર ખાતે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આવેલ ૧૦ પૈકી ૭ અરજીઓનો સ્થળ પર જ ત્વરિત નિકાલ કરી અરજદારોની સમસ્યા તથા પ્રશ્નોનું નિરાકરણ લવાયું હતું.

જિલ્લા કલેકટર કચેરી ખાતે યોજાયેલ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ અરજદારોની સમસ્યાને જિલ્લા કલેકટરએ ધ્યાનપૂર્વક સાંભળી હતી. ઉપરાંત વિવિધ અરજદારોના પ્રશ્નો સંદર્ભે જે-તે વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી ચોક્કસ સમય મર્યાદામાં પ્રશ્નોના નિકાલ લાવવા સૂચના આપી હતી.સાથે સાથે જ્યાં જરૂર જણાઈ ત્યાં વિભાગોનું અરસ પરસ સંકલન કરી અરજદારનો પ્રશ્ન ઝડપથી હલ થાય તે માટે જિલ્લા કલેકટરએ પ્રયાસો કર્યા હતા.

આ સ્વાગત કાર્યક્રમમાં અરજદારોના વિવિધ પ્રશ્નો જેવા કે, પ્રોપર્ટી કાર્ડ મેળવવા અંગે, જમીન રિસર્વે ક્ષતિ સુધારણાને લગત પ્રશ્ન, ગ્રામસભા યોજવા બાબત, જૂથ પાણી પુરવઠા યોજનાને લગત પ્રશ્ન, રેશનકાર્ડને લગત પ્રશ્ન, રસ્તાના સમારકામ અંગે, દબાણ હટાવવાના પ્રશ્નો અંગે ચર્ચા કરી કલેકટરએ લગત વિભાગોના અધિકારીઓને સકારાત્મક રીતે કામગીરી કરવા જણાવ્યું હતું.

અરજદારોએ પણ કલેકટર દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અંગે સંતોષ વ્યક્ત કરી પોતાના પ્રશ્નનું સુખદ સમાધાન થતા હર્ષની લાગણી વ્યક્ત કરી હતી.

આ બેઠકમાં જિલ્લા પોલીસ વડા ડો.રવિ મોહન સૈની, અધિક નિવાસી કલેકટર શારદા કાથડ, લગત વિભાગના અધિકારીઓ તથા અરજદારઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સલાયામાં મહિલા સત્સંગ મંડળ દ્વારા વીરદાદા જસરાજ પુણ્યતિથિના મનોરથ યોજાયો

સલાયા : સલાયામાં દ્વારકાધીશજીની હવેલીમાં આજરોજ વીરદાદા જસરાજની પુણ્યતિથિના દિવસે સાંજે કિર્તન, યમુનાસ્ટક પાઠ તેમજ મહા આરતીનો કાર્યક્રમ મહિલા સત્સંગ મંડળ દ્વારા યોજવામાં આવેલ હતો. જેમાં મોટી સંખ્યામાં વૈષ્ણવ બહેનો જોડાયા હતા. જ્યાં ઠાકોરજીના કિર્તનની રમઝટ બોલાવવામાં આવી હતી. મહાઆરતી કરવામાં આવી હતી અને અંતે તમામ વૈષ્ણવ બહેનોનો ખીચડી ખેલનો મનોરથ યોજવામાં આવેલ હતો. જેમાં કેટરિંગની સેવા સલાયાના રઘુવંશી અગ્રણી સચિન હિંડોચા (કલુ) દ્વારા આપવા આવેલ હતી.અંતે સૌ બહેનોએ ઠાકોરજીની દીપમાળા કરી અને પ્રસંગને દીપાવ્યો હતો.


તસવીર : આનંદ લાલ-સલાયા



# જામનગરમાં આવતીકાલથી ત્રિ દિવસીય શ્રી મેલડી માતાજી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ

જામનગર : આઈ શ્રી ખોડીયાર સેવા ચેરીટેબલ ટ્રસ્ટ (સુચિત) દ્વારા ઉગતાપોરના શ્રી મેલડી માતાજી મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૪-૧-૨૬ થી તા. ૨૬-૧-૨૬ સુધી આઈ શ્રી ખોડીયાર માતાજી મંદિર, નાગેશ્વર, જામનગરમાં યોજવામાં આવ્યો છે. જેમાં તા. ૨૪ના સવારે ૯ વાગ્યાથી શ્રી ગણપતિ પૂજન અને વિધિનો પ્રારંભ સ્વસ્તિ પૂન્યાદ વાચન, માતૃકા વસોર્ધારા પૂજન, પિતૃ પૂજન, સવારે ૧૧ વાગ્યાથી જલયાત્રા, દેવી-દેવતાઓની ગ્રામ પ્રદક્ષીણા (નગરયાત્રા), બપોરે ૧ વાગ્યાથી દેવતાઓના સામૈયા, મંડપ પૂજા, મંડપ પ્રવેશ, અગ્નિ સ્થાપન, ગ્રહશાંતિ યજ્ઞ, કર્મ કુટિર હોમ, બપોરે ૩ વાગ્યાથી જલાધિવાસ, દેવતાઓની મૂર્તિને ધાન્યાધિવાસ, સાયં દેવતાઓની પૂજા-આરતી કરવામાં આવશે.

તા. ૨૫ના સવારે ૮ વાગ્યે સૂર્યાધ-સામાન્યાર્ધ, મંડપ પ્રવેશ, શ્રી ગણપતિ આદિસ્થાપિત દેવતાઓની પૂજા, દેવતાઓને ધાન્યાધિવાસથી જાગૃત, સવારે ૧૧ વાગ્યાથી શ્રી મેલડી માતાજીના મંત્રથી હોમ, દેવતાઓની પ્રતિમાઓને ૯૪ કળશોથી અનેક દિવ્ય ઔષધિથી સ્નાપન વિધિ, બપોરે ૩ વાગ્યાથી શાંતિક-પૌષ્ટિક હોમ, દેવતાઓને શૈયાધિવાસ, દેવી દેવતાઓના ન્યાસવિધિ, સાંજે ૪ વાગ્યે સાંયે પૂજન-મહા આરતી કરવામાં આવશે.

તા. ૨૬ના સવારે ૮ વાગ્યાથી સ્થાપિત દેવતાઓનું પૂજન, મંદિરનું પ્રસાદ વાસ્તુ-દશ દિગ્પાલ હોમ, બપોરે ૧:૩૦ વાગ્યાથી વૃષભ લગ્નમાં નિજ મંદિરમાં શ્રી મેલડી માતાજીની મૂર્તિનો પ્રવેશ અને અચલ પ્રાણ પ્રતિષ્ઠા સાથે શ્રી મેલડી માતાજીની પ્રથમ મહા પૂજા-આરતી અને ધ્વજારોહણ, સાંજે ૪ વાગ્યે બલિદાન પૂજન વિધિ, યજ્ઞની પૂર્ણાહુતિ અને સાંજે ૭:૩૦ વાગ્યાથી મહાપ્રસાદ રાખવામાં આવ્યો છે. જીગર મારાજ પંડયા (ગોલ્ડ મેડાલીસ્ટ) પ્રાણ પ્રતિષ્ઠા કર્મના મુખ્ય આચાર્ય છે તેમ ટ્રસ્ટના પ્રમુખ સંદિપગીરી ગૌસ્વામી, મંત્રી કિશોરભાઈ મજીઠીયા, ઉપપ્રમુખ ઉમંગગીરી ગૌસ્વામી અને પ્રમોદગીરી ગૌસ્વામીએ જણાવ્યું છે.

# જામનગરમાં ૧૮૧ મહિલા હેલ્પલાઈનની ટીમે પરિવારનો તૂટતો સંસાર બચ્યો

## નશાકારક દ્રવ્યનું સેવન કરનાર પતિને જરૂરી શીખ આપી તેની પત્ની અને બાળકો સાથે સુખદ સમાધાન કરાવ્યું

જામનગર : ગુરાત રાજ્ય સરકાર દ્વારા સંચાલિત ૧૮૧ મહિલા હેલ્પલાઈન પર જામનગરમાં રહેતી એક પરિણીત મહિલા દ્વારા મદદ માટે કોલ કરવામાં આવ્યો હતો. તેણીએ જણાવ્યું હતું કે તેમના પતિ દ્વારા સતત હેરાનગતિ, માનસિક ત્રાસ અને નશાખોરીને કારણે તેમનું વૈવાહિક જીવન ગંભીર સંકટમાં મુકાયું છે.

જેમાં મહિલાનો કોલ આવતાની સાથે જ ૧૮૧ ટીમ ના કાઉન્સિલર ઈશિતા પરમાર, કોન્સ્ટેબલ તારાબેન ચૌહાણ, પાયલોટ સુરજીતસિંહ વાઘેલા સહિતની ટીમ સ્થળ પર પહોંચી હતી. જેમાં મહિલાના જણાવ્યા અનુસાર તેમના લગ્નને અંદાજે ૯ વર્ષ થઈ ગયા છે, અને તેમને બે સંતાન છે. પતિ નશાત્મક દ્રવ્યનું સેવન કરે છે અને આ વ્યસનના કારણે પરિવારની જવાબદારીઓ નિભાવતો નથી. મહિલા બે દિવસ માટે બાળકો સાથે પિયર ગઈ હતી, તે દરમિયાન પતિએ ઘરના અડધા કરતાં વધુ સામાન વેચી નાખ્યો હોવાની ગંભીર ફરિયાદ કરવામાં આવી હતી.

મહિલા હેલ્પલાઈન ૧૮૧ની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી કાયદેસર અને માનવતાવાદી દૃષ્ટિકોણથી કાઉન્સેલિંગ કર્યું હતું, અને પતિને સ્પષ્ટ શબ્દોમાં સમજાવવામાં આવ્યું કે પતિ તરીકે તથા પિતા તરીકે તેમની ફરજો શું છે, અને ઘરેલુ હિંસા, માનસિક ત્રાસ તથા આર્થિક શોષણ ભારતીય કાયદા મુજબ ગુનાહિત કૃત્ય છે.

ઉપરાંત પતિને વર્ષ ૨૦૦૫ ના ઘરેલુ હિંસા અને મહિલા સંબંધિત કાનૂની જોગવાઈઓ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. તેને જણાવાયું કે જો ફરીથી આવી હરકત કરશે, તો તેના વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી થશે.

કાઉન્સેલિંગ દરમિયાન પતિએ લેખિત તથા મૌખિક ખાતરી આપી કે હવે પછી તે ફરીથી નશાખોરી નહી કરે, ઘરના સામાનનું વેચાણ નહી કરે, અને પત્ની અને બાળકોની જવાબદારી નિભાવશે. આ ખાતરી બાદ મહિલા ભાવુક થઈ ગઈ, અને બંને વચ્ચે સુખદ સમાધાન થયું હતું.

મહિલા હેલ્પલાઈનની સમયસર કાર્યવાહીથી એક પરિવાર તૂટતા બચ્યો હતો, અને બાળકોને સુરક્ષિત ભવિષ્ય પણ મળ્યું છે. જામનગરમાં ૧૮૧-મહિલા હેલ્પલાઈનની ટીમે ફરી એકવાર સાબિત કરી બતાવ્યું છે કે તાત્કાલિક પ્રતિસાદ, કાનૂની સમજ અને માનવીય અભિગમથી અનેક સંસાર બચાવી શકાય છે.

# જામનગર અખબાર વિતરક મંડળ દ્વારા સોમનાથ દિવનો પ્રવાસ યોજાશે

જામનગર : ગમે તેવા વિકટ સમય કે કપરી પરિસ્થિતિમાં જામનગરવાસીઓના આંગણે વર્તમાનપત્ર પહોંચાડતા જામનગરના અખબારી વિતરકો વર્ષના ૩૬૫ દિવસમાંથી માત્ર બે દિવસ જ આરામ કરે છે. સદાય વિતરો માટે કાર્યરત સંસ્થા જામનગર ન્યુઝ પેપર મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વખતે પણ સતત ૨૬ માં વર્ષે સભ્યો માટે તારીખ ૨૬, ૨૭ના રોજ પ્રવાસનું આયોજન કર્યું છે. તારીખ ૨૬ ના રોજ સાંજે ૭.૩૦ વાગ્યે જામનગરના ત્રણબત્તી ચોકમાંથી આબુ અંબાજી જવા બસ ઉપડશે. જામનગરથી મોમાઈ મોરા, ચુડેશ્વરી માતાજી, અંબાજી થઈ આબુ સુધીના પ્રવાસનું આયોજન કરાયું છે. વહેલો તે પહેલાના ધોરણે પ્રવાસમાં જોડાવા માંગતા સભ્યોએ કે. પી. જાડેજાનો સંપર્ક કરવો. પ્રમુખ એલ.પી. જાડેજા (૯૮૨૪૨૪૮૩૭૩), ઉપપ્રમુખ દિનેશ ચોખલીયા (૯૪૨૮૭૨૭૬), મંત્રી સુરેશ રૂપારેલ (૯૭૨૩૬૯૦૧૮૫), માજીપ્રમુખ કે. પી. જાડેજા (૯૩૨૮૧૦૪૧૮૨), આ. પ્રમુખ દિલાવરભાઈ બ્લોચ (૬૩૫૫૪૨૫૨૧૫) પાસેથી પ્રવાસ અંગેની વધુ વિગતો મેળવી શકાશે.

# તમિલનાડુની પેઢી સામે લેંણી રકમનો દાવો વ્યાજ સાથે મંજુર

જામનગર : જામનગરમાં આવલી જાણીતી પેઢી પરી એન્ટ્રરપ્રાઈઝ નાં પાર્ટનર, ભાવિન દિલીપ બામનિયા એ વિલુપુરમ-તમિલનાડુ ની પેઢી નાકોસી ગ્લોબલ પ્રાઈવેટ લીમીટેડ ને તેના ઓર્ડર તથા જરૂરીયાત મુજબ અલગ-અલગ તારીખોએ ઈલેકટ્રીકલ બ્રાસપાર્ટની અલગ-અલગ વસ્તુઓ પ્રતિવાદીની જરૂરીયાત મુજબ ટ્રાન્સપોર્ટ મારફત મોકલવામાં આવેલ હતી, અને તે માલ મોકલાવ્યા સબબ તમિલનાડુ ની પેઢી પાસે થી રૂપીયા ૫,૨૧,૫૯૨ લેવાના બાકી નીકળતા હતા.

જે સબબ પેઢી ને અનેક વખત રકમ ચુકવી આપવા જાણ કરવા છતા તમિલનાડુ ની પેઢી તરફ થી થોડો સમય ખોભરી જવાનું કહેવામાં આવતું, અને ત્યારબાદ રકમની ચુકવણી માટે ઘણો સમય આપવા છતા, રકમ ન ચુકવતા પરી એન્ટ્રરપ્રાઈઝ નાં પાર્ટનર, ભાવિન દિલીપ બામનિયાએ પોતાના વકિલ મારફતે જામનગરનાં પ્રીન્સીપાલ સીનીયર સિવિલ કોર્ટમાં કોર્મશીયલ સ્યુટ લેણી રકમનો દાવો દાખલ કર્યો હતો. જે દાવો જામનગરની અદાલતમાં ચાલી જતા, તમિલનાડુ ની પેઢી નાકોસી ગ્લોબલ પ્રાઈવેટ લીમીટેડના ડાઈરેકટર, ડી. કાર્થીકીચને વાદીને રૂપીયા ૫,૨૧,૫૯૨ વાર્ષિક ૬ ટકા વ્યાજ સહિતની રકમ ચુકવી આપવા તથા દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી કંપનીએ ચુકવી આપવાનો હુકમ કરેલ છે. પરી એન્ટ્રરપ્રાઈઝની પેઢી તરફે ધારાશાસ્ત્રી નીતલ એમ. ધ્રુવ, ડેનીશા એન. ધ્રુવ, પુજા એમ. ધ્રુવ, આશિષ પી. ફટાણીયા, ધ્વનિશ એમ. જોશી, અલ્ફાઝ એ. મુંદ્રા, અશ્વિન એ. સોનગરા, પ્રિતેશ કે. ભટ્ટ રોકાયા હતા.

# ખંભાળિયા, હરિપર અને સલાયામાં વીજ ચોરી કરનાર મહિલા સહિત ત્રણે સજા

જામનગર : ખંભાળિયાના હરીપર તેમજ સલાયા ગામ ઉપરાંત ખંભાળિયા શહેરમાં કરાયેલા વીજ ચેકીંગમાં એક મહિલા સહિત ત્રણ સામે વીજચોરીનો આક્ષેપ કરાયો હતો. તે ત્રણેય કેસ ચાલી જતા અદાલતે ત્રણેય આરોપીને ત્રણ-ત્રણ વર્ષની કેદ અને વીજચોરીની રકમનો છ ગણો દંડ ભરવા આદેશ કર્યો છે.

ખંભાળિયા તાલુકાના હરીપર ગામમાં રહેતા પ્રદીપ દેવશીભાઈ કરમુર નામના આસામીના મકાનમાં ગઈ તા.૧૯-૧૦-૨૩ના દિને કરાયેલા વીજ ચેકીંગ પછી આ આસામીએ રૂા.૨, ૨૦,૨૭૬ની વીજચોરી કર્યાનો આક્ષેપ મૂકાયો હતો. તે કેસ ચાલી જતાં ખંભાળિયા સ્થિત ખાસ વીજ અદાલતે આરોપીને તક્સીરવાન ઠરાવી ત્રણ વર્ષની કેદ અને છ ગણો દંડ ફટકાર્યો છે.

ખંભાળિયા તાલુકાના સલાયા ગામમાં અમીનાબેન અબ્બાસ ભાયાના મકાનમાં પણ ગઈ તા.૭-૧૧-૨૪ના દિને વીજ ચેકીંગ કરાયા પછી રૂા.૭૮,૭૩૫ની વીજચોરી કરાયાની ફરિયાદ કરાઈ હતી. તે કેસમાં પણ અદાલતે આરોપી મહિલા અમીનાબેનને ત્રણ વર્ષની કેદ તથા છ ગણો દંડ ભરવા હુકમ કર્યો છે.

ખંભાળિયા શહેરમાં વાલ્મિકીવાસ નજીક ગુર્જર સુથારની વાડી પાસે રમેશ ડાયાભાઈ વાઘેલા નામના આસામીના મકાનમાં ગઈ તા.૧૦-૩-૨૨ના દિને કરાયેલા ચેકીંગ પછી રૂા.૧૩,૭૦૫ની વીજચોરીનો કેસ કરાયો હતો. તે કેસમાં ખાસ વીજ અદાલતે આરોપીને ત્રણ વર્ષની કેદ અને છ ગણો દંડ ફટકાર્યો છે.

# જામનગરમાં અન્નપૂર્ણા માતાજી મંદિરે સમૂહ લગ્નોત્સવમાં ૧૪ દીકરીઓ પરણશે

જામનગર : શ્રી સાંઈ અન્નક્ષેત્ર તથા ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ સહયોગી આશ્રમના લાભાર્થે સમૂહલગ્નનું આયોજન તા. ૧૪-૫-૨૦૨૬, ગુરૂવારના શ્રી અન્નપૂર્ણા મંદિર, હાપાયાર્ડ રોડ, લાલવાડી ચોકડી, જામનગરમાં કરવામાં આવ્યું છે. ૧૪ દીકરીઓ માટે આયોજીત આ સમૂહલગ્નમાં કરીયાવરમાં નાની-મોટી ૬૧ વસ્તુઓ આપવામાં આવશે.

આ સમૂહ લગ્નના ફોર્મ (વહેલા તે પહેલાના ધોરણે) ભરવા માટે નારાયણનગર, ગુલાબનગર સામેનો ઢાળીયો, જામનગર અથવા કનૈયા પાન, ગુલાબનગર, જામનગરનો સંપર્ક કરવો. મા-બાપ વગરની દીકરીઓ પાસેથી કોઈપણ ચાર્જ વસુલવામાં આવશે નહી. વધુ વિગત માટે મે.ટ્રસ્ટી એસ.ડી. ગોસાઈ (મો. ૯૬૨૪૩ ૪૨૪૫૨) ફોર્મ માટે અમુભાઈ છૈયા (મો. ૯૯૧૩૭ ૮૯૮૯૦), રેશ્માબેન ગોસાઈ (મો. ૯૮૨૪૨ ૬૮૦૪૩) નો સંપર્ક કરવો.

# જામનગરન હોમગાર્ડના બે અધિકારીને મુખ્યમંત્રી મેડલ એનાયત થશે

જામનગર : જામનગર હોમગાર્ડ વિભાગમાં ફરજ બજાવતા બે અધિકારીઓની મુખ્યમંત્રી મેડલ માટે પસંદગી કરવામાં આવી છે.

જામનગર શહેર હોમગાર્ડ યુનિટના ઓફિસર કૈલાસ જેઠવા અને સાર્જન્ટ સંદીપ દાઉદીયાને મુખ્યમંત્રી મેડલ જાહેર કરવામાં આવ્યો છે.આ બંન્ને અધિકારીઓને હોમગાર્ડના ઉચ્ચ અધિકારીઓ અને જવાનો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.




# દ્વારકાધીશ જગત મંદિર પર ધ્વજાજી માટે ફેબ્રુઆરી માસનો ડ્રો સંપન્ન

દ્વારકા : દ્વારકાધીશ જગત મંદિર પર આરોહણ થતી તત્કાલ ધ્વજાજી માટેનો ફેબ્રુઆરી માસ ૨૦૨૬નો જાહેરમાં કરવામાં આવતો ડ્રો ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા ગત ૨૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ બ્રહ્મપુરી નંબર ૨મા ધ્વજાજીના યજમાન વૈષ્ણવો, ભક્તો, તીર્થ પુરોહિતો, કારોબારી સદસ્યો,મધ્યસ્થ સભા સદસ્યો, સલાહકાર સમિતિ સદસ્યો, સામાજિક કાર્યકરો વગેરેની ઉપસ્થિતિમાં પારદર્શકતા પૂર્વક ડ્રો સંપન્ન કરવામાં આવ્યો હતો. જ્ઞાતિ મંત્રી કપિલભાઈ વાયડા વિશેષ ઉપસ્થિત રહ્યાહતા. અગાઉ ડ્રો માટેના ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું હતું.




## પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ

**વિવિધ પ્રકારના કરાર માટે ઈ-હરાજી સૂચના**
**ટેન્ડર સૂચના સંખ્યા RJT-PAYUSE-PARK-CATG-25-05-07-19-20-21**
**તારીખ: 21.01.2026**

રાજકોટ મંડળ માટે નીચેની શ્રેણીઓ માટે ઈ-હરાજી, જે IREPS વેબસાઈટ પર પહેલાથી જ પ્રકાશિત થઈ ગઈ છે.વિગતો નીચે મુજબ છે:

| કેટલોગ નંબર | કરારનો પ્રકાર | શ્રેણી | કરાર નો સમયગાળો |
|---|---|---|---|
| E-PAYUSE-05-2025 | 1) PnU-RJT-OKHA-Toi-15-26-2<br>2)PnU-RJT-JAM-Toi-8-25-1<br>3) PnU-RJT-DWK-Toi-18-26-1 | (પે એન્ડ યુઝ - શૌચાલય) | 03 વર્ષ |
| E-PARK-07-2025 | 1) PARKING-RIT-HAPA-MX-6-25-1<br>2) PARKING-RJT-MVI-MX-8-25-1 | (પાર્કિંગ - મિશ્ર) | 03 વર્ષ |
| E-CATG-19-2025 | 1) Catg-RJT-MVI-GMU-13-25-1<br>2) Catg-RJT-THAN-GMU-14-25-1<br>3) Catg-RJT-DWK-SMU-12-25-2<br>4) Catg-RJT-JAM-SMU-69-25-1 | (કેટરિંગ - GMU અને SMU) | 05 વર્ષ |
| E-CATG-20-2025 | 1) MPS-RJT-RJT-MPS-5-25-1 | (MPS - મલ્ટી પર્પઝ સ્ટોલ) | 05 વર્ષ |
| E-CATG-21-2025 | 1) MSS-RJT-SUNR-WVM-27-25-1<br>2) MSS-RJT-WKR-WVM-28-25-1<br>3) MSS-RJT-RJT-WVM-26-25-1 | (વિવિધ સ્ટેટિક સેવાઓ - પાણી વેન્ડિંગ મશીન) | 05 વર્ષ |

**ઈ-હરાજીની તારીખ અને સમય:** 06.02.2026 ના 15:30 કલાકે
ઉપરોક્ત કેટલોગ નંબર હેઠળના લોટની વિગતો WWW.IREPS.GOV.IN (ઈ-ઓક્શન લીઝિંગ) વેબસાઈટ પર આગામી ઈ-ઓક્શન, ઝોન: પશ્ચિમ રેલ્વે, યુનિટ: રાજકોટ મંડળ - કોમર્શિયલ હેઠળ ઉપલબ્ધ છે.
RJT 189
અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



## ઓનલાઈન ટેન્ડરીંગ
## માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ,દેવભૂમિ દ્વારકા
## જાહેર નિવિદા નં.૪૪/૨૦૨૫-૨૬
## સી.આર.યોજના

જિલ્લા પંચાયત દેવભૂમિ દ્વારકા વતી કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત માર્ગ અને મકાન વિભાગ દેવભૂમિ દ્વારકા દ્વારા સરકારશ્રીની IR/PR/CR/FDR યોજના હેઠળ રસ્તાઓના ચાલુ મરામતના વાર્ષિક ભાવોના કામો માટે ગુજરાત રાજ્યમાં માર્ગ અને મકાન વિભાગ તેમજ નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં જરૂરી કક્ષામાં નોંધાયેલ ઈજારદારો પાસેથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવે છે. ડામરના કામો માટે ઈજારદારશ્રીનો ડામર પ્લાન્ટ જે તે તાલુકાના મથકથી ૫૫ કીમીની ત્રિજ્યામાં હોય તે જ ઈજારદારશ્રી ભાવ ભરી શકશે.

ટેન્ડર ડોક્યુમેન્ટ કામો માટે તા.૨૭/૦૧/૨૦૨૬ સુધી વેબ સાઈટ http//rnb.nprocure.com પર ઉપલબ્ધ થશે. વધુ વિગતો માટે પ્રસ્તુત વેબસાઈટપર સંપર્ક કરવો. તેમજ વિગતવાર જાહેર નિવિદા www.statetenders.gujarat.gov.in પર જોઈ શકાશે. આવેલ તમામ ટેન્ડરો સ્વીકારવા કે ન સ્વીકારવાનો હક અબાધિત રહેશે.

| | |
|---|---|
| ટેન્ડર ભરવાની શરુ તારીખ અને સમય | ૨૭/૦૧/૨૦૨૬ બપોરે ૧૨ :૦૦ વાગ્યાથી શરુ |
| ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ અને સમય | ૦૪/૦૨/૨૦૨૬ સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી |
| ટેન્ડર ખોલવાની તારીખ અને સમય | ૦૫/૦૨/૨૦૨૬ બપોરે ૧૨ :૦૦ વાગ્યે |

માહિતી/જામ/૮૯૧/૨૦૨૬



સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# ભારતમા હવે ડિજિટલ વસતી ગણતરી

ભારતના લોકશાસનનો નવો અધ્યાય શરૂ થઈ રહ્યો છે.ભારતમાં ૧ એપ્રિલ, ૨૦૨૬થી શરૂ થતી 'વસતી ગણતરી ૨૦૨૭' માત્ર એક આંકડાકીય પ્રક્રિયા નથી; તે ભારતના લોકશાસન, નીતિ-નિર્માણ અને ટેક્નોલોજી આધારિત શાસનવ્યવસ્થાનો ઐતિહાસિક વળાંક છે. કોરોના મહામારીને કારણે ૨૦૨૧ની દાયકાની વસતી ગણતરી મોકૂફ રહી હતી. હવે રૂ. ૧૧,૭૧૮.૨ કરોડના ખર્ચે થતી આ ગણતરી ભારતની પહેલી સંપૂર્ણપણે ડિજિટલ વસતી ગણતરી બનશેલજ્યાં કાગળ, રજિસ્ટર અને ફાઈલોના સ્થાને મોબાઈલ એપ, ટેબ્લેટ અને સર્વર આધારિત સિસ્ટમ કામ કરશે.વસતી ગણતરીની પ્રક્રિયા બે તબક્કામાં વહેંચાઈ છે. પ્રથમ તબક્કામાં 'હાઉસ લિસ્ટિંગ' દ્વારા મકાનોની ગણતરી અને તેમાં રહેલી પાયાની સુવિધાઓલવીજળી, પાણી, શૌચાલય જેવી વિગતોલએકત્રિત થશે. બીજા તબક્કામાં વ્યક્તિગત વિગતો જેમ કે ઉંમર, શિક્ષણ, ધર્મ, વ્યવસાય અને જ્ઞાતિ નોંધાશે. આ બંને તબક્કા મળીને દેશની સામાજિક-આર્થિક રચનાનું સ્પષ્ટ પ્રતિબિંબ આપશે. આ વખતે 'સેલ્ફ-એન્યુમરેશન'નો વિકલ્પ આપીને સરકાર નાગરિકોને પોતાની માહિતી જાતે ઓનલાઈન ભરવાની તક આપી રહી છે. હાઉસ લિસ્ટિંગ શરૂ થાય તે પહેલાં ૧૫ દિવસ સુધી નાગરિકો પોર્ટલ અથવા એપ પર વિગતો આપી શકશે અને ત્યારબાદ ૩૦ દિવસમાં સરકારી કર્મચારીઓ ઘરે જઈને બાકીની માહિતી પૂર્ણ કરશે. આ વ્યવસ્થા સમય બચાવે છે, માનવીય ભૂલો ઘટાડે છે અને નાગરિકોની ભાગીદારીને મજબૂત કરે છે.ડિજિટલ પદ્ધતિનો સૌથી મોટો ફાયદો ડેટાની ગુણવત્તા અને ઝડપ છે. માહિતી સીધી સર્વર પર અપલોડ થવાથી ડુપ્લિકેશન અને ખોટી એન્ટ્રીની શક્યતા ઘટશે. પરિણામે, આંકડાઓ ઝડપથી ઉપલબ્ધ થશે અને નીતિ-નિર્માણમાં વિલંબ નહીં થાય. 'સેન્સસ-એઝ-એ-સર્વિસ' મોડલ અપનાવીને સરકાર વિવિધ મંત્રાલયોને એક ક્લિક પર મશીન-રીડેબલ ડેટા ઉપલબ્ધ કરાવશે. શિક્ષણ, આરોગ્ય, શહેરી વિકાસ, સામાજિક ન્યાયલદરેક ક્ષેત્રે પુરાવા આધારિત નીતિઓ ઘડવામાં આ ડેટા આધારસ્તંભ બનશે. સમગ્ર પ્રક્રિયાની દેખરેખ માટે તૈયાર કરાયેલ 'સેન્સસ મેનેજમેન્ટ એન્ડ મોનિટરિંગ સિસ્ટમ' પારદર્શિતા વધારશે અને કામગીરી પર?? નજર રાખશે.આ વસતી ગણતરીનું એક મહત્વપૂર્ણ પાસું છે જ્ઞાતિ આધારિત માહિતીનું સંગ્રહણ. ભારતમાં છેલ્લે ૧૯૩૧માં જ્ઞાતિ આધારિત વસતી ગણતરી થઈ હતી. તે પછીના દાયકાઓમાં સમાજમાં મોટા ફેરફાર થયા છેલશિક્ષણ, રોજગાર, સ્થળાંતર અને શહેરીકરણની અસરોથી સામાજિક ગોઠવણી બદલાઈ છે. આવા સમયમાં જ્ઞાતિની માહિતી ફરી એકત્ર થવી સંવેદનશીલ હોવા છતાં નીતિ-નિર્માણ માટે જરૂરી છે. જો આ ડેટાનો ઉપયોગ જવાબદારીપૂર્વક થાય, તો તે સામાજિક ન્યાય, સમાન તક અને લક્ષિત કલ્યાણ યોજનાઓ માટે માર્ગદર્શક સાબિત થઈ શકે છે. પરંતુ સાથે જ રાજકીય ઉપયોગ અને ગેરવપરાશથી બચાવવું એ સરકાર અને સમાજ બંનેની જવાબદારી રહેશે.ડેટા સુરક્ષા અને ગોપનીયતા આ સમગ્ર પ્રયાસનો સૌથી મોટો પડકાર છે. ડિજિટલ માધ્યમથી એકત્ર થતો વિશાળ વ્યક્તિગત ડેટા સાયબર હુમલા અને ગેરવપરાશના જોખમ સાથે જોડાયેલો છે. સરકાર દ્વારા કડક સુરક્ષા વ્યવસ્થાઓ, એન્ક્રિપ્શન, એક્સેસ કંટ્રોલ અને કાનૂની સુરક્ષાઓની વાત કરવામાં આવી છે, પરંતુ વિશ્વાસ ત્યારે જ પેદા થશે જ્યારે આ દાવાઓ જમીન પર અસરકારક રીતે અમલમાં મૂકાશે. નાગરિકોને પણ ડેટા કેવી રીતે વપરાશે, કોણ જોઈ શકશે અને કેટલા સમય સુધી સાચવાશેલઆ બધાની સ્પષ્ટ માહિતી આપવી જરૂરી છે.

# હેમંત ઋતુમાં માવઠાના મિજાજ વચ્ચે પ્રકૃતિનું અનુપમ સૌંદર્ય...



ફ્રાઈડે ફોટો સ્ટોરી - દિપક માળી

સાંપ્રત સમયે આ તસ્વીર જાણે નજર સમક્ષ પ્રકૃતિનું એક અનુપમ અને મનોહરી સ્વરૂપ ધરી રહી છે. હેમંતની આ ઋતુમાં જ્યારે આકાશ નિર્મળ હોવું જોઈએ, ત્યારે માવઠાના શ્યામલ વાદળોથી ઘેરાયેલું ગગન એક વિલક્ષણ આભા પ્રગટાવી રહ્યું છે. અગ્રભાગમાં લચેલી બોગનવેલના રક્તવર્ણી પુષ્પો હરિત પર્ણોની ઓથમાં રહીને વાતાવરણને જીવંતતા બક્ષે છે. મધ્યમાં વહેતી આ સરિતાના સ્થિર જળમાં આભના આ લોલક જેવા વાદળોનું પ્રતિબિંબ અદભૂત સૌંદર્ય નિપજાવવા મથે છે; ત્યારે ક્ષિતિજ પર દેખાતી આ ગહન વનરાજી અને પર્ણકુટીર જેવું નાનકડું નિવાસસ્થાન માનવ અને પ્રકૃતિના અદ્વૈત સંબંધની પ્રતીતિ કરાવે છે.

# 'દેવ' એટલે કોણ? અને 'દેવયજ્ઞા' એટલે શું?

વિશેષ



સ્વર્ગમાં સુખોપભોગ ભોગવે છે તેને માટે દેવ શબ્દ છે ?? ના, એવું નથી... પરંતુ લોકોમાં દેવત્વ લાવવું, પરોપકાર વૃત્તિથી, કલ્યાણકારી કામો કરે છે તે 'દેવ' છે. દેવ શબ્દ ઌ ધાતુમાંથી આવેલ છે. તેમાંથી દેવ શબ્દ આવ્યો છે. જે સારી ક્રિડા કરે. જીવન એક રમત જેવું લાગે. સમાજનાં છેલ્લામાં છેલ્લા માણસને એમ લાગવું જોઈએ કે જીવન એક રમત છે જીવનમાં સુખ દુઃખ આવે છે તે રમત છે. શતરંજની રમતમાં ઘોડો અટકી જાય તો કોઈ રડતું નથી. વજીર મરી જાય તો કોઈ ખરખરો કરતું નથી. એનું કારણ કે વજીર મરી ગયો તે પાછો ઉભા કરીશું. એમ ફરી રમત રમવા તૈયાર થઈએ છીએ. બધાને ભેગા કરી ફરી રમતની શરૂઆત કરે છે. આવી વિશાળ ભાવનાથી-વિવિધ પ્રકારના સાત્વિક આનંદથી જીવે છે તે 'દેવ' કહેવાય. (પાંડુરંગશાસ્ત્રી). ધ્યેય ઉત્તમ રાખીને જીવે તે 'દેવ'. જીવનમાં દૈવી ધ્યેય હોવું તે દેવત્વ છે. ગતિશીલ જીવે તે 'દેવ'. જીવનમાં દૈવી ધઅયેય હોવું તે દેવત્વ છે. ગતીશીલ જીવન બનાવી જીવનની શોભા વધારે તે દેવ. જીવનમાં ઘણાંય તત્વજ્ઞાનીઓ છે. જે કૃષ્ણના વિચારોને પ્રગટાવે છે. તેવા ક્રાંતિકારી માનવ 'દેવ' જ છે. દેવ આકાશમાં જ રહે તેવું નથી. તે બુદ્ધિ-શક્તિ-વિત્તશક્તિ વગેરેનો સદુપયોગ પ્રભુને માધ્યમ રાખીને કરે છે તે દેવ છે. ટૂંકમાં ધ્યેયશીલ ઉત્તમ જીવન જેનું હોય તે દેવ. જીવનની દરેક કૃતિમાં માંગલ્ય લાવવા પ્રયત્ન થયા હોય તે અને પ્રભુને પ્રસન્ન કરનારા કાર્યો કરનાર દૈવી મનુષ્ય કહેવાય છે. પોતાની અને સૃષ્ટિની કાન્તિ વધારનારા કાર્યો કરનાર 'દેવ' જ ગણાય. વિવિધ પ્રકારના આનંદથી યુક્ત જીવન ધરાવે તે 'દેવ'. આ આનંદ સર્વવ્યાપક હોવો જોઈએ. માણસ બુદ્ધિપ્રધાન પ્રાણી છે. દરેક કાર્યો પ્રભુનાં છે તે સમજી જે કાર્યો કરે છે તે 'દેવ' જ છે. આ ભાવજીવનનો આનંદ 'દેવી' પુરુષો અનુભવી શકે છે.

માનવમાં દેવત્વનું નિર્માણ થાય એવી ભગવાનની ઈચ્છા છે. જેમ બાપની ઈચ્છા હોય કે છોકરો મારા કરતાં વધારે સારો થાય, ઉન્નતિકારક કાર્યો કરે, મારૂં નામ રોશન કરે તેવી રીતે ભગવાનની પણ ઈચ્છા છે કે માનવમાં 'દેવત્વ' નિર્માણ થાય.'તમે બધા સારા કર્મો, કલ્યાણકારી કર્મો કરી દેવતાઓને ઉન્નત કરો અને દેવતાઓ તમને બધાને ઉન્નત કરે આ પ્રમાણે નિઃસ્વાર્થભાવે એકબીજાને ઉન્નત કરી રહીને તમે બધા પરમ કલ્યાણ પામશો. 'દેવ'ત્વ પામશો. આ સૃષ્ટિમાં આવીને બધાએ કેમ રહેવું તેની જીવન સંહિતા (ર્ઝદ્બી ´ક ૈંકી) આમાં સમજાવ્યું છે. આવું જીવન જીવવાથી આપણામાં દેવત્વ આવી શકે છે. આમ આપણા સમાજમાં આપણું વિશુદ્ધ જીવન એ જ દૈવી જીવન છે.

- ઈશ્વરને ફળ સોંપીને જે કાર્ય કરે તે 'દેવ' :- અભિમાન રહિત, કૃષ્ણાર્પણ કાર્યોમાં પ્રગતિ કરે તે 'દેવ'. 'હું કરું' - 'મેં કર્યું' અભિમાનરહિત હોય... ચૈતન્ય યુક્ત જીવન હોવું જોઈએ. ઘણાં કહે હું ૯૦ વરસનો થયો.. પણ તેથી શું ? પણ કર્યું શું ? કેવળ દિવસો કે વરસો ગણવાથી જીવન નથી બનતું પણ કંઈક સારું કાર્ય કરવાથી સારું જીવન (ઊૈંજ્ઞ્ં ઙ્મૈહખ્ત) બને છે.

- દેવ યજ્ઞા :- દેવનાં કાર્યો કરવાં એટલે 'દેવયજ્ઞા'. લોકોમાં દેવત્વ લાવવું એ દેવકાર્ય છે. કે જીવ કંઈ ઉન્નત થશે, મોટો થશે, મહાન થશે. એમ એની અંદર બેઠેલા છીએ એટલે એમને (ઈશ્વરને) શોભે તેવું વર્તન કરવું અમારી જીંદગી શુભ કાર્યો કરે તે દેવયજ્ઞા છે. આટલી બધી ઈન્દ્રિય શક્તિ શરીરમાં કામ કરે છે. કારણ કે પ્રભુને વિશ્વાસ છે કે આ જીવ કંઈ ઉન્નત થશે. મોટો થશે અને જીવનનું ગૌરવ વધારે તેવા પરોપકારવૃત્તિથી ઈશ્વરને ફળ અર્પણ કરીને થતા કાર્યો તે દેવયજ્ઞા છે.

- જેને સારું જીવન જીવવાની જીજીવિષા હોય તે દેવ :- માણસ તરીકે જન્મ્યો છે તો માનવતાભર્યા જીવન જીવવાની પણ જીજીવિષા હોવી જરૂરી છે. અજ્ઞાનની સામે વિજયી થઈશ. વિકારો સામે વિજયી થઈશ. આવી જીજીવિષા ભર્યુ જીવન જીવે તે 'દેવ' છે. સારું જીવન જીવવું પછી ભલે તે ગરીબ હોય, શ્રીમંત હોય, વિદ્વાન હોય, પણ જીવનમાં સર્વેને કંઈ ચૈતન્ય દેખાતું હોય. સર્વમાં ઈશ્વરનું દર્શન કરતો હોય. સહુના માટે યથા યત્ન કાર્યો કરતો હોય જેનો હેતુ સહુના કલ્યાણ માટેનો હોય તે 'દેવ' છે.

- વ્યવહાર શીખવે તે દેવ :- વ્યવહાર એટલે બે માણસ વચ્ચેનો જે સંબંધ છે તેને વ્યવહાર કહેવાય. બીજા જોડે કેમ રહેવું ? જીવનમાં એ શીખવાનું છે. આજના અભ્યાસક્રમમાં બીજા જોડે કેમ રહેવું તે શીખવવામાં આવતું નથી. અભ્યાસક્રમમાં તે વિષય હોતો નથી. તેથી એન્જિનિયર, કે ડોક્ટર તરીકે પ્રથમ કક્ષાની વ્યક્તિ, પતિ તરીકે તૃતીય કક્ષાની અને પિતા-પુત્ર તરીકે પણ નીચી જોવા મળે છે. કારણ બીજા જોડે એને રહેતા જ આવડતું નથી. બીજા જોડે રહેવું તે એક કળા છે. ઘણા લોકો બીજા જોડે રહે છે, પણ તે બીજાના પગ ચાટીને રહે છે. ખુમારીથી જીવી શકતા નથી. કોઈની ગુલામી નહી કરું, કોઈનું મન મારીને જીવીશ નહી. સ્વમાનથી કાર્ય કરીશ. પોતાનો કે કોઈનો આત્મા ન મારવો એ એક મોટી જીવનકલા છે. યોગ્ય રીતે જીવન જીવે તે 'દેવ' છે.

# ભગવાન શ્રીકૃષ્ણની સરસ્વતી પૂજા એટલે વસંતનુ આગમન

જીવન-સંઘર્ષમાં વ્યસ્ત અને ક્યારેક ત્રસ્ત બનેલા સમાજ માટે વસંતપંચમી આનંદ-પ્રમોદ, રંગરાગ અને નવચેતનાનો સંદેશ લઈને આવે છે. જીવનને વસંત જેવું

**વસંતપંચમી ભારતીય સંસ્કૃતિનું એક એવું મંગલ પર્વ છે, જેમાં પ્રકૃતિ, જીવન અને જ્ઞાન – ત્રણેયનો સુમેળ એકસાથે ઝળહળી ઊઠે છે. આ પર્વ માત્ર ઋતુ પરિવર્તન નું સંકેત નથી આપતું, પરંતુ માનવજીવનની પાનખરને વિદાય આપી નવી ઉર્જા, આનંદ અને સર્જનાત્મકતાના આગમનનું ઘોષણાપત્ર બને છે.**

મધુર, સુગંધિત અને સર્જનશીલ બનાવવાનો સંદેશ આ પર્વ આપેછે.વસંત પંચમી અને સરસ્વતી પૂજાનો દિવ્ય આરંભ આ દિવસથી થાય છે.

ભારતીય પરંપરા અનુસાર જ્ઞાન, વિદ્યા, સંગીત અને કલાની અધિષ્ઠાત્રી દેવી સરસ્વતી માતાની પૂજા-આરાધનાનો પ્રારંભ ભગવાન શ્રીકૃષ્ણે કર્યો હતો. પૌરાણિક માન્યતા મુજબ વસંત પંચમીના શુભ દિવસે ભગવાન શ્રીકૃષ્ણે સરસ્વતી માતાને વિદ્યા અને વાણીની દેવી તરીકે પૂજ્યા અને પંડિતો, વિદ્યાર્થીઓ તથા જિજ્ઞાસુઓ માટે આ દિવસે વિદ્યારંભ કરવાની પરંપરાનું સ્થાપન કર્યું. શ્રીકૃષ્ણે સરસ્વતી માતાને વરદાન આપ્યું કે મહા સુદ પંચમીના પાવન દિવસે લોકો તમારી પૂજા કરીને જ્ઞાનના માર્ગે આગળ વધશે. વસંત પંચમીનો દિવસ પ્રકૃતિના નવજીવન અને માનસિક પ્રફુલ્લતાનો સંકેત છે. આ દિવસે વસંતની મોહકતા અને સરસ્વતીની વિદ્યા સુષમા એકરૂપ બની જાય છે. તેથી વસંત પંચમીને જ્ઞાનપ્રાપ્તિ, શુદ્ધ ચેતના અને સર્જનાત્મકતાનું પર્વ માનવામાં આવે છે.

પાનખર વૃદ્ધાવસ્થાનું પ્રતીક છે, જ્યારે વસંત યુવાનીનું, ઉત્સાહનું અને ઉલ્લાસનું. વસંતપંચમી એટલે જીવનની વાટિકામાં ફરીથી કૂંપળો ફૂટે તેવો ક્ષણ. પ્રકૃતિ જાણે પોતાના સૌંદર્યના તમામ રંગો માનવમન સામે ખુલ્લા મૂકે છે. કવિ કાન્તે વસંતને વનદેવતા કહીને વધાવી છે. વસંતનું આગમન થતાં જ વન, ઉપવન, લતા અને વૃક્ષો જાણે નવી ચેતનાથી હસી ઊઠે છે. અપરંપાર કૂંપળો ફૂટે છે, ફૂલો ખીલે છે અને સમગ્ર પ્રકૃતિ એક જીવંત કવિતામાં રૂપાંતરિત થઈ જાય છે.

વસંતઋતુમાં પ્રકૃતિનો શણગાર અદભૂત હોય છે. આંબાડાળે ઝૂલતી કોકિલના મધુર ટહૂકા હૃદયને સ્પર્શે છે. આમ્રમંજરી માં ભ્રમરોનો ગુંજારવ સંભળાય છે. ખીલતી પુષ્પકળીઓ અને પંખીઓના કલરવથી વન-ઉપવન થનગની ઊઠે છે. મંદ મંદ વહેતો પવન વાંસમાંથી પસાર થાય ત્યારે જાણે વાંસળીના સૂર ગુંજે છે. મલય પર્વત તરફથી આવતો શીતળ અને સુગંધી પવન મનને પ્રફુલ્લિત કરી દે છે. આવા વાતાવરણમાં કવિના દિલમાંથી કવિતા આપમેળે વહેવા લાગે છે, સંગીતરસિકોના કંઠમાંથી મધુર સૂર રેલાય છે અને પ્રકૃતિ પોતાનો વૈભવ ગીત, સંગીત અને કલાના સ્વરૂપે વ્યક્ત કરે છે.


આથી જ વસંતને સાહિત્ય, સંગીત અને જ્ઞાનની દેવી સરસ્વતી સાથે જોડવામાં આવે છે. વસંતપંચમીએ વસંતની મોહકતા અને સરસ્વતીની વિદ્યા સુષમા બંનેનો અદ્ભુત સુમેળ સધાય છે. પ્રકૃતિ જાણે રંગબેરંગી ફૂલોનો મહોત્સવ ઊજવે છે. સદ્યસ્નાતા સુંદરીની જેમ નાહી-ધોઈને તે પોતાનું મોહક સ્વરૂપ ધારણ કરે છે. શ્રીકૃષ્ણ ભગવદ્ગીતાના વિભૂતિયોગ માં કહે છે કે ઋતુઓમાં હું વસંત છું. આ વાક્ય વસંતના મહિમાને દિવ્ય ઊંચાઈ આપે છે. વસંતને ભગવાન પોતાની વિભૂતિ ગણાવે છે, કારણ કે તે પુષ્પગુચ્છોનો ભંડાર છે, જીવનની ઉર્જાનો સ્ત્રોત છે.

આસપાસ ચોપાસ - સુરેશ ભટ્ટ

કહેવાય છે કે શ્રીકૃષ્ણે રાધા અને ગોપીઓ સાથેની રાસલીલા વસંતઋતુમાં કરી હતી. આ વસંતરાસથી જ શ્રીકૃષ્ણ રસેશ્વર અને રાસેશ્વર તરીકે ઓળખાયા, જયારે રાધિકાજી રસેશ્વરી બની. વસંતપંચમીથી વસંતોત્સવનો આરંભ થાય છે, જે પ્રેમ, રંગ અને આનંદનો ઉત્સવ છે. ફૂલોના ઝૂલા, રંગોત્સવ અને રાસલીલાઓ દ્વારા વસંત માનવજીવનમાં આનંદ અને સમર્પણની ભાવના જગાવે છે.

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મંદિરો અને હવેલીઓમાં વસંતપંચમી વિશેષ ઉત્સાહથી ઉજવાય છે. હવેલી-સંગીતથી મંદિરો ગૂંજી ઊઠે છે. ફૂલડોલ ઉત્સવનો આરંભ થાય છે. ઠાકોરજીને ફળ-ફૂલના હિંડોળે ઝૂલાવવામાં આવે છે. વસંતરાગના આલાપ, હિંડોળાના ગીતો અને ફૂલછડીઓથી શણગારેલી ડાળીઓ વસંતની ઉપાસનાનું દ્રશ્ય સર્જે છે. વસંતપંચમીથી શરૂ થઈ આખી વસંતઋતુ દરમિયાન આ ઉત્સવો ઉજવાય છે.

મધ્યકાલીન કવિઓએ વસંત, વસંતરાગ અને રાધા-કૃષ્ણ રાસ વિશે અસંખ્ય ગીતો રચ્યાં છે. કવિ જયદેવે રચેલા 'ગીતગોવિંદ'માં વસંતના સૌંદર્યનું મનોહર વર્ણન મળે છે. એક સખી રાધાને કહે છે કે આવી રસસભર વસંતમાં શ્રીહરિ વિહાર કરે છે. વાત્સ્યાયનના 'કામસૂત્ર'માં પણ વસંતોત્સવનો પ્રાચીન ઉલ્લેખ મળે છે, જે બતાવે છે કે વસંત માત્ર ઋતુ નહી પરંતુ જીવનનો ઉત્સવ છે. હોલિકોત્સવ પણ આ વસંતોત્સવનું જ એક રૂપ છે, જ્યાં રંગો અને આનંદ દ્વારા જીવનની ઉજવણી થાય છે.વસંતપંચમીનો એક મહત્ત્વનો પાસું છે વિદ્યાની દેવી સરસ્વતીનું પૂજન. માન્યતા અનુસાર સરસ્વતી દેવીનો જન્મ વસંતપંચમીએ થયો હતો. હંસ પર વિરાજમાન, વીણાધારિણી અને શ્વેતવસ્ત્રા માતા સરસ્વતી બ્રહ્માજીની પુત્રી છે. બ્રહ્મા સર્જક છે અને સરસ્વતી સાહિત્ય, સંગીત અને કલાની સર્જક દેવી છે. શ્વેત હંસ, કમળ અને શુભ્રવસ્ત્ર શુદ્ધિ અને સાત્ત્વિકતાના પ્રતીક છે. છ ઋતુઓમાં વસંતને સૌથી વધુ સાત્ત્વિક માનવામાં આવે છે, તેથી વસંત અને સરસ્વતી બંનેમાં નિર્મળતાનો સંગમ જોવા મળે છે.સરસ્વતી પૂજનમાં શ્વેત ફૂલો, દૂધ, માખણ, અક્ષત, સાકર અને સફેદ તલ જેવી સાત્ત્વિક સામગ્રીનો ઉપયોગ થાય છે. દેવી સમક્ષ પુસ્તકો મૂકીને જ્ઞાનનો આરંભ કરવામાં આવે છે. સંસ્કૃત પાઠશાળાઓમાં સરસ્વતી મહોત્સવ યોજાય છે. પૌરાણિક માન્યતા મુજબ ભગવાન શ્રીકૃષ્ણે સર્વપ્રથમ સરસ્વતીની પૂજા કરી હતી અને પંડિતો તથા વિદ્યાર્થીઓ મહા સુદ પંચમીના દિવસે વિદ્યારંભ કરે તેવું વરદાન આપ્યું હતું.



આથી જ વસંતપંચમીને વિદ્યારંભનો શુભ દિવસ માનવામાં આવે છે.વિદ્વાન કાકા કાલેલકરે 'જીવતા તહેવારો'માં વસંતપંચમીને કવિઓ, ગાયકોએ અને રસિકોએ ગોઠવેલો ઉત્સવ કહ્યો છે. કોયલના ટહૂકા, આમ્રમંજરીની સુગંધ અને સંગીતનું નવું સત્ર વસંત સાથે જ શરૂ થાય છે. સ્વામિનારાયણ સંપ્રદાયના શ્રી સહજાનંદ સ્વામીએ પણ વસંતપંચમીના દિવસે 'શિક્ષાપત્રી'ની રચના કરી હતી, જે આ પર્વના જ્ઞાનમય મહત્ત્વને વધુ દૃઢ બનાવે છે.આ રીતે વસંતપંચમી માત્ર ઋતુપરિવર્તનનું પર્વ નથી, પરંતુ જીવનને નવી દિશા આપતું, જ્ઞાન અને સૌંદર્યને એકસાથે ઉજવતું મહાપર્વ છે. વસંત અને સરસ્વતીના સંગમથી માનવજીવનમાં આનંદ, સાત્ત્વિકતા અને સર્જનાત્મકતાનો પ્રવાહ વહે છે — એ જ આ પર્વનો સાચો સંદેશ છે.

# ડેરિલ મિશેલે માત્ર એક અઠવાડિયામાં વિરાટ કોહલીનું શાસન છીનવી લીધું નંબર-વન વનડે બેટ્સમેન બન્યો





નવીદિલ્હી,

ભારતીય ટીમ ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની ત્રણ મેચની વનડે શ્રેણી ૧-૨ થી હારી ગઈ, અને તેની સીધી અસર આઈસીસી વનડે બેટિંગ રેન્કિંગ પર પડી. નવીનતમ આઈસીસી વનડે રેન્કિંગમાં, વિરાટ કોહલીએ પોતાનું નંબર-વન સ્થાન ગુમાવ્યું અને તેના સ્થાને ન્યુઝીલેન્ડના અગ્રણી બેટ્સમેન ડેરિલ મિશેલ આવ્યા. કોહલીના રેટિંગ પોઈન્ટમાં વધારો થયો હોવા છતાં, મિશેલે તેના પ્રભાવશાળી પ્રદર્શનને કારણે રેન્કિંગમાં તેને પાછળ છોડી દીધો.

મિશેલે ભારત સામેની વનડે શ્રેણીમાં ત્રણ ઈનિંગ્સમાં ૩૫૨ રન બનાવ્યા, જેમાં બે સદી અને એક અડધી સદીનો સમાવેશ થાય છે, અને પ્લેયર ઓફ ધ સિરીઝનો એવોર્ડ પણ જીત્યો. આ પ્રભાવશાળી પ્રદર્શનને કારણે, તેના રેટિંગ પોઈન્ટ ૭૮૪ થી વધીને ૮૪૫ થયા, જે કોહલીને પાછળ છોડી ગયા. કોહલીના રેટિંગ પોઈન્ટ હવે ૭૯૫ છે. કોહલી ગયા અઠવાડિયે જ નંબર-વન બેટ્સમેન બન્યો હતો. જુલાઈ ૨૦૨૧ થી તે આ સ્થાન પર હતો, પરંતુ મિશેલના પ્રભાવશાળી પ્રદર્શને તેને પાછળ છોડી દીધો છે, અને ન્યુઝીલેન્ડનો આ બેટ્સમેન હવે આઈસીસી રેન્કિંગમાં ટોચ પર છે.ભારતનો બીજો મોટો સ્ટાર, રોહિત શર્મા, રેન્કિંગમાં ચોથા ક્રમે છે. રોહિતે ન્યુઝીલેન્ડ શ્રેણીમાં ત્રણ ઈનિંગ્સમાં ફક્ત ૬૧ રન બનાવ્યા હતા અને પોતાની શરૂઆતને મોટા સ્કોરમાં રૂપાંતરિત કરવામાં નિષ્ફળ ગયો હતો, જેના કારણે રેન્કિંગમાં ઘટાડો થયો હતો. દરમિયાન, કેએલ રાહુલે શાનદાર વાપસી કરી છે અને ટોચના ૧૦ માં પાછો ફર્યો છે.રાહુલે પહેલી મેચમાં અણનમ મેચવિનિંગ ઈનિંગ્સ રમી હતી અને બીજી મેચમાં ૧૧૨ રનની શાનદાર સદી ફટકારી હતી. નિર્ણાયક ત્રીજી મેચમાં તે માત્ર એક રન માટે આઉટ થયો હોવા છતાં, રેન્કિંગમાં તેના પ્રદર્શનને સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે. શ્રેયસ ઐયર પણ ૧૧મા ક્રમે છે, જ્યારે શુભમન ગિલ પાંચમા ક્રમે છે.નવીનતમ આઈસીસી વનડે બેટ્સમેન રેન્કિંગ : ૧ ડેરિલ મિશેલ ન્યુઝીલેન્ડ ૮૪૫,૨ વિરાટ કોહલી ભારત ૭૯૫,૩ ઈબ્રાહિમ ઝદરાન અફઘાનિસ્તાન ૭૬૪,૪ રોહિત શર્મા ભારત ૭૫૭,૫ શુભમન ગિલ ભારત ૭૨૩,૬ બાબર આઝમ પાકિસ્તાન ૭૨૨,૭ હેરી ટેક્ટર આયર્લેન્ડ ૭૦૮,૮ શાઈ હોપ વેસ્ટ ઈન્ડિઝ ૭૦૧,૯ ચારિથ અસલંકા શ્રીલંકા ૬૯૦,૧૦ કેએલ રાહુલ ભારત ૬૭૦,૧૧ શ્રેયસ ઐયર ભારત ૬૫૬,૧૨ ટ્રેવિસ હેડ ઓસ્ટ્રેલિયા ૬૫૩,૧૩ ક્વિન્ટન ડી કોક દક્ષિણ આફ્રિકા ૬૪૬,૧૪ પથુમ નિસાક્કા શ્રીલંકા ૬૩૯,૧૫ કુસલ મેન્ડિસ શ્રીલંકા ૬૩૮

# અશ્વિને શુભમન ગિલની વનડેમાં કેપ્ટનશીપ પર નિશાન સાધ્યું

મુંબઈ,

ભારત ન્યુઝીલેન્ડ સામે વનડે શ્રેણી ૧-૨થી હારી ગયું. આ હાર બાદ, ચાહકો અને ક્રિકેટ પંડિતોએ ટીમ મેનેજમેન્ટ અને કોચ ગૌતમ ગંભીરની ભારે ટીકા કરી છે. તેમણે શુભમન ગિલની કેપ્ટનશિપ પર પણ સવાલ ઉઠાવ્યા છે. ભૂતપૂર્વ ભારતીય સ્પિનર રવિચંદ્રન અશ્વિને પણ આ બાબતે ટિપ્પણી કરી છે, ગિલની કેપ્ટનશિપની ખામીઓ તરફ ધ્યાન દોર્યું છે. એ પણ આશ્ચર્યજનક છે કે શું ગંભીર ક્રિકેટ પંડિતોની વાત પણ સાંભળી રહ્યો છે, કારણ કે અશ્વિનની દલીલો વિચારપ્રેરક છે.

અશ્વિને ગિલની બેટિંગની પ્રશંસા કરી હતી પરંતુ કેપ્ટન તરીકે તેની ક્ષમતાઓ પર સવાલ ઉઠાવ્યા હતા. પોતાની યુટ્યુબ ચેનલ પર બોલતા, અશ્વિને વનડેમાં ભારતીય મિડલ ઓર્ડરની તીવ્ર ટીકા કરી હતી અને સંસાધન વ્યવસ્થાપનમાં સ્પષ્ટતાના અભાવ પર પ્રકાશ પાડ્યો હતો, જેના કારણે ભારત બીજી અને ત્રીજી વનડેમાં હાર્યું હતું. અશ્વિને એ પણ નિર્દેશ કર્યો હતો કે ગિલ કેપ્ટનશિપના જે પાસાઓ સાથે સંઘર્ષ કરી રહ્યા હતા તે જ પાસાઓ છે જેમાં એમએસ ધોની અને રોહિત શર્મા જેવા કેપ્ટનોએ તેમના કાર્યકાળ દરમિયાન શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. અશ્વિનના મતે, જ્યારે મેચ દાવ પર હતી ત્યારે ગિલ તેના શ્રેષ્ઠ સંસાધનોનો અસરકારક રીતે ઉપયોગ કરવામાં નિષ્ફળ ગયો. અશ્વિને ત્રીજી વનડેમાં ડેરિલ મિશેલ અને ગ્લેન ફિલિપ્સ સામે કુલદીપના ઉપયોગ પર સવાલ ઉઠાવ્યા. અશ્વિને કહ્યું, "આપણે રોહિત શર્મા અને મહેન્દ્ર સિંહ ધોનીની આટલી બધી પ્રશંસા કેમ કરીએ છીએ? કારણ કે તેઓ જાણતા હતા કે તેમના સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ કેવી રીતે કરવો અને કયા બેટ્સમેન સામે. મને આ શ્રેણીમાં આની ખોટ લાગી."અશ્વિને સૂચવ્યું કે ગિલના નિર્ણયો ભૂતકાળની નિષ્ફળતાઓથી પ્રભાવિત હતા. આ જ કારણ છે કે તેણે ત્રીજી અને નિર્ણાયક વનડે દરમિયાન બોલરો પરનો વિશ્વાસ ગુમાવ્યો. તેમણે કહ્યું, "તમારે પાછલી મેચના આધારે બોલર પરનો વિશ્વાસ ગુમાવવો જોઈએ નહીં. છેલ્લી મેચમાં જે બન્યું તે સમાપ્ત થઈ ગયું છે, પરંતુ તમારે તેના કારણે આગામી મેચ વિશે ધારણાઓ ન કરવી જોઈએ. બીજી વનડે પછી, ત્રીજી વનડે એક નવા સ્થળે, નવી પિચ સાથે હતી."

# પ્રેક્ટિસ સેશન દરમિયાન ભારતીય ખેલાડીઓએ સૌથી લાંબો છગ્ગો ફટકારવાની સ્પર્ધા યોજી



મુંબઈ,

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે પાંચ મેચની ટી ૨૦ શ્રેણી બુધવારથી શરૂ થઈ રહી છે, અને તે પહેલાં, ભારતીય ટીમના પ્રેક્ટિસ સેશન દરમિયાન કંઈક એવું બન્યું જેણે ખેલાડીઓ અને ચાહકો બંનેને ઉત્સાહિત કરી દીધા. નેટમાં પ્રેક્ટિસ દરમિયાન, ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ સૌથી લાંબી છગ્ગો ફટકારવા માટે એક મજેદાર સ્પર્ધામાં વ્યસ્ત હતા, જેમાં ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ પોતાની પાવર-હિટિંગથી વાતાવરણ ગરમ કર્યું હતું. એશિયા કપમાં થયેલી ઈજાને કારણે હાર્દિક લાંબા સમયથી ટીમની બહાર હતો. હવે સંપૂર્ણપણે ફિટ છે, તે પાછો ફર્યો છે, અને તેની વાપસીથી ટીમનું સંતુલન અને રણનીતિ બંને મજબૂત થઈ છે.

બીસીસીઆઈએ સોશિયલ મીડિયા પર પ્રેક્ટિસ સેશનનો એક વીડિયો શેર કર્યો છે, જેમાં હાર્દિક નેટમાં સ્ટેન્ડમાં બોલ મોકલતો જોવા મળી રહ્યો છે. વીડિયોમાં, હાર્દિકે સ્ટેન્ડમાં રહેલા કેટલાક લોકોને એક બાજુ ખસી જવા કહ્યું કારણ કે બોલ ઉંચો જશે. મુખ્ય કોચ ગૌતમ ગંભીરે મજાકમાં પૂછ્યું, "તમે ક્યાં લક્ષ્ય રાખી રહ્યા છો? નોર્થ વિંગ?" હાર્દિકે હસીને જવાબ આપ્યો, "સ્ટેન્ડના પહેલા સ્તરમાં."

આ પછી, જ્યારે હાર્દિકે જોરદાર સિક્સર ફટકારી, ત્યારે કેપ્ટન સૂર્યકુમાર યાદવ પણ ચોંકી ગયા અને શિવમ દુબેને ચીડવતા કહ્યું, "અરે દુબે! હાર્દિકે બીજા સ્તરમાં છગ્ગો માર્યો." દુબેએ પણ મજાકમાં જવાબ આપ્યો, "બોલર બોલ લેગ સાઈડ પર ફેંકી રહ્યો છે, હું સીધો શોટ કેવી રીતે રમી શકું!" આ આખી ક્ષણ ખેલાડીઓ વચ્ચેના બંધન અને ટીમની અંદરના સકારાત્મક વાતાવરણને દર્શાવે છે, ખાસ કરીને શ્રેણીની શરૂઆત પહેલા.

હાર્દિક અને દુબે ઉપરાંત, પ્રેક્ટિસ સેશન દરમિયાન ઈશાન કિશન, અભિષેક શર્મા, સંજુ સેમસન, રિંકુ સિંહ અને અક્ષર પટેલ પણ બેટિંગનો અભ્યાસ કરતા જોવા મળ્યા.

# અગરકર, કૈફ,સેહવાગ, નેહરા અને યુવી સાથે સાથે જોવા મળ્યા: જૂના દિવસોની યાદો તાજી થઈ ગઈ



નવીદિલ્હી,

અજિત અગરકર, મોહમ્મદ કૈફ, વીરેન્દ્ર સેહવાગ અને યુવરાજ સિંહ... ૨૦૦૦ ના દાયકાની શરૂઆતના ભારતીય ટીમના આ સ્ટાર ખેલાડીઓ આજે પણ ક્રિકેટ ચાહકોને ભૂતકાળમાં લઈ જાય છે. આજે, તેઓ બધા અલગ અલગ ભૂમિકાઓ ભજવે છે. અજિત અગરકર હાલમાં પુરુષોની સિનિયર રાષ્ટ્રીય ટીમના મુખ્ય પસંદગીકાર છે. આ ભૂતપૂર્વ ભારતીય ખેલાડીઓનો એક ફોટો વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે બધા સાથે સેલ્ફી લેતા જોવા મળે છે.

ભૂતપૂર્વ ખેલાડી સ્વર્ગસ્થ બિશન સિંહ બેદીના પુત્ર અંગદ બેદીએ તેના ઈન્સ્ટાગ્રામ પર ફોટા શેર કર્યા જેમાં યુવરાજ, કૈફ, સેહવાગ, અગરકર અને આશિષ નેહરા સ્પોર્ટ્સ બ્રોડકાસ્ટર ગૌરવ કપૂર સાથે પોઝ આપતા જોવા મળે છે. બેદીએ ઘણા ફોટા શેર કર્યા જેમાં યુવરાજ તેના જૂના સાથી ખેલાડીઓ સાથે સેલ્ફી લેતા જોવા મળે છે. બેદીએ ફોટા શેર કર્યા અને તેમને કેપ્શન આપ્યું, "ધ બોયઝ ક્લબ."

યુવરાજ, કૈફ અને સેહવાગ તાજેતરમાં એક કોમેડી શોમાં દેખાયા હતા. યુવરાજ અને સેહવાગ ૨૦૦૭ ના ટી ૨૦ વર્લ્ડ કપ અને ૨૦૧૧ ના વનડે વર્લ્ડ કપની વિજેતા ટીમનો ભાગ હતા. આ ખેલાડીઓએ ભારતીય ટીમને ઘણી યાદગાર જીત અપાવી છે. યુવરાજ અને કૈફે ૨૦૦૨ ના નેટવેસ્ટ ફાઈનલમાં શાનદાર ભાગીદારી બનાવી, જેનાથી ભારત ઐતિહાસિક વિજય તરફ દોરી ગયું. ૩૦૦ થી વધુ રનનો પીછો કરતા, ભારતે સચિન તેંડુલકર, સેહવાગ અને સૌરવ ગાંગુલીની વિકેટ ગુમાવી દીધી, પરંતુ કૈફ અને યુવરાજની ભાગીદારીએ લોર્ડ્સમાં ભારતને વિજય અપાવ્યો.યુવરાજ સિંહ, કૈફ, સેહવાગ અને નેહરા ભારતના દિગ્ગજ ખેલાડીઓમાં ગણાય છે. આ ખેલાડીઓ લાંબા સમયથી ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે અને ઘણી યાદગાર અને ઐતિહાસિક જીતનો ભાગ રહ્યા છે.



# નેહા કક્કરે તેના ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર તેના લગ્નને લગતી અટકળો અને અફવાઓ પર સ્પષ્ટતા કરી

મુંબઈ,

બોલીવુડ ગાયિકા નેહા કક્કર સમાચારમાં છે. તેણીએ તેના પતિ રોહનપ્રીત સિંહ સાથે છૂટાછેડાની અફવાઓ પર સ્પષ્ટતા કરી છે. તેણીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી, જેમાં તેણીએ "બધું" થી દૂર રહેવાની વાત કરી. બાદમાં તેણીએ પોસ્ટ ડિલીટ કરી દીધી. હવે, તેણીએ સ્પષ્ટતા જારી કરી છે અને લોકોને અપીલ કરી છે કે તેણીના પતિ કે પરિવારને આ બાબતમાં ન ખેંચે.

નેહા કક્કરે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી, જેમાં જવાબદારીઓ, સંબંધો અને કામમાંથી વિરામ લેવાની વાત કરવામાં આવી. તેણીએ પાપારાઝીને પણ દૂર રહેવા વિનંતી કરી. પછી તેણીએ તે પોસ્ટ ડિલીટ કરી, જેના કારણે તમામ પ્રકારની અટકળો શરૂ થઈ. લોકોએ તેના છૂટાછેડા વિશે પણ વાત કરવાનું શરૂ કર્યું.નેહા કક્કરે ફરીથી તેના ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર તેના લગ્નને લગતી અટકળો અને અફવાઓ પર સ્પષ્ટતા કરી. "કેન્ડી શોપ" ગાયિકાએ લખ્યું, "મિત્રો, કૃપા કરીને મારા નિર્દોષ પતિ અને મારા પ્રેમાળ પરિવારને આમાં ન ખેંચો! તેઓ મારા જીવનના સૌથી ઉમદા લોકો છે, અને હું આજે જે છું તે તેમના સમર્થનને કારણે છું! હું કેટલાક અન્ય લોકો અને સિસ્ટમથી ગુસ્સે છું." મને આશા છે કે તમે સમજશો અને મારા પતિ અને પરિવારને આમાંથી દૂર રાખશો. હા, હું સંમત છું કે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતી વખતે મારે આટલી લાગણીશીલ ન થવું જોઈએ.તેણે માફી માંગી, કહ્યું, "બિચારી ભાવનાત્મક નેહા આ દુનિયા માટે ખૂબ લાગણીશીલ છે! માફ કરશો અને આભાર, મારા પ્રિય મિત્રો. ચિંતા કરશો નહીં, હું ટૂંક સમયમાં ધમાકેદાર પાછી આવીશ! ઘણો પ્રેમ!"

ડિલીટ કરેલી પોસ્ટ્સમાં નેહાએ લખ્યું, "જવાબદારીઓ, સંબંધો, કામ અને હું હમણાં જે કંઈ વિચારી શકું છું તેમાંથી વિરામ લેવાનો સમય આવી ગયો છે. મને ખબર નથી કે હું પાછી આવીશ કે નહીં. આભાર."બીજી પોસ્ટમાં, તેણીએ લખ્યું, "હું પાપારાઝી અને ચાહકોને વિનંતી કરું છું કે તેઓ મારી ગોપનીયતાનો આદર કરે અને મને આ દુનિયામાં મુક્તપણે જીવવા દે. કૃપા કરીને, કોઈ કેમેરા નહીં! મારી શાંતિ માટે તમે આ ઓછામાં ઓછું કરી શકો છો."

# 'બોર્ડર' ના કલાકારોની ફી: સની દેઓલે અક્ષય ખન્ના કરતા ૭૫૭% વધુ ફી લીધી



નવીદિલ્હી,

સની દેઓલ ફરી એકવાર પોતાની ગર્જના સાથે પાકિસ્તાનને પડકારવા આવી રહ્યો છે. "બોર્ડર ૨" ૨૩ જાન્યુઆરીએ રિલીઝ થઈ રહી છે, અને લોકોમાં એક અલગ જ ઉત્સાહ છે. જોકે, તે ૨૯ વર્ષ પહેલા રિલીઝ થયેલી જેપી દત્તાની સુપરહિટ "બોર્ડર" સાથે મેળ ખાય તેવી શક્યતા નથી, કારણ કે તેના પાત્રો, વાર્તા અને ગીતો બધા જ અદ્ભુત હતા. આજે પણ, તેનો પડઘો લોકોના મનમાં જીવંત છે. પરંતુ શું તમે તેના કલાકારોની ફી વિશે જાણો છો? ચાલો તમને જણાવીએ કે કયા અભિનેતાએ સૌથી ઓછો અને કયાએ સૌથી વધુ ફી લીધી.'બોર્ડર' ૧૯૭૧ના લોંગેવાલાના યુદ્ધ પર આધારિત ૨ કલાક, ૫૬ મિનિટ લાંબી યુદ્ધ ફિલ્મ હતી. જેપી દત્તા દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મમાં સની દેઓલ, જેકી શ્રોફ, સુનીલ શેટ્ટી, અક્ષય ખન્ના, પુનીત ઈસ્સાર, સુદેશ બેરી, કુલભૂષણ ખરબંદા, તબ્બુ, પૂજા ભટ્ટ, રાખી ગુલઝાર, શરબાની મુખર્જી, સપના બેદી અને અન્યોએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મનું શૂટિંગ રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં થયું હતું, જ્યાં તેના સેટ બનાવવામાં આવ્યા હતા.અહેવાલ અનુસાર, ૧૦ કરોડ રૂપિયાના બજેટમાં બનેલી આ ફિલ્મ માટે સની દેઓલે સૌથી વધુ ફી લીધી, જે ૧.૨ કરોડ રૂપિયા હતી.

# અક્ષયના નવા શો, "વ્હીલ ઓફ ફોર્ચ્યુન" નું ટ્રેલર રિલીઝ થઈ ગયું



મુંબઈ,

અમે અક્ષય કુમારને ફિલ્મોમાં ઘણી વખત જોયા છે, અને હવે તે ટીવી પર પણ એક શો હોસ્ટ કરતો જોવા મળશે. અક્ષયના નવા શો, "વ્હીલ ઓફ ફોર્ચ્યુન" નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે, અને તે પૈસાનો વરસાદ જોવા મળે છે. બુધવારે રિલીઝ થયેલા શોના ટ્રેલરમાં આ સ્પષ્ટપણે દેખાય છે. રિતેશ દેશમુખ અને તેની પત્ની જેનેલિયા ડિસોઝાએ પણ આ શોમાં ભાગ લીધો હતો. આ શો ૨૭ જાન્યુઆરી, સોમવારથી શુક્રવાર રાત્રે ૯ વાગ્યે સોની લિવ પર પ્રીમિયર થશે.

"વ્હીલ ઓફ ફોર્ચ્યુન" ના ટ્રેલરમાં સ્પષ્ટપણે બતાવવામાં આવ્યું છે કે સ્પર્ધકો પર પૈસાનો વરસાદ થશે. શોમાં કેટલાક સ્પર્ધકો પણ જોવા મળે છે. શોનું ફોર્મેટ એકદમ અનોખું છે અને ખૂબ જ લોકપ્રિય છે. નસીબનું એક ચક્ર છે, અથવા નસીબનું ચક્ર, જે ફરે ત્યારે, તમે તેના પર લખેલા પૈસા જીતી શકો છો. પરંતુ વાર્તા ત્યાં સમાપ્ત થતી નથી; તે અહીંથી શરૂ થાય છે. નસીબના આ ચક્રને ફેરવ્યા પછી, તમારે એક કોયડો પણ ઉકેલવો પડશે. જો તમે સફળ થાઓ છો, તો તમે ઈનામ જીતો છો; જો તમે નિષ્ફળ જાઓ છો, તો તમે રમત હારી જાઓ છો.રિતેશ દેશમુખ અને જેનેલિયા ડિસોઝા પણ દેખાયા. નિર્માતાઓએ તેના ટ્રેલરમાં શોને ટીઝ કર્યો છે. રિતેશ દેશમુખ અને જેનેલિયા ડિસોઝા પણ એક એપિસોડમાં દેખાયા હતા. બંનેએ પોતાનું નસીબ અજમાવ્યું અને નસીબનું ચક્ર ફેરવ્યું. રસપ્રદ વાત એ છે કે, રિતેશનું નસીબ એટલું મજબૂત હતું કે તેનો દાવ ૧ કરોડ રૂપિયા પર જ અટકી ગયો. જોકે, રિતેશ ૧ કરોડ રૂપિયા જીતે છે કે નહીં તે શો જોયા પછી જ નક્કી થશે. શોના પ્રોમો પરથી નક્કી થાય છે કે તે હિટ થવાની અપેક્ષા છે. આ શો ૨૭ જાન્યુઆરીએ સોમવારથી શુક્રવાર રાત્રે ૯ વાગ્યે સોની ટીવી અને સોની લિવ એપ પર પ્રીમિયર થશે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તુ | ક | ત્રિ | ધો | ર | ણ | પ્ર | તી | કા | શ | દ | લી |
| ભો | દ | કો | ક્ષ | ભો | ભા | અ | ક | ર | ર | ધ | મા |
| ર | ક્ષ | ણ | દ | પ્રા | ગં | લ | મા | ર | અ: | અ | ર |
| જ | લી | ત્રિ | ક | ક્ષ | સ | મો | બા | લ | ણ | ઐ | પ્રા |
| મ | ર | વે | ક | દ | વિ | જ્ઞા | કા | દુ | બિ | કા | કા |
| ન | અ | ણી | બ | દ | ર | ગ | ણે | નિ | સા | શિ | અં |
| ળ | ર | દ | અ | શિ | ર | બં | ઊ | યા | બં | કી | ખ |
| પ્રા | બો | કે | ક | ણે | બં | સ | શિ | ચી | દુ | ભા | બા |
| વિ | સા | રા | સ | અ: | કા | ર | કા | ધી | કુ | વિ | નિ |
| ળ | ન | ર | ભા | રી | સ | દ | ર | ફ | અ | વે | ધા |
| ભા | આ | સ | અ | કા | ધ | જ | બં | મા | દ | કા | ધ |
| પ્રા | ર | લ | અં | ક | ધ | તી | ર | ન | અ: | કુ | અ |

શબ્દ શોધો

ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિયા, દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ

# જામનગર એનસીસી ગ્રુપ હેડક્વાર્ટર્સના કેડેટ્સની રોમાંચક તાલીમ

## જામનગર એનસીસી ગ્રુપ હેડ ક્વાર્ટર્સના કમાન્ડર બ્રિગેડિયર પી શશીને ગાર્ડ ઓફ ઓનર આપ્યું







જામનગર : એનસીસી ગ્રુપ જામનગરના આર્મી તથા નેવીના ૫૯૪ કેડેટ્સ ૧૪ થી ૨૩ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન માંડવી (કચ્છ) ખાતે યોજાયેલા રાજયકક્ષાના સંયુક્ત વાર્ષિક કેમ્પમાં ૩૬ ગુજરાત બટાલિયન એનસીસી ભુજ દ્વારા આયોજિત પેરાસેલિંગ તાલીમમાં ભાગ લઈ રહ્યા છે. કેડેટ્સમાં નેતૃત્વ, ટીમવર્ક, શારીરિક તંદુરસ્તી અને માનસિક સ્થિતિસ્થાપકતાને પ્રોત્સાહન આપવાના ભાગ રૂપે આ સાહસિક તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રમાણિત ટ્રેનર્સની નિષ્ણાત દેખરેખ હેઠળ, કેડેટ્સને પેરાસેલિંગના મૂળભૂત સિદ્ધાંતોનો પરિચય કરાવવામાં આવી રહ્યો છે. જેમાં સલામતીના પગલાં, પેરાસેલિંગના સાધનોનું સંચાલન અને હવાઈ નેવિગેશનનો સમાવેશ થાય છે. આ સાહસિક અનુભવે કેડેટ્સને ડરને દૂર કરવા, તેમની મર્યાદાઓનું પરીક્ષણ કરવા અને માંડવીના દરિયાકિનારા ઉપર ઉડાન ભરી આત્મવિશ્વાસ વધારવાની અમૂલ્ય તકો આપી છે.

પેરાસેલિંગ તાલીમ એક રોમાંચક અને લાભદાયી અનુભવ સાબિત થઈ રહ્યો છે. જેનાથી કેડેટ્સના આત્મવિશ્વાસ, હિંમત અને અનુકૂલનક્ષમતા નોંધપાત્ર વધી છે. આવી સાહસિક પ્રવૃત્તિઓ એનસીસી તાલીમનો એક અભિન્ન ભાગ છે, જેનો ઉદ્દેશ્ય લશ્કરી અને નાગરિક જીવન બંને માટે જરૂરી આત્મનિર્ભરતા, શિસ્ત અને નેતૃત્વના ગુણોને પ્રોત્સાહન આપવાનો છે.

જામનગર એનસીસી ગ્રુપ હેડ ક્વાર્ટર્સના ગ્રુપ કમાન્ડર બ્રિગેડિયર પી શશીએ કેડેટ્સના પ્રદર્શન અને ઉત્સાહ પર ગર્વ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "આ યુવા કેડેટ્સે અસાધારણ હિંમત અને શિસ્તનું પ્રદર્શન કર્યું છે. પેરાસેલિંગ એ માત્ર એક સાહસિક રમત નથી પરંતુ નેતૃત્વ, નિર્ણય લેવાની ક્ષમતા અને ભયને દૂર કરવા જેવા મહત્વપૂર્ણ જીવન કૌશલ્યો વિકસાવવા માટેનું એક પ્લેટફોર્મ છે. કેડેટ્સના સર્વાંગી વિકાસને સુનિશ્ચિત કરવા માટે એનસીસી આવી રોમાંચક તકો ઉપલબ્ધ કરાવવા પ્રતિબદ્ધ છે. બ્રિગેડિયર પી શશીએ કેમ્પમાં પરેડ નિરીક્ષણ કરી ગાર્ડ ઓફ ઓનરની સલામી જીલી હતી અને વિવિધ ક્ષેત્રમાં સિદ્ધિ મેળવનાર કેડેટ્સને મેડલ્સથી સન્માનિત કર્યા હતા. પેરાસેલિંગમાં ૩૦ વર્ષનો બહોળો અનુભવ ધરાવનાર ભારતીય વાયુસેનાના વરિષ્ઠ અધિકારી ગ્રુપ કેપ્ટન એન એસ શોકીન (સેવાનિવૃત) ના નિષ્ણાત માર્ગદર્શન હેઠળ કેમ્પમાં કેડેટ્સ પેરાસેલિંગની રોમાંચક તાલીમ લઈ રહ્યા છે. પેરાસેલિંગ પ્રવૃત્તિનું સફળ સમાપન એનસીસી ગ્રુપ જામનગર માટે વધુ એક સીમાચિહ્નરૂપ છે, જે દ્રઝઝ ના સૂત્ર, 'એકતા અને શિસ્ત' અનુસાર જવાબદાર, આત્મવિશ્વાસુ અને સક્ષમ નાગરિકત્વને પ્રેરિત કરી, રાષ્ટ્રીય સેવાના મિશનને સાર્થક કરી રહ્યું છે.

આ કેમ્પમાં યુદ્ધ દરમિયાન માહિતીનું આદાનપ્રદાન, ડ્રોનનુ લોકેશન સ્પોટિંગ - ઓપેરેટિંગ, દેશની સુરક્ષા જાળવવા સચેત નાગરિક તરીકેની ફરજો, નાગરિક સંરક્ષણ, પ્રાથમિક સારવાર વગેરેની ખૂબ ઉપયોગી તાલીમ પણ કેડેટ્સને આપવામાં આવી રહી છે. ૩૬ ગુજરાત બટાલિયન એનસીસી ભુજના કમાન્ડિંગ ઓફિસર કર્નલ વિકાસ પ્રભાકરના માર્ગદર્શન હેઠળ એસોસિએટ એનસીસી ઓફિસર્સ તથા પીઆઈ સ્ટાફની જહેમત સાથે આ વાર્ષિક તાલીમ કેમ્પ સફળતાપૂર્વક આગળ વધી રહ્યો છે.

## જામનગર જિલ્લાનાં તમામ ખેડૂતોને ફાર્મર રજીસ્ટ્રેશન કરવા માટે અનુરોધ

જામનગર : ભારત સરકાર દ્વારા Digital Public Infrastructure fro Agricultureના ભાગ રૂપે Agristack Project અમલમાં મુકવામાં આવ્યો છે. Agristack Project હેઠળ ગુજરાત રાજ્યના તમામ ખેડૂતોના રજીસ્ટ્રેશન માટે ફાર્મર રજીસ્ટ્રી વર્ષ ૨૦૨૪-૨૫ થી અમલમાં મૂકવામાં આવ્યુ છે. જે અંતર્ગત દરેક ખેડૂતને આધાર આઈડી ની જેમ ૧૧ ડિજિટનો યુનિક ફાર્મર આઈડી આપવામાં આવે છે. આ ફાર્મર રજીસ્ટ્રીનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર દ્વારા કૃષિને લગતી વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ રાજ્યના તમામ ખેડૂતોને સરળતાથી, પારદર્શક રીતે અને સમયસર પૂરો પાડવાનો છે.

ભારત સરકાર દ્વારા PM KISAN યોજનાના લાભાર્થી ખેડૂતો માટે આગામી ૨૨મો હપ્તો મેળવવા ફાર્મર રજીસ્ટ્રેશન ફરજિયાત કરવામાં આવ્યું છે. રાજ્યના તમામ ખેડૂતોને ભારત સરકાર અને ગુજરાત સરકારની વિવિધ સહાયકારી યોજનાઓના લાભ સરળતાથી મેળવવા માટે ફાર્મર રજીસ્ટ્રેશન કરાવવું ખૂબ જ જરૂરી છે.

આથી જિલ્લાના તમામ ખેડૂત ખાતેદારો તાત્કાલિક ફાર્મર રજીસ્ટ્રેશન જે-તે ગામના VCE/VLE (ઓપરેટર) અથવા જનસેવા કેન્દ્ર મારફતે કરાવી શકશે. તદઉપરાંત ખેડૂત દ્વારા જાતે મોબાઈલ મારફતે gjfr.agristack.gov.in લીક દ્વારા સેલ્ફ રજીસ્ટ્રેશન પણ કરી શકાય છે. ફાર્મર રજીસ્ટ્રેશન માટે જરૂરી દસ્તાવેજ, આધાર કાર્ડ, આધારથી લિન્ક મોબાઈલ નંબર અને જમીનની વિગતો સાથે રાખવી/ લઈ જવાની રહે છે. તેમ જામનગર મદદનીશ ખેતી નિયામક (વિ.) પેટા વિભાગની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## જામનગર જિલ્લામાં દીકરીઓ સુધી 'વ્હાલી દીકરી' યોજનાનો લાભ પહોંચાડવા ખાસ ઝુંબેશનું

### લાભાર્થી દીકરીને કુલ રૂ.૧ લાખ ૧૦ હજારની સહાય ચુકવવામાં આવશે

જામનગર : જામનગર જિલ્લાની વધુમાં વધુ દીકરીઓ સુધી રાજ્ય સરકારની મહત્વાકાંક્ષી ''વ્હાલી દીકરી'' યોજનાનો લાભ પહોંચાડવાના હેતુસર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ માટે સંબંધિત વિસ્તારની મામલતદારની કચેરી તેમજ ગ્રામ્ય/ તાલુકા કક્ષાએથી અરજીફોર્મ મેળવી શકશે. ''વ્હાલી દિકરી'' યોજના અંતર્ગત અરજદાર પોતે પણ રૅ://ીદ્ધકરૈક્ષક્ષઅઠહ.પ્રૅદ્ધકજક.ર્ષ્દૈ.હ/ વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરી શકશે.

ગુજરાતમાં દીકરીઓના કલ્યાણ માટે સરકાર કટિબદ્ધ છે. આ કટિબદ્ધતાને સાર્થક કરવા, દીકરીઓના જન્મને પ્રોત્સાહન આપવા, સ્ત્રીભ્રુણ હત્યા અટકાવવા, સ્ત્રી શિક્ષણના દરમાં વધારો કરવા, તેમજ સમાજમાં સ્ત્રીઓના સ્થાનને વધુ મજબુત બનાવવા સહિતના ઉદેશોને સિદ્ધ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯થી ''વ્હાલી દિકરી'' યોજના અમલમાં મુકવામાં આવી છે.

''વ્હાલી દિકરી'' યોજના અંતર્ગત લાભાર્થીને દીકરીને કુલ રૂ. ૧,૧૦,૦૦૦ની સહાય ત્રણ હપ્તામાં આપવામાં આવે છે. જેમાં, પ્રથમ હપ્તો: દીકરીને પ્રથમ ધોરણમાં પ્રવેશ સમયે રૂ. ૪૦૦૦ સહાય મળવાપાત્ર રહેશે. બીજો હપ્તો: દીકરીને નવમાં ધોરણમાં પ્રવેશ સમયે રૂ. ૬૦૦૦ સહાય મળવાપાત્ર રહેશે. ત્રીજો હપ્તો/છેલ્લો હપ્તો: દીકરીને ૧૮ વર્ષની ઉમરે પહોચે ત્યારે ઉચ્ચ શિક્ષણ/લગ્ન સહાય તરીકે રૂ. ૧,૦૦,૦૦૦ ની સહાય મળવાપાત્ર રહેશે. લાભાર્થીઓ અરજી સાથે લાભાર્થી દીકરીનું જન્મ પ્રમાણપત્ર, લાભાર્થી દીકરીનું આધારકાર્ડ, માતા-પિતાનું લગ્ન નોધણી પ્રમાણપત્ર, માતા-પિતાનું આધારકાર્ડ, રેશનકાર્ડ (લાભાર્થી દીકરીનું નામ રેશનકાર્ડમાં હોવું જરૂરી), નિયત નમુના મુજબ સ્વ-ઘોષણા, માતા-પિતા/વાલીનું કુલ વાર્ષિક આવક પ્રમાણપત્ર, નિયત એકરારનામું, લાભાર્થી દિકરી અથવા માતા-પિતાના બેંક ખાતાની પાસબુકની નકલ સહિતના આધાર પુરાવા સાથે મહિલા અને બાળ અધિકારીની કચેરી જામનગર ખાતે અથવા ગ્રામ પંચાયતોમાં ફઝઈ મારફતે રજુ કરાવી શકશે. ''વ્હાલી દિકરી'' યોજના અંગે વધુ માહિતી માટે કચેરીનો સંપર્ક કરવા જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી, JMC કોમર્શીયલ કોમ્પ્લેક્ષ, બીજો માળ, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## જામનગર જીલ્લામાં પરપ્રાંતીયને મકાન ભાડે આપ્યાની વિગતો પોલીસમાં જમા કરાવવા જાહેરનામુ

જામનગર : જામનગર જિલ્લામાં ભૂતકાળમાં બનેલ લૂંટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા બનાવોના આરોપીઓની વિગતો જોતા ઘણા કિસ્સાઓમાં કારખાના, મકાન બાંધકામમાં, ફાઉન્ડ્રી ઉદ્યોગમાં, હીરા ઉદ્યોગમાં, ફેક્ટરીઓમાં તેમજ ખેતિ અને વેપાર ધંધામાં મજુર તરીકે કામ કરતા કારીગરો આવા ગુન્હોમાં સામેલ હોવાનું જોવા મળ્યુ છે. જેઓ આવા ગુન્હાઓ આચર્યા બાદ જિલ્લામાંથી કે રાજયમાંથી નાસી જતા હોય છે. તેમજ ઘણા કિસ્સામાં અન્ય જિલ્લા કે રાજયમાં ગંભિર ગુન્હાઓ આચરી જામનગર જિલ્લામાં છુપાઈને રહેતા હોવાથી ઘણા ગુન્હાઓની તપાસ અધૂરી રહે છે. માટે જામનગર જિલ્લાના વિસ્તારની સલામતી અને શાંતિ જાળવવા સારુ આવા નાગરિકો/વ્યક્તિઓની માહિતિ એકઠી કરવી ખુબ જ જરૂરી છે. જેને લઈને અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે.

જાહેરનામાં મુજબ જામનગર મહાનગરપાલિકા વિસ્તાર સહિત સમગ્ર જામનગર જિલ્લાના તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સ, ફાઉન્ડ્રી ઉદ્યોગ, ખેતી તેમજ અન્ય ફેક્ટરી ઉદ્યોગ, વેપાર-ધંધા સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેક્ટરના માલિકો અને મેનેજમેન્ટ કે જેઓના યુનીટમાં કર્મચારીઓ, કારીગરો, શ્રમિકો કે ભાગીયાઓ હાલમાં કાર્યરત છે તેવા કાયમી, હંગામી કે કોન્ટ્રાક્ટ બેઝના કર્મચારીઓ/કારીગરો/શ્રમિકોની વિગતો જેમાં પેઢીના/માલીક/ખેડૂતનું નામ તથા સરનામું તથા ધંધાની વિગત, માલીકના મોબાઈલ નં. તથા ધંધાના સ્થળના ટેલીફોન નંબર, કામે રાખેલ કર્મચારી/ કારીગર /મજૂર/ભાગીયા નું પુરૂ નામ, ઓળખ ચીન્હ, હાલનું સરનામું તથા મોબાઈલ નંબર, મુળ વતનનું પુરુ સરનામું તથા વતનના ટેલિફોન નંબર, પૂર્વ ઈતિહાસ, નાગરિક્તા અને ઓળખ નક્કી થઈ શકે તેવા તમામ આધારા પુરાવા (ચૂંટણીકાર્ડ, પાસપોર્ટ, આધારકાર્ડ, રેશનકાર્ડ) વિગેરે, કર્મચારી / કારીગર / મજૂર/ભાગીયાને નોકરીમાં રાખ્યાની તારીખ, અગાઉ જે સ્થળે કામ કરતા હોય તે માલકીનું પુરૂ નામ, સરનામું તથા મોબાઈલ નંબર, કોના રેફરન્સ/પરીચયથી નોકરીએ રાખેલ છે, તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું, ટેલિફોન અને મોબાઈલ નંબર, બે થી ત્રણ સગા સબંધીના પુરા નામ તથા સરનામા (તેમના વતન સહીતના) તથા ટલિફોન અને મોબાઈલ નંબર, ફોટો હથિયાર ધરાવતા હોય તો તેની વિગતો અંગેની માહિતી તથા ગુજરાત રાજ્યના કે અન્ય રાજ્યો/દેશમાંથી આવેલા વ્યક્તિને મકાન ભાડા પેટે આપવામાં આવે ત્યારે મકાન ભાડે અપાવનાર દલાલ અને મકાન માલિકે મકાન ભાડે આપ્યા અંગેની માહીતી જેમાં મકાન માલિકનુ નામ તથા રહેઠાણનું સરનામું, જે મકાન ભાડે આપેલ હોય તે મકાનનું નામ તથા સરનામું, મકાન ભાડે આપ્યાની તારીખ, મકાન ભાડે રાખનાર વ્યક્તિનું નામ/સરનામું/ ઓળખકાર્ડ/ચૂંટણીકાર્ડ / ડ્રા ઈવીંગ લાઈસન્સનો પુરાવો, મકાન ભાડે રાખનાર મુળ ક્યાના રહેવાસી છે તે વતનના પુરા સરનામા તથા વતનની બે વ્યક્તિના નામ, સરનામા તથા ફોન નંબર, મકાન માલિક અને ભાડુઆત તરીકે સંપર્ક કરાવનાર એજન્ટ/દલાલનું નામ સરનામું/ફોન નંબર તૈયાર કરી સબંધિત પોલીસ સ્ટેશનને ૧૫દિવસમાં આપવાની રહેશે. આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમ જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે.

## દ્વારકા જિલ્લાવાસીને બિનજરૂરી વીજ વપરાશ ટાળવા અનુરોધ કરતા જિલ્લા કલેકટર



દ્વારકા : હાલના આધુનિક સમયમાં કોઈપણ વ્યક્તિને વીજ પુરવઠા વગર ચાલે તેમ જ નથી. ત્યારે વીજ પુરવઠાની સતત વધી રહેલી માંગ સામે વીજ બચત જ એકમાત્ર ઉપાય છે.

આ અંગે દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર રાજેશ તન્નાએ જિલ્લાવાસીઓને જણાવ્યું હતું કે, વીજળી આપણા જીવનનો મહત્વપૂર્ણ સ્રોત છે. તેથી જ તેનો યોગ્ય અને મર્યાદિત ઉપયોગ કરવો આપણા સૌની નૈતિક ફરજ છે. રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ પણ બિનજરૂરી વીજ વપરાશનો ઉપયોગ ટાળવા માટે અનુરોધ કર્યો છે ત્યારે અનાવશ્યક રીતે વીજ ઉપકરણો જેવા કે, લાઈટ, પંખા, ટીવી, એસી અને અન્ય વિદ્યુત ઉપકરણો ચાલુ રાખવાથી વીજળીનો વ્યય થાય છે. વ્યક્તિગત અને સરકારી કચેરીઓમાં વીજળીનો યોગ્ય ઉપયોગ કરવો એ દરેક કર્મચારીની નૈતિક જવાબદારી છે. કાર્યસ્થળ હોય કે ઘર, ઓફિસ હોય કે અન્ય કોઈ સ્થળ દરેક જગ્યા પર કામ પૂર્ણ થયા પછી લાઈટ, પંખા, એસી, કમ્પ્યુટર સહિત અન્ય વિદ્યુત ઉપકરણોને બંધ કરવાનું ભૂલવું ન જોઈએ. એમાં પણ જો દિવસ દરમિયાન શક્ય તેટલું કુદરતી પ્રકાશનો ઉપયોગ કરવો જોઈએ. ઉર્જા બચતવાળા ઉપકરણોનો ઉપયોગ કરીને આપણે વીજળી વપરાશને બચાવી શકીએ છીએ.

ઉર્જા બચતવાળા બલ્બ (LED) અને આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરવાથી વીજળીની બચત થાય છે. તેમજ અનાવશ્યક વીજ વપરાશથી સરકાર પર વધારાનો ખર્ચ આવે છે, તેથી વીજળી બચાવીને રાષ્ટ્રના સંસાધનોનું સંરક્ષણ કરી શકાય છે.

વધુમાં કલેકટરએ કહ્યું કે, કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ જેવી કે, પી.એમ.સૂર્યઘર (રૂફટોપ સોલાર સ્કીમ) તેમજ ખેડૂતો માટે પી.એમ.કુસુમ (પ્રધાનમંત્રી કિશાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન અભિયાન) તેમજ અન્ય યોજનાઓ હેઠળ હાલ વીજળી બચાવવા, ખર્ચ ઘટાડવા અને નવીનીકરણીય ઉર્જા અપનાવવાને પ્રોત્સાહન આપવા માટે ઘણી સરકારી યોજનાઓ સક્રિય છે, જેમાં સૌર ઉર્જા અને ઉર્જા-કાર્યક્ષમ ઉપકરણો પર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. તો મારો સૌ જિલ્લાવાસીઓને ખાસ અનુરોધ છે કે, આપણે સૌ વીજ બચતનો નાના પ્રયાસ શરૂ કરીને ''વીજ બચાવો– ભવિષ્ય બચાવો'' આ સૂત્રને જીવનમાં ઉતારીને પર્યાવરણ સંરક્ષણ અને રાષ્ટ્રનિર્માણમાં વિશેષ યોગદાન આપીએ.

## જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી કાલાવડ નવા એપીએમસી ગ્રાઉન્ડમાં થશે

જામનગર : દેશભરમાં પ્રજાસત્તાક પર્વની શાનદાર રીતે ઉજવણી કરવામાં આવે છે. ત્યારે જામનગર જિલ્લામાં પ્રજાસત્તાક પર્વની ઉજવણીના આયોજન અંગે કલેકટર કચેરીના સભાખંડમાં કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં આવેલ નવા એપીએમસી ગ્રાઉન્ડમાં જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી કલેક્ટરની અધ્યક્ષતામાં કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમની શાનદાર રીતે ઉજવણી થાય તેના ભાગરૂપે વિવિધ વિભાગના અધિકારીઓને કલેકટરશ્રી દ્વારા સૂચનો આપવામાં આવ્યા હતા. તેમજ કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરી તે દિશામાં કામગીરી કરવા જણાવવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, અધિક નિવાસી કલેકટર શારદા કાથડ, પ્રાંત અધિકારીઓ તથા લગત વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

## જામનગરમાં યોજાશે બ્રાઈટ સ્ટુડન્ટ સ્કોલરશીપ પરીક્ષા

જામનગર : શ્રી ઉમિયા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ-જામનગર સંચાલિત શ્રીમતી વીજયાબેન જીવનભાઈ ગોવાણી, વિધાલય, લાલવાડી, જામનગર દ્વારા હાલ ધોરણ ૫ થી ૯ (ગુજરાતી-અંગ્રેજી માધ્યમ, ગુજરાત બોર્ડ)માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે એક સ્કોલરશીપ પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્કોલરશીપ પરીક્ષા તા. ૧/૨/૨૦૨૬ને રવિવારના રોજ યોજાનાર છે. પરીક્ષાનો સમય: સવારે ૧૦થી ૧૧:૩૦નો રહેશે. આ પરીક્ષામાં જોડાવા માટે ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૬/૧/૨૦૨૬ છે.

પરીક્ષા આપવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ સંસ્થાના આપેલ નંબર પર વોટ્સઅપ દ્વારા જાણ કરી ફોર્મ ભરવાની લીક મેળવી લેવાની રહેશે. પરીક્ષા પદ્ધતિ તથા વધારાની વિગત માટે આપેલ નંબર પર સંપર્ક કરવાનો રહેશે. સંપર્ક નંબર - ૯૫૮૬૪ ૧૮૧૯૧.

## દ્વારકા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શાળા સલામતી સપ્તાહની ઊજવણી

દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં આગામી તા.૨૭ થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી શાળા સલામતી સપ્તાહ ૨૦૨૬ની ઊજવણી કરવામાં આવશે. રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમાં આપત્તિ સામે સાવચેતી વિશે માર્ગદર્શન મળી રહે તે માટે શિક્ષણ વિભાગના પરામર્શમાં રહી તા.૨૭ થી તા.૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી રાજયની તમામ પ્રાથમિક શાળાઓમાં 'શાળા સલામતી સપ્તા ૨૦૨૬ ની ઊજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં પણ શાળા સલામતી સપ્તાહ ૨૦૨૬ ની ઊજવણી કરવામાં આવશે.

આ ઊજવણી દરમ્યાન ફાયર સેફટી ડેમોન્સ્ટ્રેશન, એનડીઆરએફ / એસડીઆરએફનું રેસ્કયુ નિદર્શન, મોકડ્રીલ, શોધ અને બચાવ, પ્રાથમિક સારવાર અંગે સમજ, ૧૦૮/ઈન્ડીયન રેડક્રોસ દ્વારા પ્રાથમિક સારવાર તાલીમ, આઈએસઆર દ્વારા ભૂકંપ વિષયક પ્રેઝન્ટેશન, રોડ સેફટી, ઔદ્યોગિક એકમોની સેફટી અને ફાયર વિભાગ, આઈઈસી એકઝીબીશન, આપત્તિ, જોખમ અસુરક્ષિતતા અને ક્ષમતાની સમજ, શાળા આપત્તિ વ્યવસ્થાપન યોજનાની સમજ આપવી અને ચિત્ર, નિબંધ તેમજ વકતૃત્વ સ્પર્ધાઓ વગેરેનું આયોજન કરવામાં આવનાર છે.

## વસંત પંચમી : વિદ્યા, સંસ્કૃતિ અને નવી શરૂઆતનો પર્વ

જામનગર : ભારતીય સંસ્કૃતિમાં વસંત પંચમી એક અત્યંત પવિત્ર અને આનંદદાયક તહેવાર તરીકે ઉજવાય છે. માઘ માસની શુક્લ પંચમીના દિવસે આવતો આ તહેવાર વસંત ઋતુના આગમનનું પ્રતીક છે. આ દિવસથી પ્રકૃતિમાં નવી ચેતના, હરિયાળી અને આનંદ જોવા મળે છે.

વસંત પંચમીના દિવસે વિદ્યાની દેવી માં સરસ્વતીની વિશેષ પૂજા કરવામાં આવે છે. જ્ઞાન, કલા, સંગીત અને શિક્ષણ સાથે જોડાયેલા લોકો માટે આ દિવસ વિશેષ મહત્વ ધરાવે છે. વિદ્યાર્થીઓ નવા અભ્યાસ, પુસ્તકો કે લેખન કાર્યનો આરંભ આ શુભ દિવસે કરે છે, જેને ''વિદ્યારંભ'' તરીકે ઓળખવામાં આવે છે.

આ તહેવારમાં પીળા રંગનું ખાસ મહત્વ છે, કારણ કે પીળો રંગ સમૃદ્ધિ, ઉર્જા અને આનંદનું પ્રતીક માનવામાં આવે છે. ઘણા સ્થળોએ લોકો પીળા વસ્ત્રો ધારણ કરે છે અને પરંપરાગત ભોજનનો આનંદ લે છે. વસંત પંચમી માત્ર ધાર્મિક તહેવાર જ નથી, પરંતુ તે જીવનમાં સકારાત્મકતા, નવી આશાઓ અને સંસ્કૃતિના સંરક્ષણનો સંદેશ આપે છે. બદલાતા સમયગાળા વચ્ચે પણ આ તહેવાર આપણને વિદ્યા, સંયમ અને સંસ્કારના મૂલ્યો સાથે જોડીને રાખે છે.

**- નંદિની નાયડુ**

## ટાટા કેમિકલ્સ લિ. ૨૫મી આર પ્રભાકર મેમોરિયલ ઓપન સૌરાષ્ટ્ર હાફ મેરેથોનનું આયોજન







મીઠાપુર : ટાટા કેમિકલ્સ લિમિટેડે તા. ૪ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ મીઠાપુરમાં ૨૫મી શ્રી આર. પ્રભાકર મેમોરિયલ ઓપન સૌરાષ્ટ્ર હાફ મેરેથોનનું આયોજન કર્યું હતું, જેમાં સ્વર્ગસ્થ શ્રી આર. પ્રભાકરના વારસાને માન આપવા ઉપરાંત સ્થાનિક સમુદાયમાં સ્વાસ્થ્ય અને ફિટનેસને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૨ રન કેટેગરીઝ હતી, એટલે કે હાફ મેરેથોન (૨૧.૧ કિમી) અને ૧૦ કિમી રન, જેમાં વિવિધ વય જૂથો અને પૃષ્ઠભૂમિના લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

મેરેથોન સવારે ૬ વાગ્યે શરૂ થઈ હતી, જેમાં ૫૧૯ સહભાગીઓએ ભાગ લીધો હતો, જેમાં ૧૧૪ હાફ મેરેથોનમાં અને ૪૦૫ લોકોએ ૧૦ કિમીમાં ભાગ લીધો હતો, જે અત્યાર સુધીની સૌથી વધુ ભાગીદારી છે. ટાટા કેમિકલ્સના કુલ ૧૯૦ કર્મચારીઓ સાથે, બધા સહભાગીઓએ નોંધપાત્ર ઉત્સાહ દર્શાવ્યો હતો, જેમાં સ્થિતિસ્થાપકતા અને સામૂહિક સુખાકારીની ભાવના જોવા મળી હતી.

દરેક રનરને દોડ પૂરી કરવાના સમય સાથે મેડલ અને ડિજિટલ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું, જે આરોગ્ય અને તંદુરસ્તી પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ વાર્ષિક પરંપરા તેમાં ભાગ લેનાર લોકોના ઉત્સાહની ઉજવણી કરે છે.

હાફ મેરેથોન કેટેગરીમાં, પ્રવીણ કશ્યપ વિજેતા બન્યા હતા, જેમણે ૧:૧૯:૩૪ કલાકના સમયમાં દોડ પૂર્ણ કરી હતી, જ્યારે રાજેશ નકુમે ૧:૨૯:૦૭ કલાકના સમય સાથે રનર-અપનું સ્થાન મેળવ્યું હતું. એમ્પ્લોય કેટેગરીમાં, પરેશ ગિરી ગોસાઈ અને જગદીશ સિંહ વાઢેરે અનુક્રમે ૧:૪૨:૩૫ કલાક અને ૧:૪૨:૩૭ કલાકના સમય સાથે વિજેતા અને રનર-અપનું સ્થાન મેળવ્યું હતું.

મહિલા વર્ગમાં, સંગીતા કાંબાડ ૨:૧૭:૧૮ કલાકના સમય સાથે વિજેતા બન્યા હતા, જ્યારે પ્રતિભા ભગવાનપ્પા ૨:૨૩:૧૨ કલાકના સમય સાથે હાફ મેરેથોનમાં બીજા ક્રમે રહ્યા હતા. દરમિયાન, લક્ષ્મીબેન હાથિયા અને પ્રીતિ લિમ્બાસિયા ૧૦ કિમી શ્રેણીમાં અનુક્રમે ૧:૧૩:૧૮ કલાક અને ૧:૧૭:૨૬ કલાકના સમય સાથે વિજેતા અને બીજા ક્રમે રહ્યા હતા.

સિનિયર સિટીઝન કેટેગરીમાં, નવીન ભાઈ ખોડિયાર અને જગદીશ રામાણીએ અનુક્રમે ૨:૪૯:૩૬ કલાક અને ૩:૦૦:૩૧ કલાકના સમય સાથે હાફ મેરેથોન પૂર્ણ કરી હતી, જ્યારે કલ્પના પંડ્યાએ ૧૦ કિલોમીટરનું અંતર ૧:૪૬:૦૭ કલાકમાં પૂર્ણ કર્યું હતું.

૧૯૯૫માં તેની શરૂઆત થઈ ત્યારથી, મેરેથોન સમુદાયની ભાવનાના નિર્માણ અને સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બની ગયું છે. આ વાર્ષિક ઉજવણી માત્ર એક રમતગમતની ઘટના કરતાં વધુ છે, જે ટાટા કેમિકલ્સના સમુદાયના સભ્યો વચ્ચે મિત્રતા અને જોડાણને પ્રોત્સાહન આપવાના સમર્પણને દર્શાવે છે.

## અવસાન નોંધ

જામનગર : ઔદિચ્ય ખરેડી બ્રાહ્મણ દિલીપભાઈ પ્રભુલાલ ભટ્ટ ઉ.વ.૭૪ રીટાયર્ડ ત્રસ્ઝ તે સ્વ.ડો.મગન ભાઈ ભટ્ટ ના નાના ભાઈ તથા સ્વ.રસીક ભાઈ ભટ્ટ ના મોટાભાઈ,સ્વ. પ્રભુલાલ હરીશંકર ભટ્ટ ના સુપુત્ર નો તા.૨૧-૧-૨૬ ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. તેઓ પારુલ બેન ના પતિ, ચિ.કુંજલ બેન (એસબીઆઈ) અને ચિ. પ્રચેતના પિતા.સ્વ. ઉષાબેન, સ્વ.વર્ષાબેન, પ્રવિણાબેન,કિરણબેન, જ્યોતિબેનના ભાઈ, ડો. ધીરૂભાઈ, નિરંજન ભાઈ, સ્વ.નિર્ભયભાઈ. સ્વ. યોગેશભાઈ, ડો.અવિનાશ ભાઈ (પૂર્વ મેયર)ના કાકાના દીકરા થાય. સદગતની પ્રાર્થનાસભા તા.૨૩ને શુક્રવારના રોજ પાબારી હોલ તળાવની પાળ,સાંજે ૪- થી ૪-૩૦ સુધી રાખવામાં આવેલ છે.

જામનગર : ધ્રાફા નિવાસી હાલ જામનગર સ્વ.પોપટલાલ વાઘજી દોશીના પુત્ર દિલીપભાઈ પોપટલાલ દોશી (ઉ.વ. ૭૨) તે હર્ષિદાબેનના પતિ તથા સ્વ. કિશોરભાઈ, સ્વ. રમેશભાઈ, સ્વ. સતિષભાઈ, સ્વ. દિપકભાઈના ભાઈ તથા વૈશાલી, મિતલ, શ્રદ્ધાના પિતા તથા કાર્તિકકુમાર, અંકિતકુમાર, પ્રશાંતકુમારના સસરા તથા સ્વ. જયચંદ તલકશી ફોફરીયાના જમાઈનું તા.૨૨ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા.૨૪ને શનિવારના રોજ સવારે ૧૦ વાગ્યે લીમડાવાળા ઉપાશ્રય, મોટી પોસ્ટ ઓફિસ પાસે, ચાંદી બજાર, જામનગર ખાતે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# નાટોના વડા સાથે વાતચીત કર્યા પછી ટ્રમ્પે ગ્રીનલેન્ડ પર ટેરિફની ધમકી રદ કરી

## ડેનમાર્કના વિદેશ પ્રધાન લાર્સ લોકે રાસમુસેને ટ્રમ્પના ટેરિફ લાદવાની યોજનાઓને પડતી મૂકવાના નિર્ણયનું સ્વાગત કર્યું

દાવોસ,

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે તેઓ આર્ક્ટિક સુરક્ષા પર કેન્દ્રિત "ભવિષ્યના સોદા માટેનું માળખું" પર નાટોના સેક્રેટરી જનરલ માર્ક રુટ સાથે સમજૂતી કર્યા પછી ગ્રીનલેન્ડ પર ઘણા યુરોપિયન દેશો પરના ટેરિફ ધમકીને રદ કરી રહ્યા છે.

તેમના ટ્રૂથ સોશિયલ પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં, ટ્રમ્પે જણાવ્યું હતું કે નાટોના વડા સાથે ચર્ચા કર્યા પછી ૧ ફેબ્રુઆરીથી લાગુ થનારા ટેરિફ હવે આગળ વધશે નહીં"નાટોના સેક્રેટરી જનરલ, માર્ક રુટ સાથે મારી ખૂબ જ ઉત્પાદક બેઠકના આધારે, અમે ગ્રીનલેન્ડ અને હકીકતમાં, સમગ્ર આર્કટિક ક્ષેત્રના સંદર્ભમાં ભવિષ્યના સોદાનું માળખું બનાવ્યું છે. જો આ ઉકેલ પૂર્ણ થાય, તો તે યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા અને બધા નાટો રાષ્ટ્રો માટે એક મહાન રહેશે. આ સમજણના આધારે, હું ૧ ફેબ્રુઆરીથી અમલમાં આવનારા ટેરિફ લાદીશ નહીં," ટ્રમ્પે લખ્યું

તેમણે વધુમાં જણાવ્યું કે ગ્રીનલેન્ડ સંબંધિત "ગોલ્ડન ડોમ" પર વાટાઘાટો ચાલુ છે. "ચર્ચા આગળ વધતાં વધુ માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ, સેક્રેટરી ઑફ સ્ટેટ માર્કો રુબિયો, ખાસ દૂત સ્ટીવ વિટકોફ અને અન્ય ઘણા લોકો, જરૂર પડ્યે, વાટાઘાટો માટે જવાબદાર રહેશે - તેઓ સીધા મને રિપોર્ટ કરશે."ડેનમાર્કના વિદેશ પ્રધાન લાર્સ લોકે રાસમુસેને ટ્રમ્પના ટેરિફ લાદવાની યોજનાઓને પડતી મૂકવાના નિર્ણયનું સ્વાગત કર્યું. "આજનો દિવસ શરૂઆત કરતાં વધુ સારી રીતે સમાપ્ત થઈ રહ્યો છે. અમે સ્વાગત કરીએ છીએ કે પોટસે ગ્રીનલેન્ડને બળજબરીથી કબજે કરવાનો ઈનકાર કર્યો છે અને વેપાર યુદ્ધને થોભાવ્યું છે. હવે, ચાલો બેસીને શોધીએ કે આપણે કોઓડીની લાલ રેખાઓનું સન્માન કરીને આર્કટિકમાં અમેરિકન સુરક્ષા ચિંતાઓને કેવી રીતે સંબોધી શકીએ," રાસમુસેને એક ઠ પોસ્ટમાં કહ્યું.ટ્રમ્પની સોશિયલ મીડિયા પર જાહેરાત દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં એક ભાષણમાં કહ્યું હતું કે તેઓ ડેનિશ પ્રદેશ કબજે કરવા માટે લશ્કરી બળનો ઉપયોગ કરવાની ધમકીથી પીછેહઠ કરી રહ્યા છે.

# યુ.એસ પ્રમુખ ટ્રમ્પના શાંતિ બોર્ડમાં જોડાવા માટે આઠ ઈસ્લામિક દેશો સહમત થયા

## "બોર્ડ ઓફ પીસ" માં જોડાવા ૫૦ દેશોને આમંત્રણ : ૩૦ દેશો બોર્ડમાં જોડાવાની અપેક્ષા

વોશિંગટન,

અરબ રાષ્ટ્રો સહિત આઠ ઈસ્લામિક દેશોના વિદેશ પ્રધાનોએ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ગાઝા માટે "બોર્ડ ઓફ પીસ" માં જોડાવાના આમંત્રણનો સ્વીકાર કર્યો છે, જેથી મુશ્કેલીગ્રસ્ત વિસ્તારમાં શાંતિ લાવવાના પ્રયાસોને ટેકો મળી શકે.

એક સંયુક્ત નિવેદનમાં, કતાર, તુર્કી, ઈજિપ્ત, જોર્ડન, ઈન્ડોનેશિયા, પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાતના વિદેશ પ્રધાનોએ જણાવ્યું હતું કે તેઓ ટ્રમ્પ દ્વારા તેમના નેતાઓને સંસ્થામાં જોડાવા માટે આપવામાં આવેલા આમંત્રણનું સ્વાગત કરે છે અને સહી કરવા માટે "સહયોગ્ય નિર્ણય" લીધો છે. "મંત્રીઓ શાંતિ બોર્ડમાં જોડાવા માટે તેમના દેશોના સહિયારા નિર્ણયની જાહેરાત કરે છે. દરેક દેશ તેમના સંબંધિત કાનૂની અને અન્ય જરૂરી પ્રક્રિયાઓ અનુસાર જોડાવાના દસ્તાવેજો પર હસ્તાક્ષર કરશે, જેમાં આરબ રિપબ્લિક ઓફ ઈજિપ્ત, ઈસ્લામિક રિપબ્લિક ઓફ પાકિસ્તાન અને સંયુક્ત આરબ અમીરાતનો સમાવેશ થાય છે, જેમણે પહેલાથી જ જોડાવાની જાહેરાત કરી છે," મંત્રીઓએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

મંત્રીઓએ ટ્રમ્પના નેતૃત્વમાં શાંતિ પ્રયાસો માટે તેમના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો અને કહ્યું કે તેઓ ગાઝામાં યુદ્ધનો અંત લાવવાની વ્યાપક યોજના હેઠળ સંક્રમણકારી વહીવટ તરીકે શાંતિ બોર્ડના મિશનના અમલીકરણને સમર્થન આપવા માટે પ્રતિબદ્ધ છે.

ઘણા દેશોને શાંતિ બોર્ડમાં જોડાવા માટે આમંત્રણો મળ્યા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને પણ બોર્ડમાં જોડાવા માટે આમંત્રણ મળ્યું છે. ઘણા યુરોપિયન દેશોએ તેમના આમંત્રણોનો ઈનકાર કર્યો છે. ઘણાએ હજુ સુધી ટ્રમ્પના આમંત્રણનો જવાબ આપ્યો નથી.ટ્રમ્પની અધ્યક્ષતામાં, બોર્ડની કલ્પના મૂળ રીતે ગાઝા યુદ્ધવિરામ યોજનાનું નિરીક્ષણ કરતા વિશ્વ નેતાઓના નાના જૂથ તરીકે કરવામાં આવી હતી.

### બોર્ડમાં જોડાવા માટે સંમત થયેલા દેશો

- આર્જેન્ટિના
- આર્મેનિયા
- અઝરબૈજાન
- બહેરીન
- બેલારુસ
- ઈજિપ્ત
- હંગેરી
- ઈન્ડોનેશિયા
- જોર્ડન
- કઝાકિસ્તાન
- કોસોવો
- મોરોક્કો
- પાકિસ્તાન
- કતાર
- સાઉદી અરેબિયા
- તુર્કી

# પશ્ચિમ નાઈજરમાં બંદૂકધારીઓએ ૩૧ ગ્રામજનોની હત્યા કરી



નિયામી,

પશ્ચિમ નાઈજરના એક ગામમાં બંદૂકધારીઓ દ્વારા કરવામાં આવેલા ઘાતક હુમલામાં ઓછામાં ઓછા ૩૧ લોકો માર્યા ગયા. વિદ્યાર્થી સંગઠનો અને એક સ્થાનિક રહેવાસીએ આ અહેવાલ આપ્યો. એક સંયુક્ત નિવેદનમાં, નાઈજીરિયન વિદ્યાર્થીઓના સંઘ અને ગોરોલ સાથે જોડાયેલા અન્ય વિદ્યાર્થી સંગઠનોએ જણાવ્યું હતું કે તિલાબેરી પ્રદેશના ગોરોલમાં હુમલો થયો હતો. કાયદાવિહીન વ્યક્તિઓએ ૩૧ લોકો માર્યા ગયા હતા.હુમલામાં ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે, નિવેદનમાં હુમલો કોણે કર્યો તે સ્પષ્ટ કરવામાં આવ્યું નથી, અને હજુ સુધી કોઈ સંગઠને જવાબદારી સ્વીકારી નથી.

એ નોંધવું જોઈએ કે ઈસ્લામિક સ્ટેટ સાથે જોડાયેલા સંગઠન સહિત વિવિધ ઉગ્રવાદી સંગઠનો હાલમાં નાઈજરમાં સક્રિય છે. તેઓ લશ્કર અને નાગરિકો બંનેને નિશાન બનાવે છે. ગોરોલના રહેવાસી હમીદોઉ અમાદોઉએ જણાવ્યું હતું કે ઓછામાં ઓછા ૩૧ લોકો માર્યા ગયા હતા. તેમણે આ હુમલા માટે ગ્રેટર સહારામાં ઈસ્લામિક સ્ટેટને જવાબદાર ઠેરવ્યું હતું.

# જમ્મુ-કાશ્મીરના ડોડામાં સેનાનું વાહન ખીણમાં પડતાં ૧૦ સૈન્ય જવાનો શહીદ

### બુલેટ-પ્રૂફ આર્મી વાહનમાં કુલ ૧૭ કર્મચારીઓ હતા

શ્રીનગર,

જમ્મુ અને કાશ્મીરના ડોડા જિલ્લામાં ભારતીય સેનાનું વાહન ખીણમાં પડી જતાં દસ સૈનિકોના મોત થયા હતા અને ૧૦ અન્ય ઘાયલ થયા હતા. જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ ૧૦ જવાનોના મોતની પુષ્ટિ કરી હતી અને આ ઘટનામાં જીવ ગુમાવનારા જવાનોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

"ડોડામાં થયેલા એક દુર્ભાગ્યપૂર્ણ માર્ગ અકસ્માતમાં આપણા ૧૦ બહાદુર ભારતીય સેનાના સૈનિકોના મૃત્યુ પર ખૂબ જ દુઃખ થયું છે. આપણે આપણા બહાદુર સૈનિકોની ઉત્કૃષ્ટ સેવા અને સર્વોચ્ચ બલિદાનને હંમેશા યાદ રાખીશું. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના," સિન્હાએ ઠ ના રોજ કહ્યું."આ ગહન દુઃખની ઘડીમાં, સમગ્ર રાષ્ટ્ર શોકગ્રસ્ત પરિવારો સાથે એકતા અને સમર્થનમાં ઉભો છે. ૧૦ ઘાયલ સૈનિકોને હવાઈ માર્ગે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. શ્રેષ્ઠ શક્ય સારવાર સુનિશ્ચિત કરવા માટે વરિષ્ઠ અધિકારીઓને નિર્દેશ આપ્યો. તેમના ઝડપી સ્વસ્થ થવાની પ્રાર્થના," તેમણે ઉમેર્યું.સમાચાર એજન્સીના અહેવાલ મુજબ, આ અકસ્માત ભદરવાહ-ચંબા આંતરરાજ્ય માર્ગ પર ખન્ની ટોપ પર થયો હતો.

સમાચાર એજન્સી દ્વારા અધિકારીઓને ટાંકીને જણાવાયું છે કે બુલેટ-પ્રૂફ આર્મી વાહન, જેમાં કુલ ૧૭ કર્મચારીઓ હતા, તે ઊંચાઈવાળી ચોકી તરફ જઈ રહ્યું હતું ત્યારે તેના ડ્રાઈવરે કાબુ ગુમાવ્યો અને વાહન ૨૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબક્યું.અધિકારીઓએ જણાવ્યું હતું કે સૈન્ય અને પોલીસ દ્વારા તાત્કાલિક સંયુક્ત બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી અને ચાર સૈનિકો મૃત હાલતમાં મળી આવ્યા હતા.તેમણે જણાવ્યું હતું કે નવ અન્ય સૈનિકોને ઘાયલ હાલતમાં બચાવી લેવામાં આવ્યા હતા અને તેમાંથી ત્રણ, જેમને ગંભીર ઈજાઓ થઈ છે, તેમને ખાસ સારવાર માટે ઉધમપુર લશ્કરી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.ગુલમર્ગ સેક્ટરમાં નિયંત્રણ રેખા નજીક બે આર્મી પોર્ટરોના લપસીને મૃત્યુ થયાના થોડા દિવસો પછી આ ઘટના બની છે.ગુલમર્ગ સેક્ટરમાં અનિતા પોસ્ટ તરફ જઈ રહેલા કુલીઓ ૮ જાન્યુઆરીએ ઊંડી ખીણમાં લપસી ગયા હતા, અગાઉના મીડિયા સૂત્રોના અહેવાલમાં એક અધિકારીને ટાંકીને કહેવામાં આવ્યું હતું. ગુમ થયેલા કુલીઓને શોધવા માટે શોધ અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી અને બે દિવસ પછી તેમના મૃતદેહ મળી આવ્યા હતા.

# ઉત્તરાખંડમાં ફ્રેન્ચાઈઝી માલિકીના ધર્મસ્થળો સામે આવ્યા, ૫૭૨ થી વધુ તોડી પડાયા

દહેરાદુન,

ઉત્તરાખંડમાં સરકારી જમીન પર કબજો કરીને ગેરકાયદેસર ધર્મસ્થાનો સ્થાપિત થવાનો મુદ્દો ગરમાયો છે. રાજ્ય સરકારની તપાસમાં બહાર આવ્યું છે કે એક જ સંતના નામે અલગ અલગ સ્થળોએ ડઝનબંધ ધર્મસ્થાનો બનાવવામાં આવ્યા છે. રાજ્યમાં ભૂરે શાહ અને કાલુ સૈયદના અસંખ્ય 'ફ્રેન્ચાઈઝ' ધર્મસ્થાનો છે, જેમાંથી મોટા ભાગના સરકારી જમીન પર અતિક્રમણ કર્યા પછી વકફ બોર્ડમાં નોંધાયેલા હતા. તપાસ અહેવાલો અનુસાર, રાજ્યની રચના પછી વકફ મિલકતોમાં તીવ્ર વધારો થયો છે. વકફ બોર્ડે ૭૨૫ મસ્જિદો અને ૭૬૯ કબ્રસ્તાનોની યાદી આપી છે, જ્યારે ફક્ત ૨૦૩ તીર્થસ્થાનો અને દરગાહોની યાદી આપી છે. આમાંથી ઘણા તીર્થસ્થાનોનું કોઈ સાબિત ઐતિહાસિક કે ધાર્મિક મહત્વ નથી.

સરકારી જમીન પર બનેલા ઘણા ગેરકાયદેસર તીર્થસ્થાનો હવે સમાચારમાં છે. એક જ સંતના અનેક તીર્થસ્થાનો અલગ અલગ સ્થળોએ જોવા મળી રહ્યા છે. ભૂરે શાહ અને કાલુ સૈયદના "ફ્રેન્ચાઈઝ" તીર્થસ્થાનો સરકારી જમીન પર અતિક્રમણ કરીને વકફ બોર્ડમાં નોંધાયેલા છે. બોર્ડે ફક્ત ૨૦૩ તીર્થસ્થાનો અને દરગાહોની યાદી આપી છે, પરંતુ વાસ્તવમાં, ઘણા વધુ છે. દરમિયાન, ઉત્તરાખંડમાં અતિક્રમણ વિરોધી ઝુંબેશ ચાલુ છે.

# ભારત જેવા દેશોએ વિશ્વનું સંચાલન કરવું જોઈએ: કેનેડિયન પીએમ

## માર્ક કાર્નેએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે અમેરિકાના નેતૃત્વ હેઠળની વિશ્વ વ્યવસ્થા તૂટી રહી છે

નવીદિલ્હી,

કેનેડિયન વડા પ્રધાન માર્ક કાર્નેએ સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં પોતાના ભાષણથી વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં, કાર્નેએ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નીતિઓ પર નિશાન સાધ્યું અને નવી વિશ્વ વ્યવસ્થા વિશે વાત કરી. તેમણે ખાસ કરીને ભારત અને ચીન જેવા દેશોની ભૂમિકા પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે ભારત જેવી "મધ્યમ શક્તિઓ" ને એક થવાની જરૂર છે કારણ કે વર્તમાન યુએસ-નેતૃત્વ હેઠળની વિશ્વ વ્યવસ્થા નબળી પડી ગઈ છે. કાર્ને એવા નેતાઓમાંનો




એક છે જેમણે ટ્રમ્પ દ્વારા ગ્રીનલેન્ડના જોડાણના મુદ્દા પર મજબૂત વલણ અપનાવ્યું છે.

ફોરમમાં પોતાના શક્તિશાળી ભાષણમાં માર્ક કાર્નેએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે અમેરિકાના નેતૃત્વ હેઠળની વિશ્વ વ્યવસ્થા તૂટી રહી છે. અમેરિકાએ દાયકાઓથી વૈશ્વિક રાજકારણનું સંચાલન કર્યું છે, પરંતુ હવે તે પરિવર્તનથી ભંગાણ તરફ આગળ વધી રહ્યું છે. કાર્નેના ભાષણની ચર્ચા પણ થઈ રહી છે કારણ કે તેમણે પોતે તે લખ્યું હતું.

કેનેડાના પીએમ માર્ક કાર્ને ખાસ કરીને ભારત, ચીન અને દક્ષિણ અમેરિકન દેશોના જૂથ મર્કોસુરનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે આ દેશો અને યુરોપિયન યુનિયનને અવગણવું એ એક ભૂલ છે. તે આપણા સંબંધોને યોગ્ય રીતે સંચાલિત કરી રહી નથી. આજે, આપણને જોડાણોના નેટવર્કની જરૂર છે.પીએમ બનતા પહેલા કેનેડા અને ઈંગ્લેન્ડની સેન્ટ્રલ બેંકોના ગવર્નર તરીકે સેવા આપી ચૂકેલા કાર્નેએ દલીલ કરી હતી કે નિયમો-આધારિત આંતરરાષ્ટ્રીય સિસ્ટમ નબળી પડવાથી નબળા લોકો જોખમમાં મુકાય છે. એક એવી સિસ્ટમ ઉભરી રહી છે જ્યાં નબળા લોકોને શક્તિશાળી લોકોની નીતિઓ સહન કરવી પડે છે. તેમણે ટ્રમ્પની ટેરિફ નીતિઓનો ઉલ્લેખ કરતા આ કહ્યું.

કાર્નેએ યુનાઈટેડ સ્ટેટ્સનું નામ લીધા વિના કહ્યું કે મોટી શક્તિઓને ખુશ કરવાથી કંઈ પ્રાપ્ત થશે નહીં.

# છત્તીસગઢ: ભાટાપારામાં સ્ટીલ ફેક્ટરીમાં મોટો વિસ્ફોટ; ૬ કામદારોના મોત, ૫ ઘાયલ

## રાજ્ય સરકારે બાલોદાબજાર કલેક્ટર સાથે ચર્ચા કરી છે અને સમગ્ર મામલાની સંપૂર્ણ તપાસ અને ગુનેગારો સામે ઝડપી, કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો

રાંચી,

છત્તીસગઢના બાલોદાબજાર જિલ્લાના ભાટાપારાથી એક મોટી દુર્ઘટનાના સમાચાર સામે આવી રહ્યા છે. બાલોદાબજાર-ભાટાપારામાં એક સ્ટીલ ફેક્ટરીમાં મોટો વિસ્ફોટ થયો છે. વિસ્ફોટમાં છ કામદારોના મોતની આશંકા છે. પાંચ કામદારો પણ ઘાયલ થયાના અહેવાલ છે. ઘાયલ કામદારોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.

અહેવાલો અનુસાર, ભાટાપારા ગ્રામીણ વિસ્તારના બકુલાહી ગામમાં સ્થિત એક સ્ટીલ ફેક્ટરીમાં આ અકસ્માત થયો હતો. સ્ટીલ પ્લાન્ટના ડસ્ટ સેટલિંગ ચેમ્બરમાં વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટ દરમિયાન ફેક્ટરીમાંથી ગરમ ધૂળ કામદારો પર પડી, જેના કારણે તેઓ ગંભીર રીતે દાઝી ગયા. જિલ્લા કલેક્ટર દીપક સોનીએ જણાવ્યું હતું કે છ કામદારોના ઘટનાસ્થળે જ મોત થયા હતા અને પાંચ અન્ય ગંભીર રીતે ઘાયલ થયા હતા.

સ્ટીલ ફેક્ટરીમાં વિસ્ફોટના સમાચાર મળતાં, પોલીસ અને અન્ય વહીવટી અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા અને બચાવ કામગીરી શરૂ કરી હતી. ઘાયલ પાંચ કામદારોને બિલાસપુરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેઓ ત્યાં સારવાર હેઠળ છે. રાજ્યના આરોગ્ય પ્રધાન શ્યામ બિહારી જયસ્વાલે પણ આ ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો હતો.

ભાટાપરામાં થયેલા અકસ્માત અંગે આરોગ્ય મંત્રી શ્યામ બિહારી જયસ્વાલે જણાવ્યું હતું કે, "બાલોદાબજાર જિલ્લાના ભાટાપારા ગ્રામીણ વિસ્તારના બકુલાહી ગામમાં સ્ટીલ પ્લાન્ટમાં થયેલા દુઃખદ અકસ્માતના સમાચાર અત્યંત પીડાદાયક છે.

# દિલ્હી પોલીસના પોસ્ટરોમાં સ્થાનિક અલ-કાયદા આતંકવાદી રેહાનનો ફોટો

## ૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી પહેલા દિલ્હી પોલીસ સતર્ક

નવીદિલ્હી,

૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી પહેલા દિલ્હી પોલીસ સુરક્ષા વ્યવસ્થા પર નજીકથી નજર રાખી રહી છે. દિલ્હી પોલીસ દ્વારા જારી કરાયેલા ચેતવણી પોસ્ટરોમાં મોહમ્મદ રેહાન નામના આતંકવાદીનો ફોટો છે, જે ભારતીય ઉપખંડના સભ્ય અને દિલ્હીના રહેવાસી છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે આ પહેલી વાર છે જ્યારે પોસ્ટરો પર કોઈ આતંકવાદીનો ફોટો મૂકવામાં આવ્યો છે.

દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, મોહમ્મદ રેહાન દિલ્હીનો રહેવાસી છે અને પ્રતિબંધિત આતંકવાદી સંગઠન અલ-કાયદા સાથે સંકળાયેલો છે. દિલ્હી પોલીસ અને ગુપ્તચર એજન્સીઓ લાંબા સમયથી તેની શોધ કરી રહી છે. આ પહેલી વાર છે જ્યારે પ્રજાસત્તાક દિવસના એલર્ટ પોસ્ટર પર સ્થાનિક અલ-કાયદા આતંકવાદીનો ઉલ્લેખ મુખ્ય રીતે દર્શાવવામાં આવ્યો છે. આગામી અઠવાડિયે ૭૭મા પ્રજાસત્તાક




દિવસની ઉજવણી પહેલા ગુપ્તચર એજન્સીઓ તરફથી મળેલા અસંખ્ય આતંકવાદી ધમકીના અહેવાલોને ધ્યાનમાં રાખીને, દિલ્હી પોલીસે ફરજ રેખા અને નવી દિલ્હી જિલ્લામાં વ્યાપક, ટેકનોલોજી-આધારિત સુરક્ષા પગલાં તૈનાત કર્યા છે.

# પ્રજાસત્તાક દિવસે ભારતની સૌથી ખતરનાક હાઈપરસોનિક ફોર્સનું પ્રથમ વખત પ્રદર્શન કરાશે

## આ શસ્ત્ર પણ સંપૂર્ણપણે સ્વદેશી, સચોટ અને બ્રહ્મોસ મિસાઈલની જેમ વિનાશ વેરવામાં સક્ષમ

નવીદિલ્હી,

૨૬ જાન્યુઆરી નજીક છે. દેશ ૭૭મો પ્રજાસત્તાક દિવસ ઉજવશે. તે દિવસે, દિલ્હીમાં ફરજ બજાવતા સૈનિકોની બહાદુરી દુનિયા જોશે. આ પરેડને સફળ બનાવવા માટે જોરદાર તૈયારીઓ ચાલી રહી છે. આ દિવસોમાં સૈનિકો પોતાની ફરજ બજાવતા હોય તેવા ઘણા વીરતાપૂર્ણ વીડિયો વાયરલ થઈ રહ્યા છે. સેનાનો ઉત્સાહ ચરમસીમાએ છે. આ વીડિયોની ચર્ચા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને પ્લેટફોર્મ પર થઈ રહી છે. સૈનિકોનું એક જૂથ હાથમાં રાઈફલ સાથે કૂચ કરતા જોવા મળે છે. તે બધા "ધૂમ" નું વાયરલ ગીત "પ્યાર ના કિયા તો કિયા કિયા" ગાઈ રહ્યા છે. આ સૈનિકો કુમાઉ રેજિમેન્ટના માર્ચિંગ ટુકડીના છે.

એક બીજો વીડિયો સામે આવ્યો છે જે પાકિસ્તાનના ધબકારાને વધારી દે છે. આ વીડિયોમાં, સૈનિકો ૨૧-ગન સેલ્યુટનો અભ્યાસ કરી રહ્યા છે. આ વર્ષે, પ્રજાસત્તાક દિવસે પહેલીવાર, સ્વદેશી ૧૦૫ એમએમ લાઈટ ફિલ્ડ ગન દ્વારા ૨૧-ગન સેલ્યુટ આપવામાં આવશે. કુલ આઠ ગન ૫૨ સેકન્ડમાં ૨૧ રાઉન્ડ ફાયર કરશે. આ તોપો બ્રિટિશ ૨૫-પાઉન્ડર બંદૂકોનું સ્થાન લઈ રહી છે, જે મેક ઈન ઈન્ડિયાની સફળતાની વાર્તા દર્શાવે છે. ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનમાં આતંકવાદી છાવણીઓ સામે આ જ બંદૂકો સફળ રહી હતી.

સ્વદેશી ૧૦૫ એમએમ લાઈટ ફીલ્ડ ગનની તાકાત તેના સ્વદેશી સ્વભાવ અને તેની ૧૭.૫ કિલોમીટરની રેન્જમાં રહેલી છે. તે પ્રતિ મિનિટ ૬ રાઉન્ડ સુધી ફાયર કરી શકે છે. પ્રજાસત્તાક દિવસે ૨૧-બંદૂકોની સલામી અંગે, તે સમય-નિર્ણાયક પ્રક્રિયા છે. તે રાષ્ટ્રપતિ દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવવા, રાષ્ટ્રપતિના અંગરક્ષકો દ્વારા સલામી અને રાષ્ટ્રગીત વગાડવા સાથે સંપૂર્ણ સંકલનમાં કરવામાં આવે છે. આનો અર્થ એ છે કે ચારેય પાસાઓ એકસાથે કરવા જોઈએ.

આ પરંપરા ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ થી ચાલી આવે છે. "ઈન્ડિયા આફ્ટર ગાંધી" પુસ્તકમાં જણાવાયું છે કે ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ ના રોજ દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. ત્યારબાદ ત્રણ રાઉન્ડમાં ૨૧ તોપોની સલામી આપવામાં આવી હતી. રાષ્ટ્રગીત ૫૨ સેકન્ડનું હોવાથી, ધ્વજ ફરકાવ્યા પછી તરત જ રાષ્ટ્રગીત શરૂ થાય છે, ત્યારબાદ પૃષ્ઠભૂમિમાં ૨૧ તોપોની સલામી આપવામાં આવે છે.

ભારતની સ્વદેશી હાઈપરસોનિક મિસાઈલ લાંબા અંતરની એન્ટી-શિપ મિસાઈલ છે. આ મિસાઈલ પહેલી વાર પરેડમાં પ્રદર્શિત કરવામાં આવશે. ૭૭મા પ્રજાસત્તાક દિવસે, જ્યારે લાઈટ ફિલ્ડ ગનની શક્તિ પહેલી વાર પ્રદર્શિત કરવામાં આવશે, ત્યારે દુનિયા પહેલી વાર ભારતની હાઈપરસોનિક શક્તિ પણ જોશે. આ શસ્ત્ર પણ સંપૂર્ણપણે સ્વદેશી, સચોટ અને બ્રહ્મોસ મિસાઈલની જેમ પાકિસ્તાનમાં વિનાશ વેરવામાં સક્ષમ છે.

# ભાણવડમાં રેફ્રિજરેશન બનાવનાર વેપારી પાસેથી ૧ ૨ નંગ સૂર્ય કાચબા મળી આવ્યા

### એસઓજી પોલીસે દરોડો પાડી મુક્ત કરાવી ફોરેસ્ટ વિભાગને જાણ કરી : રાતોરાત ધનવાન થવા અને તાંત્રિક વિધિમા કામ આવતા હોવાની લોકચર્ચા





ભાણવડ : ભાણવડ શહેરમાં એક કારખાનાની બાજુમાં વાળામા વેચાણ કરવાના ઈરાદે ગેરકાયદેસર રાખવામાં આવેલ ૧૨ નંગ સૂર્ય કાચબાને એસ. ઓ. જી. પોલીસે મુક્ત કરાવી એક શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી અને ફોરેસ્ટ વિભાગને જાણ કરવામાં આવતા વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ હેઠળ આગળની કામગીરી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દેવભૂમિ દ્વારકા એસ. ઓ. જી. પોલીસને મળેલી બાતમીના આધારે સ્થાનિક પોલીસને સાથે રાખી ભાણવડમાં સાકરિયા કુવા રોડ, જુના બરફના કારખાનાની સામે , વિજય રેફ્રિજરેશન વાળો અર્જુન વિજયભાઈ ભગાણી નામનો શખ્સ પોતાના રેફ્રિજરેશન બનાવવાના કારખાનાની બાજુના વાડામાં સૂર્ય કાચબા ગેરકાયદેસર રાખીને તેનું વેચાણ કરતો હોય આથી કારખાનામાં ઝડતી અને તપાસ કરતા કારખાનાની બાજુમાં આવેલ વાડામાં ૧૨ નંગ સૂર્ય કાચબા મળી આવ્યા હતા જે રાખવા સંબંધે કોઈપણ આધાર પુરાવા અને પરવાનગી મળી આવેલ ન હોય જેથી વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ ની કલમ હેઠળ ગેરકાયદેસર કાચબા રાખવા બદલ કાર્યવાહી અનુસંધાને ભાણવડ પોલીસ સ્ટેશન ખાતે ડાયરીમાં નોંધ કરાવી ફોરેસ્ટ વિભાગ ભાણવડને મળી આવેલા કાચબા સોંપી દઈ મુક્ત કરવામાં આવ્યા હતા અને અર્જુન વિજયભાઈ ભગાણી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ઉલ્લેખનીય છે કે, લોકમુખે ચર્ચાતી વાતો મુજબ આ સૂર્ય કાચબા રાતોરાત ધનવાન થવા તેમજ અન્ય ચમત્કારી લાભો મળવા અને તાંત્રિક વિધિ કરવા રાખવામાં આવતા હોય છે તેમજ એક સૂર્ય કાચબાની કિંમત ૫ થી ૭ લાખ ચૂકવાતા હોવાનું જાણવા મળી રહ્યું છે.

# જાંબુડાના પાટીયા પાસે કારની ઠોકરથી મોટરસાયકલ ચાલક આધેડનું કરુણ મૃત્યુ

### સિદ્ધનાથ હોટલેથી ચા પીને પરત ઓફિસે ફરતી વેળાએ મોત આંબી ગયું

જામનગર : જામનગર રાજકોટ હાઈવે પર આવેલ જાંબુડા ગામના પાટીયા પાસે આવેલ હોટલે થી ચા પાણી પીને પરત મોટરસાયકલ ચલાવી ઓફિસે જતા એક આધેડને કાર ચાલકે હડફેટે લેતા તેઓનું માથાના અને શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ હોવાથી મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો સ્થળપર દોડી ગયો હતો અને મૃતકના ભાઈની ફરિયાદ પરથી કારચાલક સામે ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી આરંભી હતી.

આ બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર રાજસ્થાન રાજ્યના અમરવાસી ગામના ભવાનસિંહ ભેરુસિંહ રાજપૂત નામના ૪૯ વર્ષના આધેડ ગઈકાલે પોતાનું જી. જે. ૧૦ . ઈ. બી.૦૬૬૨ નંબરનું મોટરસાયકલ ચલાવી જામનગર રાજકોટ હાઈવે પર આવેલા જાંબુડા ગામના પાટીયા પાસે સિદ્ધનાથ હોટેલથી આગળ જતા હોય દરમિયાન ત્યાંથી પુરપાટ ગતિએ દોડતી જી. જે. ૧૦. એ. સી. ૨૨૯૦ નંબરની લાલ કલરની કારના ચાલકે બેફિકરાઈથી અને ગફલતભરી રીતે ચલાવી ઠોકર મારતા તેઓને રોડ પર ૨ ઈજા પહોચતા કરુણ મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.

આ બનાવ અંગે કાર ચાલક સામે મૃતકના ભાઈ ભરતસિંહ રાજપૂતની ફરિયાદ પરથી પંચકોષી એ ડિવિઝન પોલીસે ગુન્હો નોંધી કાર ચાલકની શોધખોળ હાથ ધરી છે.

મૃતક ભવાનસિંહ રાજપુત સિધ્ધનાથ હોટલેથી ચા પીને પરત શ્રીજી રોડલાઈન્સની ઓફિસે જતા હોય દરમિયાન જીવલેણ અકસ્માતનો ભોગ બનતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે.

# દરેડ પાસે પગપાળા જતા યુવાનને અજાણ્યા વાહનએ હડફેટે લેતા મૃત્યુ

જામનગર : જામનગરના હાલ દરેડ ગામમાં રહેતા અને મજૂરી કામ કરતા પરપ્રાંતિય યુવાનને કોઈ અજાણ્યા વાહન ચાલકે ચાલીને જતા હોય આ વેળાએ હડફેટે લઈ મોત નીપજાવતા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે. બીજીતરફ બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ મૃતકની પુત્રીની ફરિયાદ પરથી અજાણ્યા વાહન ચાલક સામે અપરાધ નોંધી તેને ઝડપી લેવા કમ્મર કસી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર જામનગરના દરેડ ગામે હાલ રહેતો અને મૂળ ઉત્તરપ્રદેશ રાજ્યનો બાબુરામ છોટેલાલ રાજભર નામનો ૪૦ વર્ષનો યુવાન લાલપુર ચોકડીથી લાલપુર જતા રોડ પર દરેડ ગામેથી ચાલીને જતો હોય આ વેળાએ ત્યાંથી પૂરઝડપે નીકળેલા એક અજાણ્યા વાહન ચાલકે ઠોકર મારતા તે રોડ પર નીચે પટકાયો હતો આથી તેને માથાના ભાગે તેમજ શરીરના અન્ય હિસ્સામાં ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સરકારી ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો પરંતુ સારવાર કારગત નહીં નીવડતા તેનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની મૃતકની પુત્રી લક્ષ્મીબેન રાજભર દ્વારા પંચકોષી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ધુવાવમાં બિનખેતી ન થયેલી જમીનમાં હોટલ અને દુકાનો ખડકી દેવાતા દંડ અને પાડી નાખવા આદેશ

જામનગર : જામનગર જિલ્લામાં બિન ખેતી ન થઈ હોવા છતાં જગ્યાનો નીતિ નિયમ નેવે મૂકી કોમર્શિયલ ઉપયોગ કરતા લોકો માટે ચેતવણી સમાન કિસ્સો સામે આવ્યો છે. બિનખેતી ન થયેલ ખેતીની જગ્યામાં કોમર્શિયલ ધોરણે વપરાશ બદલ ઉચ્ચ કક્ષાએથી દંડ અને બાંધકામ ૯૦ દિવસમાં હટાવી દેવા સહિતના આદેશ કરાયો છે.

આ બાબતની વિગત અન્વયે કલ્પેશ આશાણી દ્વારા ખેતીની જગ્યામાં કોમર્શિયલ ધોરણે વપરાશ કરાતો હોવાની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જામનગર જિલ્લાના ધુવાવ ગામે નોંધાયેલી જમીનમા શરત ભંગ બદલ કલ્પેશ આશાણીની ઉચ્ચ કક્ષાની ફરિયાદ અન્વયે તપાસનો દોર ચાલુ થયો હતો.જામનગર સર્કલ ઓફિસર દ્વારા સ્થળ તપાસ કરી પંચરોજ કામ કરવામાં આવ્યું હતું. તેમાં સ્થાનિક જગ્યાએ મોંમાઈ મુરલીધર હોટલ તથા ૬ ઓફિસો તેમજ પંચર તથા ટ્રક ગેરેજની કામગીરી ચાલતી હોવાનું સામે આવ્યું હતું. વધુમાં આ જગ્યાની ઉપરના ભાગમાં હાઈટેન્શન વીજ લાઈન પણ નીકળતી હોવાથી તે અંગેની એન.ઓ.સી. પણ બાંધકામ કરતી વખતે લેવામાં આવી ન હતી. જેથી જામનગર ગ્રામ્ય મામલતદાર દ્વારા શરત ભંગ થયા હોવાનો અભિપ્રાય જામનગર ગ્રામ્ય પ્રાંત અધિકારીને કરાયો હતો.

આ અંગે જામનગર કલેકટરની કોર્ટમાં એન.એ.- બી.ઓ.સી. ૬૬ (શરત ભંગ) અંગેનો કેસ તા. ૧૮-૧૨-૨૦૨૫ ના રોજ ચાલી જતા તા. ૦૧-૦૧-૨૦૨૬ ના રોજ કલેકટર દ્વારા ખેતીની આ જગ્યા બિનખેતીમાં ફેરવ્યા વગર તેમજ લગત કોઈપણ કચેરી ની પરવાનગી લીધા વગર બાંધકામ કરેલ હોય, આ અંગે ખેતી ની જમીન ચો.મી. ૪,૦૪૭-૦૦ના દંડ ની રકમ રૂા. ૮,૪૧,૭૭૬ તથા રૂપાંતર કર ની રકમ રૂા. ૧,૨૧,૪૧૦ કૂલ મળી રૂા. ૯,૬૩,૧૮૬ આ જગ્યાના માલિક પાસેથી વસૂલ કરવા તેમજ બાંધકામો ૯૦-દિવસમાં દૂર કરવા આદેશ કરાયો છે.

જો આ કામગીરી નહિ કરાય તો ગુજરાત મહેસૂલ જમીન અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૬(૨) ની જોગવાઇ મુજબ આ જમીન સરકાર હેડે લેવાની અને ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૨૦૨ હેઠળ આ જમીન ઉપર થયેલ બાંધકામ કે અન્ય ઉપયોગ હટાવવા મામલતદાર જામનગર(ગ્રામ્ય) એ કાર્યવાહી કરવાની રહેશે. તેમજ પ્રાંત અધિકારી જામનગર (ગ્રામ્ય) ને ખેતી લાયક જમીનમાં બિન અધિકૃત બિનખેતી ઉપયોગ બાબતે અન્ય કેસો કામે આવેલ છે કે કેમ ? તે બાબતે ખરાઈ કરાવી, અનઅધિકૃત બિનખેતી ઉપયોગના કિસ્સામાં અત્રેને શરતભંગ દરખાસ્તો મોકલી આપશો. આવા લાલબતી સમાન કરાયેલ હુકમ થી ખેતીની જમીનમાં કોમર્શિયલ વપરાશ કરનારમાં ફફડાટ વ્યાપી ગયેલ છે.

# જામનગરમાં બે હથિયારોના લાઈસન્સ રીન્યુ નહિ કરાવતા ગુનો નોંધાયો

જામનગર : જામનગરમાં ગ્રીન સિટી વિસ્તારમાં રહેતા ભાનુશાલી વેપારી કે જેઓએ પોતાની પાસે બે લાયસન્સ વાળા હથિયાર રાખ્યા હતા, પરંતુ તેને નિયમો અનુસાર રીન્યુ કરાવેલા ન હોવાથી એસઓજી પોલીસ દ્વારા તેના બંને હથિયારો કબજે કરી વેપારી સામે હથિયાર ધારાના ભંગ બદલ ગુનો નોંધવામાં આવ્યો છે.

જામનગરમાં ગ્રીન સીટી વિસ્તારમાં રહેતા ભાવેશભાઈ ચંદુભાઈ નંદા નામના વેપારી કે જેઓ પાસે ૩૨ બોરની એક પિસ્તોલ કે જે ઉધમપુરથી ખરીદી કરી હતી, અને બીજી બાર બોરની ડબલ બેરલ બંદૂક કે જેનું પણ લાયસન્સ મેળવ્યું હતું.

જેની રીન્યુ કરવાની મુદત પૂરી થઈ ગઈ હોવા છતાં સરકારી નિયમો અનુસાર તેમણે ફરીથી રીન્યુ કરાવવાનું હતું, અને તેઓએ હથિયાર રાખવા માટેના લાઈસન્સના નિયમ નો ભંગ કર્યો હોવાથી એસ ઓજી દ્વારા ભાવેશ ચંદુલાલ નંદા ને ઘેર તપાસણી કરવામાં આવી હતી, અને અંદાજે રૂપિયા ૧,૨૦,૦૦૦ ની કિંમત ના બન્ને હથિયારો કબજે કરી લેવામાં આવ્યા છે, અને તેઓ સામે આર્મસ એક્ટ કલમ ૩૦ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

# જામનગરમાં સમસ્ત બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટ દ્વારા યોજાયા સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર



તસવીરઃ સુનિલ ચુડાસમા



જામનગર : જામનગરમાં સમસ્ત બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટ દ્વારા નિ:શુલ્ક સમૂહ યજ્ઞોપવિત સંસ્કારનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વસંત પંચમીના અવસરે જામનગરના રણજીત નગર મેઈન રોડ પર આવેલા પ્રમાણી ગ્રાઉન્ડમાં આ આયોજન કરાયું હતું.

સમગ્ર ગુજરાતમાંથી બટુકો ઉપસ્થિત રહ્યા હતા અને યજ્ઞોપવિત સંસ્કાર ધારણ કર્યા હતા. કાર્યક્રમની શરૂઆત મંડપ મુહૂર્ત અને ગણેશ સ્થાપનથી કરવામાં આવી હતી. ત્યારબાદ પરંપરાગત વિધિઓ જેવી કે મામેરું, પીઠી, ગ્રહ શાંતિ, યજ્ઞોપવિત વિધિ અને કાશી યાત્રા સંપન્ન થઈ હતી.

# લાલપુરના જોગવડ ગામે કુટુંબી બનેવીનો શાળા પર ધોકા વડે હુમલો

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના જોગવાડ ગામે રહેતા એક યુવાન પર તેના કુટુંબી બનેવીએ ધોકા વડે હુમલો કરી હાથ ભાંગી નાખ્યાંની ફરિયાદ પોલીસમાં નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ લાલપુર તાલુકાના જોગવડ ગામમાં રહેતા સોમાભાઈ બુધાભાઈ ચાવડા નામના ૩૦ વર્ષના યુવાને પોતાના હાથમાં લાકડાના ધોકા વડે હુમલો કરી હાથ ભાંગી નાખવા અંગે પોતાના જ કુટુંબી બનેવી લખમણભાઈ ગોવાભાઈ પરમાર સામે મેઘપર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે, જ્યારે તેને હાથમાં ઈજા થવાથી જામનગરની જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો છે. ફરિયાદી સોમાભાઈના કાકાની પુત્રી સાથે આરોપી લક્ષ્મણ પરમારના લગ્ન થયા છે, જે પોતાની પત્ની સાથે અવારનવાર ઝઘડો કરતો હોવાથી તેનું ઉપરાણું લઈને સમજાવવા જતાં આ હુમલો કરાયાનું પોલીસમાં જાહેર થયું છે. જે મામલે મેઘપર પોલીસ વધુ તપાસ ચલાવે છે

# જામનગરમાં જુગાર રમતી પાંચ મહિલાઓ ઝડપાઈ

જામનગર : જામનગર શહેરમાં ગોકુલનગર વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતો હોવાની બાતમી પરથી પોલીસે દરોડો પડ્યો હતો. જુગાર રમી રહેલી પાંચ મહિલાઓની અટકાયત કરી છે.

જામનગરના ગોકુલનગર વિસ્તારમાં બુદ્ધિશાગર સ્કૂલ પાસે મહિલાઓ જાહેરમાં જુગાર રમી રહી છે તેવી બાતમી સીટી સી. પોલીસને મળતા ઘટનાસ્થળે દોડી જઈ દરોડો પડ્યો હતો. જ્યાં જુગાર રમી રહેલ રંજનબેન રાજુભાઈ કુડેચા, સુનીતાબેન મોહનભાઈ મકવાણા, રીટાબેન કાળુભાઈ ચૌહાણ, મીનાબેન અલ્પેશભાઈ સરવૈયા, તેમજ મોહિનીબેન જયંતીભાઈ બારૈયા વગેરે પાંચ મહિલાઓની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૨૧,૨૦૦ની રોકડ રકમ તેમજ જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

# જામનગરમાં ડિપ્લોમા કોમ્પ્યુટર ઈજનેર કરેલ પરણીતા પર ત્રાસ ગુજારી કાઢી મૂકી

જામનગર : જામનગરમાં નવાગામ ઘેડ સિદ્ધેશ્વર સોસાયટીમાં રહેતી અને ડિપ્લોમા કોમ્પ્યુટર ઈજનેર એવી એજ્યુકેટેડ પરણીતાને તેણીના લગ્ન જીવન દરમિયાન પતિ, સાસુ, સસરા, તેમજ નણંદે વિના કારણે ત્રાસ ગુજારી મારકુટ કરી ઘરમાંથી હાંકી કાઢી હતી. આથી તેણીએ સાસરિયાઓ સામે મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં નવાગામ ઘેડ, સિદ્ધેશ્વર સોસાયટીમાં રહેતી ખુશ્બુબેન રમેશભાઈ મકવાણા નામની ૨૬ વર્ષની યુવતી કે જેણે ડિપ્લોમા કોમ્પ્યુટર ઈજનેર તરીકેનો ઉચ્ચ અભ્યાસ કર્યો છે, અને તેણીના લગ્ન આજથી બે વર્ષ પહેલાં નવાગામ ઘેડ, વિનાયક પાર્ક સોસાયટીમાં રોનીત રેસીડેન્સીમાં રહેતા હાર્દિક દિલીપભાઈ પરમાર સાથે થયા હતા.

લગ્નની શરૂઆતમાં થોડો સમય માટે સંસાર બરાબર ચાલ્યો હતો, પરંતુ માત્ર ચાર મહિના પછી થી પતિ, સાસુ, સસરા અને નણંદ દ્વારા ખુશ્બુબેનને વિના કારણે ઘરમાં નાની નાની બાબતોમાં વાંક કાઢી ઝઘડો કરવામાં આવતો હતો, અને તમામ સાસરીયાઓએ ગાળો આપી મારકુટ કરી તેણીને પહેરેલા કપડે ઘરમાંથી હાંકી કાઢવામાં આવી હતી. જેથી ખુશ્બુબેન પોતાના માવતરે રહેવા આવી ગઈ હતી, અને આ મામલે તેણીએ પોતાના પતિ વગેરે વિરુદ્ધમાં અરજી કરી હતી, જેમાં પોલીસ દ્વારા બંને વચ્ચે સમાધાન થાય તેવા પ્રયત્નો કર્યા હતા, પરંતુ પતિ ખુશ્બુબેનને રાખવા માટે તૈયાર થયા ન હતા. એટલું જ માત્ર નહીં માવતરે પણ આવીને ધાકધમકીઓ આપી જતા હતા.

આથી આખરે ખુશ્બુબેને પોતાના લગ્ન જીવનના દિવસે એટલે કે ૨૨મી જાન્યુઆરીએ પોતાના સાસરિયાઓ સામે સીતમ ગુજાર્યાની ફરિયાદ નોંધાવી છે.

જે ફરિયાદના અનુસંધાને મહિલા પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલ એચ એન રાઠોડે ખુશ્બુબેનના પતિ હાર્દિક દિલીપભાઈ પરમાર, સાસુ ભાવનાબેન દિલીપભાઈ પરમાર, સસરા દિલીપભાઈ પરસોત્તમભાઈ પરમાર અને નણંદ સીમાબેન મિતેશભાઈ જોષી સામે ગુનો નોંધ્યો છે અને વધુ તપાસ હાથ ધરી છે.

# દ્વારકાધીશ જગતમંદિરે આજે વસંત પંચમી ઉત્સવની ઉજવણી



દ્વારકા : યાત્રાધામ દ્વારકા જગત મંદિરે ખાતે વસંત પંચમી ઉત્સવ ની ઉજવણી થશે. જેને અનુલક્ષીને શ્રીજીના દર્શનનો કાર્યક્રમ માં ફેરફાર નોંધયો છે. આજ તા. ૨૩/૧ શુક્રવારે મહા સુદ-૫(પાંચમ) ના દિવસે વસંત પંચમી ઉત્સવ અનુલક્ષી દ્વારકાધીશ જગત મંદિરમાં શ્રીજીની ઉત્સવ આરતી બોપરે ૧:૩૦ વાગ્યે થશે. બપોરે ૧:૩૦ થી ૨:૩૦ ઉત્સવ દર્શન થશે. ત્યારબાદ બપોરે ૨:૩૦ વાગ્યે અનોસર (મંદિર બંધ) થશે. સાંજનો શ્રીજીનો ક્રમ નિત્યક્રમ મુજબ રહેશે વહીવટદાર કચેરી દ્વારકાધીશ મંદિરની યાદીમાં જણાવ્યું.

# એરપોર્ટ કસ્ટમર સેટિસફેકશન સર્વેમાં દેશભરમાં જામનગરનો ૪થો નંબર

### દેશભરના કુલ ૬૩ એરપોર્ટમાં પાંચમાંથી ૪.૯૬ ગુણ મેળવ્યા, જ્યારે ગુજરાતમાં દ્વિતીય ક્રમે : મુસાફરોની સુવિધામાં મોટાભાગના ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરીય કામગીરી દર્શાવી






તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા સંચાલિત જામનગર એરપોર્ટએ કસ્ટમર સેટિસફેકશન ઈન્ડેક્સ (સીએસઆઈ) સર્વે રાઉન્ડ-૨, ૨૦૨૫માં ૫ માંથી ૪.૯૬ નો ઉત્તમ સ્કોર પ્રાપ્ત કરીને દેશભરના ૬૩ એરપોર્ટ્સમાં ૪થો ક્રમ મેળવ્યો છે. સાથે જ જામનગર એરપોર્ટને ગુજરાત રાજ્યના એરપોર્ટ્સમાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત થયો છે.

સર્વેના પરિણામો મુજબ, જામનગર એરપોર્ટએ મુસાફર સુવિધાઓના મોટાભાગના ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરની કામગીરી દર્શાવી છે. એરપોર્ટ સુધી અને એરપોર્ટથી આવન-જાવન સુવિધામાં (૪.૯૧ ), પાર્કિંગ સુવિધાઓ (૪.૯૧), બેગેજ ટ્રોલીની ઉપલબ્ધતા (૪.૯૩), ચેક-ઈન માટેનો રાહ જોવાનો સમય (૪.૯૪ ) તથા ચેક-ઈન સ્ટાફની કાર્યક્ષમતા (૪.૯૭) જેવા પરિમાણોમાં ઉત્તમ ગુણાંક પ્રાપ્ત થયા છે.

સ્વચ્છતા અને મુસાફર સુવિધાઓ જામનગર એરપોર્ટની મુખ્ય શક્તિ રહી છે, જેમાં ટર્મિનલની સ્વચ્છતા (૪.૯૬), શૌચાલયોની ઉપલબ્ધતા (૪.૯૯ ), શૌચાલયોની સ્વચ્છતા (૪.૯૧), ટર્મિનલની અંદર ચાલવાની સુવિધા (૪.૯૪) અને એરપોર્ટમાં માર્ગ શોધવાની સરળતા (૪.૯૭ )નો સમાવેશ થાય છે. ફ્લાઈટ માહિતી ડિસ્પ્લે સિસ્ટમને ૪.૯૯નો ઉત્તમ સ્કોર મળ્યો છે.

રેસ્ટોરન્ટ અને સુવિધાઓ માટે રેસ્ટોરન્ટ/ભોજન સુવિધા (૪.૯૭), શોપિંગ માટે મૂલ્ય-પ્રતિ-પૈસા (૪.૯૫), વાઈ-ફાઈ/ઈન્ટરનેટ સેવા (૪.૯૫) તથા એરપોર્ટનું વાતાવરણ (૪.૯૨) નોંધપાત્ર રહ્યા છે. સુરક્ષા અને સ્વચ્છતા બાબતે સુરક્ષા તથા હાઈજીન વ્યવસ્થાની અસરકારકતા (૪.૯૮) અને મુસાફરોનો વિશ્વાસ સ્તર (૪.૯૧) ઊંચો રહ્યો છે.

ખાસ કરીને, મુસાફરો દ્વારા અનુભવાયેલ તણાવનું સ્તર માત્ર ૧.૦૪ નોંધાયું છે. આ સિદ્ધિ જામનગર એરપોર્ટના સંચાલન અને કર્મચારીઓની સમર્પિત કામગીરીનું પ્રતિબિંબ છે અને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની મુસાફર કેન્દ્રિત સેવા પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે.